
કુમાર


આવતી કાલનાં નાગરિકોનું માસિક
વર્ષ ૬૩મું · ઑક્ટોબર ૧૯૯૦ · સળંગ અંક ૭૫૩



ભરતનાટ્યમ્ · કલાકાર : સ્વ. શ્યાવક્ષ ચાવડા

સંસ્થાપક
રવિશંકર મ. રાવળ
આદ્યતંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ
સંપાદક
બિહારીલાલ ટાંક



આઈરિસીઝ • કલાકાર : વિન્સેન્ટ વાન ગૉહ

માનસિક શાંતિ અને સ્વસ્થતા મેળવવા ઈ. ૧૮૮૯ના મે માસમાં વિન્સેન્ટ રેમી (ફ્રાંસ)ના એસાયલમમાં સ્વેચ્છાએ દાખલ થઈને રહેલો. એક વર્ષના એના ત્યાંના વસવાટના આરંભકાળમાં જ એણે ૭૧ × ૯૩ સેન્ટિમીટર કદના કૅનવાસ પર આ સુંદર ચિત્ર દોરેલું, જેની સ્પષ્ટ રેખાઓ અને તેજસ્વી રંગો એના અન્ય કેટલાંક ચિત્રોથી જુદાં તરી આવે છે. આ એની માનસિક સ્વસ્થતાનું સૂચક એક ઉદાહરણ છે. ઈ. ૧૯૩૭ સુધી તો આ ચિત્ર ફ્રાંસમાં જ એકથી બીજાની માલિકીમાં ફરતું રહેલું. એ પછી ન્યૂયૉર્કની ધી સેલિગ્માન ગૅલેરીએ પોતાના સંગ્રહ માટે ખરીદ્યું. ત્યારબાદ ૧૯૪૭ સુધીમાં બે વાર તેની માલિકી બદલાઈ હતી. પછી મિસિસ પેસને આ ચિત્ર ૮૦,૦૦૦ ડૉલરમાં ખરીદીને 'ધ જ્હૉન વ્હિટની પેસન ગૅલેરી ઑવ આર્ટ'' (પોર્ટલૅન્ડ–મેઇન) માં રાખેલું. ઈ. ૧૯૮૭માં મિસિસ પેસન પરિવારે આ ચિત્ર વેચવા કાઢ્યું અને ન્યૂયૉર્કમાં વિખ્યાત કલા–વિક્રેતા 'સોધબી' દ્વારા તે ઑસ્ટ્રેલિયાના એલન બૉન્ડને ૫૩.૯ મિલિયન ડૉલરની (રૂપિયા ૯૦ કરોડથી યે વધુ) કિંમતે વેચાયું. ચિત્રવિક્રયના સમગ્ર ઇતિહાસમાં આ એક વિક્રમ વેચાણ છે. આ જ અરસામાં વાન ગૉહનાં બીજાં બે ચિત્રો પણ ભારે મોટી કિંમતે વેચાયાં છે. (જુઓ આ અંકની 'કલાવાર્તા')

વિજ્ઞપ્તિ

- ગ્રાહકોએ પોતાનું લવાજમ 'કુમાર કાર્યાલય લિમિટેડ'ના નામે મનીઓર્ડર અથવા ડ્રાફ્ટથી મોકલવું. બહારગામની બેંક પરના ચેકથી મોકલાતા લવાજમમાં બેંક કમિશનના રૂા. ૧૦-૦૦ ઉમેરવા, અન્યથા બેંક કમિશનની રકમ કાપીને એટલા અંકો ઓછા મોકલાશે.
- ગ્રાહકે પોતાનું નામ-સરનામું પૂરું તથા સ્પષ્ટ છૂટા અક્ષરે લખવું. રબર સ્ટેમ્પ સ્પષ્ટ વાંચી શકાય તો જ વાપરવો.
- 'કુમાર' નું વાર્ષિક લવાજમ હાલમાં રૂા. ૬૦.૦૦, પરદેશમાં હવાઈ માર્ગે રૂા. ૨૫૦ તથા આજીવન રૂા. ૬૦૦.૦૦ છે.
- 'કુમાર' દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. ત્યાર પછી દસેક દિવસ સુધીમાં તે ન મળે તો પ્રથમ પોતાના વિભાગની પોસ્ટ-ઑફિસમાં તપાસ કર્યા બાદ જ કાર્યાલયને જાણ કરવી. અંક સિલકમાં હોય ત્યાં સુધી તો બીજી નકલ મોકલાય છે, પણ ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું અમારે માટે બંધનકર્તા નથી.
- લેખકોએ પોતાની કૃતિ કાગળની એક જ બાજુએ હાંસિયો રાખીને છૂટા અને સ્પષ્ટ સુવાચ્ય અક્ષરે લખી મોકલવી. અન્ય ભાષાના શબ્દોનો ઉપયોગ કર્યો હોય તો તે મૂળ ભાષામાં હાંસિયામાં કે કૌંસમાં દર્શાવવા.
- કૃતિની સાથે જવાબી ટપાલખર્ચ બીડવું નહિ. સ્વીકૃત રચનાનો નિર્ણય એકાદ માસમાં જણાવવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી.

તમામ પત્રવ્યવહારનું સરનામું
કુમાર કાર્યાલય લિમિ., ૧૪૫૪, રાયપુર, અમદાવાદ-૧

સાંકળિયું

ઑક્ટોબર ૧૯૯૦
સળંગ અંક ૭૫૩

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત. પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર, અમદાવાદ-૩૮૦૦૦૧. (ફોન. નં. ૩૪૩૭૪૫) મુદ્રક : દર્શન પ્રિન્ટર્સ અમદાવાદ વતી હરેશ પટેલ, કમ્પ્યુટર ટાઈપ સેટિંગ : પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કોમ. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૧. વાર્ષિક લવાજમ રૂા. ૬૦, પરદેશમાં રૂા. ૨૫૦. છૂટક નકલ રૂા. ૬-૦૦

વાચકો લખે છે...

ના કદીય થાક તોખારને!

આભાર અને અભિનંદન.

આભાર - અમારા જીવનમાં ઊભી થએલી ઊણપ દૂર કરવા માટે.

અભિનંદન - સફળ પુરુષાર્થ : 'કુમાર' હર મહિને અમારા હાથમાં આપવાના સાહસ માટે.

'કુમાર' નો નવો અંક હાથમાં આવતાં રોમાંચ થયો! મહિને એકવાર આવતું 'કુમાર' જીવનને સંસ્કાર સાથે જોડતું 'સાંકળિયું' બન્યું છે.

શરૂથી જ 'જાનેમાને' લેખકોનો સાથ મળ્યો. 'ખાલીપો' ભરી દે એવો મજાનો લેખ મળ્યો. લેખકે લખેલી બધી જ વાનગીઓ માણેલી યાદ છે. એમણે લખવી રહી ગયેલી 'થેક' પણ યાદ આવી સવારના 'પોર'માં પોટલું ખભે નાખીને નીકળતો ટહુકો 'થેક લ્યો થેક' યાદ આવી ગયો! જરા જીભ પણ ફેરવી લીધી, જાણે થેકનો એકાદ દાણો મોંમાં રહી ગયો હોય!

હરીન્દ્રનાથને યાદ કરતાં એમની ટૂંકી મુલાકાત વર્ષો પહેલાંની યાદ આવી ગઈ. જહાંગીર આર્ટ ગેલેરીમાં એમનાં પ્રકૃતિચિત્રોનું પ્રદર્શન હતું. મસ્ત લહેકાથી વાતો માણી હતી. એમનું ગીત 'સૂર્ય અસ્ત હો ગયા... લલા, લાલા લલાલા!' એવી જ મસ્તીથી એમણે ગાયું છે. ગીત સાંભળતા એમણે દોરેલાં સૂર્યાસ્તનાં ચિત્રો નજર સમક્ષ ઊપસી આવે! કેવું અજબ દૃશ્ય-શ્રાવ્ય! માણ્યું તેનું સ્મરણ કરવું એ ય અજબ લ્હાણું -રમેશ બી. શાહ (સૂરત)

●

'કુમાર' મળ્યું. અંતરમાં આનંદ નિખર્યો. ભૂતકાળની ભોગળ ખૂલી...ગુજરાતનો 'એન્સાઈક્લોપીડિઆ' તેણે સજર્યો છે.

'કથાસરિત્સાગર'ની કથા-ઈતિહાસ સ્પર્શી ગયાં, વિનોદની વાર્તા પણ...'દૃષ્ટિની કમાલે' નજરને અમાપ વિસ્તારી. 'આરોગ્યસૂત્ર' તો ચાલુ જ રહે એવી ભાવના કરું છું. કલાવિભાગ, ચરિત્ર, તવારીખ, સર્વ શ્રી ચં.ચી., કુમારપાળ, લાભશંકર, કનૈયાલાલ રામાનુજ સૌની કલમધારા 'કુમાર'માં ચાલુ રહે તેવી ભાવના કરું છું. હરીન્દ્રનાથ વિષે ડોક્યુમેન્ટરી જોયું છે. તેઓ સારા જાદુગર પણ હતા. બાળકો માટે તેમણે ખૂબ લખ્યું છે. બહુ ભણેલા નહિ, છતાં તેમની પ્રતિભા આજના યુવાધનને પ્રેરે તેવી મેઘધનુષી હતી. 'કુમાર'નું હૃદયપૂર્વક સ્વાગત છે.

-પુષ્કરભાઈ ગોકાણી (દ્વારકા)

●

'કુમાર' ફરી શરૂ થયું તે ગુજરાતની સંસ્કારિતા માટે રૂડો દિવસ ગણું. તમને અભિનંદન. બધા અભિજાત વર્ગની સહાય વડે તે પોતાનું જૂનું સ્થાન જાળવશે. આ અંક (ઑગસ્ટ) તેની સાક્ષી પૂરે છે. જાણે બચુભાઈ સંપાદિત અંક ના હોય! ખર્ચ ઘણું વધશે, મહેનત પણ પડશે પણ લેખકો અને સમસ્ત અભિજાત સમાજની મદદ મળી રહેશે. તમારા આ પ્રસ્થાનને પૂર્ણ સફળતા ઇચ્છું છું. -વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી (સૂરત)

●

'કુમાર'નો ઑગસ્ટનો અંક જોયો. મારા ઘડતરમાં 'કુમાર'નો ફાળો ઠીકઠીક છે. ૩૦-૪૦ વર્ષ અગાઉના કેટલાક અંકો હજી મારી પાસે છે... આ અંક જોઈ કેટલાંક સૂચનો કરવાનું મન થાય છે:

૧. હિન્દી તથા પ્રાદેશિક ભાષાની કળામય ફિલ્મોનો રિવ્યૂ પણ દરેક અંકમાં નહીં તો એકાંતરે આપી શકો.

૨. રમત-સમાચાર, વિક્રમો વગેરેની જાણકારી પણ યુવાનોને આકર્ષશે.

૩. ગિનેસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ અને એન્સાઈક્લોપિડીઆમાંથી દર અંકે અવનવી જાણકારી આપતા રહો.

૪. 'કુમાર'ની જૂની ફાઈલોમાંથી તત્કાલીન ન હોય તેવી માહિતી પુનઃ પ્રકાશિત કરશો તો નવું જ લાગશે. ૫૦-૬૦ વર્ષ પહેલાંની કળા-કારીગરીની વાતો કંઈ જૂની ન લાગે.

૫. આજીવન લવાજમ ડિપોઝિટ યોજના બનાવી શકાય. ૧૪ ટકા વ્યાજ અત્યારે મળે છે. અત્યારે ૬૦ રૂપિયા લવાજમ છે તે વધારીને ૭૫ રૂ. કરશો એમ માની રૂ. ૫૦૦ થી ૬૦૦-ની રકમ ઠરાવી શકાય. જેથી દર વર્ષે લવાજમ ભરવું ન પડે, અને બંને બાજુ -'કુમાર'ના વ્યવસ્થાપકો અને ગ્રાહક ઇચ્છે ત્યારે ત્રણ માસની નોટિસથી છૂટા થઈ શકે... લવાજમ વધારવું જ પડે તો ડિપોઝીટ વધારી શકાય તેવું આયોજન પહેલેથી રાખવું જોઈએ.

૬. ગ્રાહકો નોંધનારને વળતર આપવાનું પણ વિચારી શકાય. ૧૦ ગ્રાહક નોંધનારને એક વર્ષ મફત 'કુમાર' મોકલી શકાય. કેટલાય શિક્ષકો ઉત્સાહથી આ કામ કરી શકે.

૭. એક વખત પેટ્રન કે આજીવન ડિપોઝિટ યોજનામાં થઈને બે હજારની સંખ્યા થઈ ગઈ તે સાથે અંકે ૫-૬ પાનાંની જાહેરાતો મળવા માંડે તો 'કુમાર' નભી જશે. 'કુમાર' ટકી રહે તેવી શુભેચ્છા.

-જગદીશ શાહ (સં. 'ભૂમિપુત્ર' - વડોદરા)

●

'કુમાર'નું મુખપૃષ્ઠ જોતાં જ તેનું મૂળ સ્વરૂપ રજૂ થતું લાગ્યું. વાંચ્યા પછી પણ આંતરગર્ભ ઘણે ભાગે મૂળને અનુરૂપ હોય તેમ લાગ્યું ખરું!... આપણા જૂના ગુજરાતના કલાકારોનાં અને બંગાળી ચિત્રકારોના વૉશટેકનિકનાં ચિત્રો છપાય તો પણ સારું, નવા ઊગતા ચિત્રકારોની શૈલીનાં ચિત્રો પણ મળ્યાં કરશે, એથી આનંદ... ફોટોગ્રાફી, સ્ટેમ્પ્સ કે બીજી ઐતિહાસિક વિગતો વગેરે કાયમ નવા રંગરૂપે રજૂ થતાં રહેશે તો ઓર રંગ જામશે. સ્નેહ અને સંસ્કૃતિવિકાસની જ્યોત ચિરંજીવ પ્રેરણારૂપ બનો.

-તનસુખ ઓઝા (ભાવનગર)

●

'કુમાર' નવજીવન - નવસંસ્કરણ પામ્યું છે. 'કુમાર'ની કલાભાવના જળવાઈ રહે એ અભિલાષા. -દેવજીભાઈ વાજા (પોરબંદર)

●

'કુમાર'ના 'પુનશ્ચ હરિઃ ૐ' ટાણે ફિનિક્સ પંખીના પુનર્જન્મની પેલી ગ્રીક પૌરાણિક કથા યાદ આવે છે. 'કુમાર' ના પુનશ્ચ હરિઃ ૐ નો 'યોગ' થયો છે, તેનું 'ક્ષેમ' પણ થાય એવી મંગળ ભાવના અને મુબારકબાદી.

-ધનુભાઈ મહેતા (અમદાવાદ)

લાગે તે લખવું/સુરેશ દલાલ

(ગાન)

લાગે તે લખવું
લયમાં વિહરવું ને શબ્દોમાં ઠરવું.

છેકવું, ભૂંસવું લાગે તો
હેમખેમ રાખવું લાગે તો

લાગે તે લાગણી : રૂપ એનું નરવું
લયમાં વિહરવું ને શબ્દોમાં ઠરવું.

સોનામાં શોધવાનો સોનાના ઘાટને
પગલાંને શોધવાનાં નભ તો વિરાટ છે

આંખ-કાન ખુલ્લાં ને પૃથ્વી પર ફરવું
લયમાં વિહરવું ને શબ્દોમાં ઠરવું.

આકાશ/ભાનુપ્રસાદ ત્રિવેદી

(ગઝલ)

ટૂંટિયું વળી કેંદુનું નીંદર્યું'તું - (હાશ !) -
કોણે છેડ્યું ? - કોણ માંડી વિસ્તર્યું આકાશ ?

મલય-વાયુના ઓષ્ઠ આછા ફરકયા, ને
કૂંપળ-કપોલે એમ નિખર્યું આકાશ.

આંખની મટુકીમાંથી નીંદનું ગોરસ
છાનું ચોરી જાય અળવીતરું આકાશ !

ભિડાયેલા હોઠ જાણે વજજરના કોટ,
આષાઢી અધરે અંતે પીગળ્યું આકાશ.

ત્યાં તો ધસી આવી પાછી પાંપણ-વાદળી
રહી રહી શ્રાવણનું નીતર્યું આકાશ.

નવવધૂ રાત, એનું આસમાની પોત :
કોણે રૂપા-ટીપકીઓથી ભર્યું આકાશ?

ઉષા-સંધ્યા-અભ્રના સૌ શમી ગયા રંગ,
સૂના અંધકારે પછી ભીતર્યું આકાશ.

શબ્દનું જ રૂપ : સુણે, વદે ના કો' શબ્દ !
અનંત રહસ્યો રૂંધી વીંટળ્યું આકાશ....

બે અંજની/મનોજ ખંડેરિયા

(૧)

એકલતાના ક્રોસે ટાંગ્યા
ખીલા ધરબ્યા, લોહી છૂટ્યાં
વાત વીતી એ... વ્હાણાં વાયાં...
ને વીત્યાં વરસો...

પણ ચોમાસે લીલમલીલા
થઈ જાતા છાતીના ખીલા
લોહી બદલે ત્યાંથી દ્રવતા લાલચટક શબ્દો...

(૨)

નભને અડવા ઊછળ્યો તો છું,
પ્હોંચી જાવા પીગળ્યો તો છું;
એ વિશ્વાસે નીકળ્યો તો છું
કે 'હાશ' થશે ત્યાં;

કિંતુ અવળો અર્થ થશે તો
વિસ્મૃતિનો સંપર્ક થશે તો
વીંટી જળમાં ગર્ક થશે તો
રે હાસ થશે તો?

બને છે/હર્ષદ ચંદારાણા

(ગઝલ)

આ ફલક જ્યારે ય પણ પ્યાસુ બને છે,
પીંછી વરસે છે ને ચોમાસુ બને છે.

આ ક્ષણે જે કૈં બને, આ ક્ષણ બને છે,
તે પછીથી માત્ર તે આંસુ બને છે.

આંસુ જ્યારે આંખમાં કાયમ વસે છે,
દૃશ્ય એકેએક જો ત્રાંસુ બને છે.

દૃશ્યનો મતલબ દિશા ધુમ્મસભરી છે,
ઝાંખું-ઝાંખું ઝાંકવું ખાસ્સું બને છે.


આ ફલક પર જે નથી દોરી શકાયું,
ચિત્રનું એ આગવું પાસું બને છે.

હાઈકુ/હરિહર જોષી

રચાય નીડ
કૂજે દેવ ચકલી
ઘરને મોભ !

અસામાન્ય પ્રતિભા સાથે સામાન્ય એવા દક્ષિણ ભારતીય પરિવારમાં જન્મી અને પરદેશીઓ સાથે ઉછરીને આ સદીના એક મહાન ચિંતક તરીકે આગળ આવી વિશ્વના મનુષ્યમાત્રને નિર્હેતુક નિરીક્ષણ દ્વારા અહંમુકિતનો માર્ગ ચીંધી સનાતન સુખ માટે એક નવી જ આબોહવા ઊભી કરનાર વિશિષ્ટ અને વૈચારિક જ્યોતિર્ધર

જિદ્દુ કૃષ્ણમૂર્તિ



'કૃષ્ણમૂર્તિ જ્યારે મારા ખંડમાં પ્રવેશ્યા ત્યારે મેં મનોમન અનુભવ્યું કે સાક્ષાત પ્રેમનો અવતાર પધાર્યો છે.' - ખલિલ જિબ્રાન

'કૃષ્ણમૂર્તિને મળવાથી જે લ્હાવો મેં અનુભવ્યો તેથી અદકેરો લ્હાવો અન્ય કોઈ વ્યકિતને મળવાથી મને સાંપડ્યો નથી....આપણા યુગમાં વાસ્તવિકતાનો સ્વામી કહી શકાય એવો આ માણસ એકાકી છે. ઈસુ સિવાયના બીજા કોઈ પણ મનુષ્ય કરતાં એનો ત્યાગ મોટો છે.' - હેન્રી મિલર

'કૃષ્ણમૂર્તિને સાંભળવા એ અદ્દભુત અનુભવ હતો....બુધ્ધને સાંભળતો હોઉં એવું મને લાગ્યું.' - આલ્ડસ હક્સલી

'કૃષ્ણમૂર્તિ જેવો સૌથી સુંદર માનવી મેં કદી જોયો નથી.'
- બર્નાર્ડ શૉ

'ધર્મ અને અધ્યાત્મના નામથી ચાલતાં અનીતિ અને ભ્રષ્ટાચારને ખુલ્લા પાડનાર જે. કૃષ્ણમૂર્તિ નિર્ભય, વિશદ, અને બૌધ્ધિક સંતુલનના તેજસ્વી દીપક હતા. સંપૂર્ણ સ્વાધીનતારૂપે તેઓ માણસના દેહમાં સ્થાયી હતા. જીવનનાં બધાં ક્ષેત્રોમાં બિનશરતી સ્વતંત્રતાનો સૌનો જન્મસિધ્ધ અધિકાર છે એમ તેમણે કહ્યું હતું. એટલે તો તેમની આસપાસ કોઈ સંગઠનની કબર ઊભી થવા પામી નહિ.' - વિમલા ઠકાર

આવાં પ્રમાણપત્રોની જરૂર પડે એવા કૃષ્ણમૂર્તિ નહોતા. કિશોરાવસ્થાથી જ નામ કાઢનાર કૃષ્ણમૂર્તિને લોકો બુધ્ધ, ઈસુ અને સોક્રેટીસ તરીકે જોતા હતા. તેઓ દ્રષ્ટા, ઋષિ, ગુરુ, ફિલસૂફ, લેખક, કવિ, વક્તા, ચર્ચજ્ઞ અને શિક્ષણશાસ્ત્રી હતા. ૯૦ વર્ષની વય સુધી એકલા જ વિશ્વમાં ફરતા રહીને, જેઓ સત્યની ખોજમાં હતા તેમને તેમણે ભરપૂર જ્ઞાન આપ્યું હતું.

જિદ્દુ કૃષ્ણમૂર્તિનો જન્મ આંધ્રપ્રદેશમાં બેંગલોર અને મદ્રાસ વચ્ચે આવેલા નાનકડા ગામ મદનાપલ્લીમાં તેલુગુભાષી મધ્યમ વર્ગનાં બ્રાહ્મણ માતાપિતાને ત્યાં ૧૧મી મે, ૧૮૯૫ના રોજ થયો હતો. તેમના પિતા નારાયણપ્પા રેવન્યૂ ખાતામાં નોકરી કરતા હતા. માતા સંજીવમ્માને એવી અનુભૂતિ થઈ હતી કે આવનાર બાળક મહાન વિભૂતિ થશે. તેથી રૂઢિવાદ હિન્દુ રિવાજની વિરુધ્ધ તેમણે પ્રસૂતિ પૂજાના ખંડમાં કરાવવાનો આગ્રહ રાખ્યો હતો. અગિયાર બાળકોમાં કૃષ્ણમૂર્તિનો આઠમો ક્રમ હોવાથી અને કૃષ્ણભગવાન પણ આઠમું સંતાન હતા તેથી તેમનું નામ કૃષ્ણમૂર્તિ રાખવામાં આવેલું.

કૃષ્ણમૂર્તિના જન્મ બાદ જાણીતા જ્યોતિષીએ આગાહી કરી હતી કે તેઓ મહાન પુરુષ થશે. જો કે બાલ્યાવસ્થામાં તેઓ મહાન થાય તેવાં કોઈ જ એંધાણ દેખાયાં નહોતાં. તેઓ બે વર્ષના હતા ત્યારે તેઓને એટલી હદનો મેલેરિયા થયો હતો તથા નાકમાંથી લોહી વહ્યાં કરતું હતું કે જેથી તેઓની બચવાની કોઈ જ આશા નહોતી. અત્યંત નાદુરસ્ત તબિયતને કારણે તેઓ નિયમિત શાળાએ પણ જઈ શકતા નહોતા.

કૃષ્ણમૂર્તિની ૧૦ વર્ષની વયે એટલે કે ૧૯૦૫માં તેમનાં માતા ગુજરી ગયાં. કૃષ્ણમૂર્તિ ભણવામાં મંદબુધ્ધિના ગણાતા. શિક્ષકો તેમને મારતા. એક વખતે તેઓને વર્ગબહાર વરંડામાં ઊભા રહેવાની શિક્ષા કરેલી. શાળા પૂરી થઈ. સૌ બાળકો ઘરે ચાલ્યાં ગયાં, છતાં તેઓ ત્યાં જ ઊભા રહ્યા. જ્યારે એમને કહેવામાં આવ્યું કે હવે ઘરે જા, ત્યારે જ તેઓ ઘરે ગયા.

બચપણથી જ તેઓ અંતરમુખ, શૂન્યમનસ્ક, શરમાળ, કલ્પનાશીલ, તથા દિવાસ્વપ્નોમાં રાચનાર હતા. તેઓ અત્યંત બારીકાઈથી

કુદરતનું નિરીક્ષણ કરતા. બચપણમાં (તેમજ મોટી વયે પણ) તેમને યંત્રોમાં ખૂબ રસ પડતો. એક વખતે તેમના પિતાનું દીવાલ-ઘડિયાળ ખોલીને બધા ભાગ છૂટા પાડી દીધેલા અને ફરીથી ઘડિયાળ ચાલુ પણ કરેલી. તે દિવસે તેઓ શાળાએ ન ગયા, તેમ જ ઘડિયાળ તૈયાર ન થઈ ત્યાં સુધી જમ્યા પણ નહિ.

નાનપણથી જ તેઓ દયાળુ હતા. શાળામાં ગરીબ બાળકોને પોતાનાં પેન, પેન્સિલ, સ્લેટ, પુસ્તકો આપી દેતા. ઘરે ભિક્ષા માગવા આવનાર પ્રથમ ભિક્ષુકને માતાએ પીરસેલા બધા જ ચોખા આપી દેતા અને પછી આવનારને ચોખા આપવા માતા પાસે ફરીથી માગણી કરતા. પોતાના ભાગની મીઠાઈમાંથી થોડીક બચાવીને તેઓ નાના ભાઈઓને વહેંચી દેતા.

કૃષ્ણમૂર્તિના પિતા રેવન્યૂ ખાતામાંથી નિવૃત્ત થઈને મદ્રાસમાં થીઓસૉફિકલ સોસાયટીમાં ૧૯૦૯માં કારકુન તરીકે નોકરીમાં જોડાયા. કૅમ્પસમાં રહેવાની કોઈ જગા ન હોવાથી બહાર જર્જરિત ઝૂંપડામાં પિતા અને બાળકો રહેતાં હતાં. જિદ્દુ અને તેમનો નાનો ભાઈ નિત્યાનંદ છ માઈલ દૂર આવેલી શાળાએ દરરોજ ચાલીને ભણવા જતા હતા.


થીઓસૉફિકલ સોસાયટીમાં શ્રીમતી એની બેસન્ટ અને બિશપ લેડબિટર આગળ પડતો ભાગ ભજવતાં હતાં. થિઓસૉફિના મૂળ સિદ્ધાંતમાં એમ માનવામાં આવતું હતું કે પશ્ચિમના ઈસુ ખ્રિસ્ત અને પૂર્વના બોધિસત્ત્વની જેમ વિશ્વગુરુ ભગવાન મૈત્રેય અવારનવાર પૃથ્વી પર આવે છે અને તેઓ ટૂંક સમયમાં જ માનવ સ્વરૂપે આવનાર છે.

મદ્રાસના અડિયાર ખાતે ૧૯૦૯ની સાલમાં થીઓસૉફિકલ સોસાયટી પાછળના ભાગમાં નિત્યાનંદ સાથે નદીકાંઠે રખડતા ૧૩ વર્ષના દુબળા અને ચીંથરેહાલ કિશોરની આસપાસ એક તેજોમય કૂંડાળું દેખાયું અને આ કિશોર ભવિષ્યનો તારણહાર હોવાનું તેમણે જાહેર કર્યું. આથી ઘણાને આશ્ચર્ય થયું, કારણ કે આ બાળક દેખાવમાં દુર્બળ હોવા ઉપરાંત એટલો બધો મંદબુદ્ધિનો હતો કે તેને વર્ગબહાર કાઢી મૂકવામાં આવતો. તે બહાર ઊભો ઊભો રડતો કે પછી છોડવાઓ, વેલાઓ, વૃક્ષો, આકાશ, વાદળો, જીવજંતુઓ તરફ લાંબા સમય સુધી એકચિત્તે જોયા કરતો.

લેડબિટરે અમેરિકા ગયેલાં એની બેસન્ટને કૃષ્ણમૂર્તિ તથા નિત્યાનંદ વિષે લખ્યું અને તેમની રજાથી આ બાળકોની દેખભાળની જવાબદારી સ્વીકારી. તેમને વધુ અભ્યાસ-અર્થે ઈંગ્લેન્ડ મોકલી શકાય એ હેતુથી તેઓને શિક્ષણ આપવાનું શરૂ કર્યું. તેમને સારો ખોરાક આપવામાં આવતો. શારીરિક સ્વચ્છતા અને તંદુરસ્તીથી સભાન બનાવવામાં આવતાં, કસરતોની તાલીમ અપાતી, તથા સારી રીતભાત પણ શીખવાતી. કૃષ્ણમૂર્તિની ટૂંક સમયમાં જ શારીરિક અને માનસિક સિકલ બદલાઈ ગઈ!

૧૯૦૯માં એની બેસન્ટે બંને ભાઈઓને દત્તક લીધા. ડૉ. બેસન્ટ, લેડબિટર અને અન્ય તેઓને તાલીમ આપતાં. તેની પાછળનું પ્રયોજન તેઓને દીક્ષા આપવાનું હતું. હંમેશા મોં ખુલ્લું રાખતા કૃષ્ણમૂર્તિને તેમ ન કરવા વારંવાર કહેવામાં આવતું. લેડબિટરે એક વખતે ગુસ્સે થઈને





પાંચ વર્ષની વયે) કૃષ્ણમૂર્તિ (લંડનમાં ઇ. ૧૯૧૧મા



૪ જાન્યુઆરી ૧૯૮૬, વસંતવિહારમાં છેલ્લું વકતવ્ય

તે માટે લાફો મારી દીધો હતો. આથી હંમેશ માટે કૃષ્ણમૂર્તિની લેડ-બિટર તરફની લાગણી કુંઠિત થઈ ગઈ હતી.

એની બેસન્ટ જ્યારે બનારસ ગયાં ત્યારે બંને ભાઈઓને સાથે લઈ ગયાં. ત્યાં કૃષ્ણમૂર્તિએ ૧૫ વર્ષની વયે 'શ્રીગુરુચરણે' નામની જગવિખ્યાત પુસ્તિકા 'આલ્કીઓન'ના ઉપનામે લખી તેનો ૨૭ ભાષાઓમાં તરજુમો થયો છે અને અનેક આવૃત્તિઓ થઈ છે. કૃષ્ણમૂર્તિના પછીના વિચારોનાં બીજ આ નાનકડી પુસ્તિકામાં આજે પણ જોઈ શકાય છે. અલબત્ત, આ પુસ્તિકા કૃષ્ણમૂર્તિએ જ લખી હતી કે કેમ તે વિવાદાસ્પદ ગણાય છે અને કૃષ્ણમૂર્તિને તે વિષે કશુંય યાદ રહ્યું નહોતું.

દરમિયાનમાં સંસ્કાર બગડશે તેવા ભયથી પ્રેરાઈને કૃષ્ણમૂર્તિના પિતાએ પોતાનાં બાળકોને પરત કરવા આદેશ આપ્યો. એની બેસન્ટે ઈંગ્લૅન્ડની પ્રિવિ કાઉન્સીલમાં અપીલ કરી. તેનો ચુકાદો આવે તે પૂર્વે બાળકો પુખ્ત વયનાં થવાથી બાળકોની ઇચ્છા મુજબ કરવા ચુકાદો અપાયો. બાળકોએ એની બેસન્ટને પસંદ કરવાથી તેમના પિતા હાર્યા. તેમ છતાં બાળકો ઈંગ્લૅન્ડથી ભારત આવેલાં ત્યારે પિતાના મૃત્યુ પૂર્વે તેમને મળેલાં અને પિતા એટલા બધા ગળગળા થઈ ગયેલા કે એક શબ્દ ન બોલી શક્યા. તેઓનું ફેબ્રુઆરી ૧૯૨૪માં અવસાન થયું.

બાળકોને શિક્ષણ અને તાલીમ માટે ઈંગ્લૅન્ડ મોકલવામાં આવેલાં. નિત્યાનંદ પરીક્ષાઓમાં સારી રીતે સફળ થતાં, પણ કૃષ્ણમૂર્તિ નાપાસ થયા કરતા. મૅટ્રિકની પરીક્ષામાં તેઓ બે વાર નાપાસ થયા અને ત્રીજી વાર પેપર કોરાં મૂકીને પાછા આવ્યા. આથી કૃષ્ણમૂર્તિએ ભણવાનું છોડ્યું. તેઓ કૉલેજમાં કદી જઈ શક્યા નહિ. આમ છતાં તેઓને જગદ્‌ગુરુ બનાવવાની તાલીમ અપાતી.

કૃષ્ણમૂર્તિએ ૧૬મા વર્ષે પ્રથમ પ્રવચન આપ્યું હતું. વિશ્વગુરુના સ્વાગતમની તૈયારીરૂપે થીઓસૉફિકલ સોસાયટીએ 'ઑર્ડર ઑફ ધ સ્ટાર ઑફ ઈસ્ટ' નામનું મંડળ સ્થાપીને તેના વડા તરીકે કૃષ્ણમૂર્તિને બેસાડ્યા. હજારો વર્ષોમાં કોઈ જ વખતે પૃથ્વી પર આવો આત્મા આવે છે એમ જણાવીને બેસન્ટે કૃષ્ણમૂર્તિનાં ભરપૂર વખાણ કર્યાં. લોકોએ આ મંડળને ખૂબ મિલકત તથા પૈસા આપ્યા. તેના હજારો સભ્યો બન્યા.

સુક્કા ચહેરાવાળા પરંતુ સુંદર કાળી આંખોવાળા, ઊંચી રીતભાતવાળા અને શરમાળ યુવાન કૃષ્ણમૂર્તિ તરફ લોકોનું ધ્યાન આકર્ષાવા લાગ્યું હતું. અતિ પ્રશસ્તિ થવા છતાં કૃષ્ણમૂર્તિ પર તેની કોઈ જ અસર થતી નહિ. તેઓ બેસન્ટને માતાતુલ્ય ગણીને ખૂબ આદર આપતા. આમ છતાં વૈચારિક રીતે તેઓ બળવાખોર હતા. ધાર્મિક પદ્ધતિઓ અને વ્યકિતપૂજા સામે તેઓને નફરત હતી. અલબત્ત, આરંભમાં આ વ્યકત થતી નહોતી.

૧૯૧૨ થી ૧૯૨૧ સુધી કૃષ્ણમૂર્તિ ઈંગ્લૅન્ડમાં રહ્યા અને ત્યાં બંને ભાઈઓએ કેળવણી લીધી. ત્યાં તે એમિલા લ્યુટિઅન્સની સંભાળ નીચે રહ્યા. તેમને કૃષ્ણમૂર્તિ પોતાની મા તરીકે ચાહતા.

૧૯૨૨ના ઑગસ્ટમાં હોલિવુડ પાસે ઓહાઈમાં એમની સમગ્ર જીવનદૃષ્ટિ બદલાતાં એમને અધ્યાત્મનો અનુભવ થયો. ૧૯૨૪માં તેઓને બીજી અનુભૂતિ થઈ. ૧૯૨૫માં તેમના ખૂબ જ પ્રિય ભાઈ નિત્યાનંદનું ક્ષયરોગને લીધે મૃત્યુ થયું. કૃષ્ણમૂર્તિ ખૂબ ઊંડા શોકમાં ગરકાવ થઈ ગયા. માનવવિષાદ અને માનવયાતનાના ઝરા પરથી કૃષ્ણમૂર્તિએ જળ પીધું અને એ ક્ષણથી જ તેમની જીવનદૃષ્ટિ બદલાઈ ગઈ. તેમના શબ્દો 'જ્યારે મારો ભાઈ અવસાન પામ્યો ત્યારે હું મહાન અનુભવમાંથી પસાર થયો.' -માં અલૌકિક અનુભવની પ્રતીતિ થાય છે.

કૃષ્ણમૂર્તિને હવે પુનર્જીવિત ઈસુ તરીકે ઓળખવામાં આવતા અને જગતગુરુ તરીકે જાહેર કરવાના હતા. પણ ત્રીજી ઑગસ્ટ ૧૯૨૯ના રોજ ડૉ. બેસન્ટની હાજરીમાં કૃષ્ણમૂર્તિએ કશા જ સંકોચ વિના 'પૂર્વના તારક સંઘ'નું વિસર્જન કર્યું. હોલૅન્ડનો એરડે કિલ્લો તથા અન્ય માલમિલકત તેના મૂળ માલિકને પરત કર્યાં. 'ધ હેરલ્ડ ઑફ એરડે ધ સ્ટાર' માસિક બંધ કર્યું. થીઓસૉફિકલ સોસાયટીમાંથી પણ રાજીનામું આપ્યું. સંસ્થા, ગુરુ વિચારસરણી કે સંપ્રદાયને સત્યનાં દુશ્મન ગણાવ્યાં. તેમણે કહ્યું કે તમે જ્યારે કોઈને અનુસરો છો ત્યારે તમે સત્યને અનુસરવાનું છોડી દો છો. હું તમામ પાંજરાંઓમાંથી, તમામ ભયોમાંથી મુકત થવા ઇચ્છું છું અને નવા ધર્મો સ્થાપવા ઇચ્છતો નથી. મારી એકમાત્ર ચિંતા મનુષ્યને સંપૂર્ણ તથા બિનશરતી રીતે મુકત બનાવવાની છે.

કૃષ્ણમૂર્તિ સહુથી વિખૂટા પડીને એકલા શું કરશે, તેઓનો નિર્વાહ કેવી રીતે થશે, વગેરે ચિંતા એની બેસન્ટને થતી હતી. બધાનો ત્યાગ કરવા છતાં કૃષ્ણમૂર્તિની બેસન્ટ તરફની લાગણીમાં સહેજ પણ ઓટ આવી નહોતી. બેસન્ટના મૃત્યુ સુધી બંને વચ્ચે માતા-પુત્ર સમા સંબંધો જળવાયા હતા.

કૃષ્ણમૂર્તિના દિલમાં માનવજાતને જાગૃત્ત કરવાની જબરજસ્ત તાલાવેલી હતી, જે મૃત્યુ સુધી જળવાઈ રહી હતી. વખત જતાં ઈંગ્લેન્ડમાં, ભારતમાં અને અમેરિકામાં કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશનો સ્થપાયાં. આ સંસ્થાઓ પોતાના વિચારોનું અર્થઘટન કરનાર નહિ પણ પુસ્તકો પ્રકટ કરનાર, ઓડિયો અને વિડિયો કસેટો આપનાર તથા શાળાઓ ચલાવનારી માત્ર વહીવટી પ્રકારની રહે તેવી કૃષ્ણમૂર્તિની દષ્ટિ હતી. એમનો વિશેષ રસ બાળકોના શિક્ષણમાં હતો. જે સમાજમાં બાળકો ઊછરે છે તેવા સમાજના પૂર્વગ્રહોથી બાળકો મોટી ઉંમરે જડ થઈ જાય તે પૂર્વે તેઓને યોગ્ય શિક્ષણ આપવું જોઈએ તેવું તેઓ માનતા. આથી ભારતમાં ૫, ઈંગ્લેન્ડમાં ૧ અને કેલિફૉર્નિયામાં ૧ એમ સાત શાળાઓ તેમણે સ્થાપી હતી. આ શાળાઓમાં તેઓ વખતોવખત જતા અને વિદ્યાર્થીઓ, વાલીઓ તથા શિક્ષકો સાથે સંવાદો કરતા. છેક મૃત્યુ સુધી તેઓએ શાળાઓમાં ઊંડો રસ લીધો હતો. પોતાના મૃત્યુ પછી પણ શાળાઓ બાળકોનો સમગ્રલક્ષી વિકાસ કરે તેવી રીતે ચાલે તે માટે યોગ્ય વ્યકિતઓને તેના વહીવટમાં મૂકવાના તેમના પ્રયત્નો રહ્યા હતા.

કૃષ્ણમૂર્તિ યુવા વયે પ્રેમમાં પડ્યા હતા. હેલન કનોથે નામની અમેરિકન છોકરી તરફ તેઓને ભારે આકર્ષણ થયું હતું. હેલનને પણ કૃષ્ણમૂર્તિ ગમ્યા હતા. કૃષ્ણમૂર્તિ હેલનને પ્રેમપત્રો લખતા. અગાઉ તેઓ લગ્નને આફત ગણતા, પણ પછીથી લગ્નને સ્વાભાવિક ગણવા લાગ્યા. આમ છતાં તેઓ અપરણિત રહ્યા. તેમણે એમ કહ્યું હતું કે અપૂર્ણ માનવી લગ્નસુખ અને સોબત શોધે છે. શ્રીમતી પુપુલ જયકરનાં બેન નંદિની પરિણીત હતાં અને તેઓને બાળકો પણ હતાં. કૃષ્ણમૂર્તિના સંપર્કમાં આવ્યાં પછી તેમણે તેમના પતિથી છૂટાછેડા લીધેલા ત્યારે એવી અફવા ચાલેલી કે કૃષ્ણમૂર્તિ અને નંદિની વચ્ચે પ્રેમસંબંધ છે. વાસ્તવમાં એ માન્યતા નિરાધાર ઠરેલી.

કૃષ્ણમૂર્તિના હાથમાં કોઈ ચમત્કારિક શકિત હતી, જેના સ્પર્શ વડે તેઓએ કેટલાંકના શારીરિક રોગો દૂર કર્યા હતા. નિત્યાનંદની આંખોની નબળાઈ એમણે દૂર કરી હતી. વિદુષી વિમલા ઠકારના કાનનો રોગ તથા રોહિત મહેતાના હાથનો લકવો કૃષ્ણમૂર્તિએ નિવાર્યો હતો. તેમણે પોતાને ચશ્માની જરૂર ન પડે તેવો ઉપચાર કર્યો હતો. આમ છતાં તેઓ ચમત્કાર કરવામાં માનતા નહિ. ચમત્કારને અધ્યાત્મ સાથે કોઈ નિસબત નથી તેમ કહેતા. શરીરના રોગ મટાડનાર ઘણા ડૉકટરો છે, મારી નિસબત તો મનના રોગ સાથે છે એમ તેઓ કહેતા. આથી ઘણાં લોકો સાજા થવા એમની પાસે આવતાં ત્યારે તેમ કરવા તેઓ સાફ ના પાડતા. ફ્રાંસની એક બાઈએ એમને પક્ષપાતી કહ્યા હતા. એક વખતે શ્રીલંકામાં એક બાઈએ પોતાનો કાન સાજો કરી આપવા કૃષ્ણમૂર્તિને વિનંતી કરી, પણ તેમ કરવા એમણે ના પાડી, આથી તે બાઈ રડવા લાગી અને બળજબરીથી કૃષ્ણમૂર્તિના હાથનો સ્પર્શ પોતાના કાને કરાવ્યો. ત્યારબાદ કાને સારું થવાથી તે આભાર માનવા પણ આવેલી.

હૉલિવુડ ફિલ્મ કંપનીએ બુદ્ધનો પાઠ ભજવવા માટે કૃષ્ણમૂર્તિને અઠવાડિયે પાચં હજાર ડૉલર જેવી રકમ આપવાની દરખાસ્ત મૂકી હતી, પણ એનો એમણે સાફ ઈન્કાર કર્યો.

વિવિધ દેશોમાં જુદાં જુદાં ક્ષેત્રોની ખૂબ જાણીતી વ્યકિતઓ કૃષ્ણમૂર્તિની મિત્રો હતી. તેમાં રાણીઓથી માંડીને બૌદ્ધ સાધુઓ પણ હતા. બર્નાર્ડ શૉ, લિઓપોલ્ડ સ્ટોકોવસ્કી અને શિલ્પી એન્ટનિ, બોરડેલે તેમના આરંભના ચાહકો હતા. પછીથી આલ્ડસ હક્સલી, જવાહરલાલ નહેરુ, તથા પાબ્લો કેસલ્સ તેઓના મિત્રો થયા હતા. છેવટના તબક્કામાં શ્રીમતી ઈંદિરા ગાંધી, નોબેલ્ પારિતોષિક વિજેતા પ્રો. મોરિસ વિલ્કીન્સ, ભૌતિકશાસ્ત્રી ડૉ. ડેવિડ બોહમ, જીવવિજ્ઞાનશાસ્ત્રી રૂપર્ટ શેલ્ડ્રેકે અને નાટ્યકાર ટેરેન્સ સ્ટેમ્પ, ડૉ. જોન્સ સાલ્ક, તથા દલાઈ લામા મિત્રો-ચાહકો હતા. કૃષ્ણમૂર્તિએ વિજ્ઞાન અને ધર્મ વચ્ચે સેતુ બાંધવાની કામગીરી બજાવી હતી.

કૃષ્ણમૂર્તિને પ્રવચનો વખતે સાંભળનારાઓની સંખ્યા એક હજારથી પાંચ હજાર વચ્ચેની રહેતી. મોટે ભાગે યુવાનો તેઓને સાંભળતા. તેઓ સારા વક્તા નહોતા. સાંભળનારાઓ ખુશ થાય તેવું નહિ પણ જીવન અને વિશ્વની ભયાનકતાથી જાગૃત થવાય તેવું કહેતા. સંવેદનશીલો તેઓને વાંચતાં-સાંભળતાં હચમચી ઊઠતા. તેમની વાણીથી કેટલાયના જીવનમાં આમૂલ પરિવર્તન આવ્યું હતું. તેઓ પ્રવચનની કદી પૂર્વ-તૈયારી કરતા નહિ. કોઈ નોંધો સાથે રાખતા નહિ. કોઈનાં અવતરણો આપતા નહિ કે વાર્તાઓ કે મજાકો કરતા નહિ. બંધિયાર હૉલને બદલે વૃક્ષો નીચે પ્રવચનો આપવાનું તેઓ પસંદ કરતા. ભારતમાં તેઓ સ્ટેજ પર મૂકેલા ટેબલ પર, પાછળ કોઈ જ ટેકા વગર, પલાંઠીવાળીને બેસતા ; જ્યારે વિદેશમાં લાકડાની ખુરશીમાં બેસીને પ્રવચન આપતા. તેમનો પરિચય આપવામાં આવતો નહિ. પ્રવચનના આરંભે થોડીક પળ શાંતિથી બેસી રહેતા, એક ખૂણેથી બીજા ખૂણા સુધી સૌને નિહાળતા અને પછી પ્રવચન આરંભતા. સમયસર શરૂ કરેલું પ્રવચન તેઓ નિયત સમયે પૂરું કરતા.

કૃષ્ણમૂર્તિ મદ્રાસી હોવા છતાં ખૂબ જ સુંદર હતા. વૃદ્ધાવસ્થામાં પણ એ સૌંદર્ય જળવાઈ રહ્યું હતું. અન્ય વ્યકિતઓને ખૂબ જ આકર્ષે તેવું તેમનું વ્યકિતત્વ હતું. વ્યકિતગત વાતચીતમાં ખૂબ માયાળુ જણાતા કૃષ્ણમૂર્તિ જાહેર પ્રવચનોમાં ખૂબ જ સખત અનુભવાતા. જ્યારે તેઓ ગંભીરતાથી વાતો ન કરતા ત્યારે તેઓ ખૂબ હસતા અને મજાક પણ ઉડાવતા. અલબત્ત, તેઓની મજાક પણ અર્થપૂર્ણ રહેતી. તેઓ નિયમિત રીતે સાંજના ફરવા જતા તે વખતે કોઈની સાથે વાતો ન કરતા અને એટલી ઝડપે ચાલતા કે જેથી અન્યને તેમની સાથે દોડવું પડે. એક વખતે તેમની સાથે ચાલનાર એક વ્યકિત રસ્તામાં પાંદડાં તોડતી, ફૂલો તોડતી, અને પછી તેના ચૂરેચૂરો કરીને નાંખી દેતી, ત્યારે તેમણે ટકોર કરેલી કે 'સાહેબ, તમોને ખબર છે કે તમે અત્યારે આ રીતે તમારા ગુસ્સા અને નિરાશાને વ્યકત કરી રહ્યા છો?' રસ્તે ચાલતાં બાળકોને તેઓ વચ્ચે પડેલા પથ્થરો ઊંચકીને ફેંકી દેવાનું કહેતા. ચાલતાં ચાલતાં

લઘુકથા

બા-વચી

ભગીરથ બ્રહ્મભટ્ટ

વૈશાલી વહુ થઈને આવી ત્યારથી સાસુ સાથે બને નહિ. સાસુના મૃત્યુ પછી પહેલી જ વાર ગામડે ગઈ. સાસુ એકલાં રહેતાં. ઘરમાંની નાની મોટી ચીજો ઠીકઠાક કરતાં વૈશાલીના હાથમાં એક તરડાયેલું માટલું આવ્યું. માટલામાંથી ચીંથરે બાંધેલી એક ડબ્બી મળી. ડબ્બીમાંથી કાળાકાળા દાણા નીકળ્યા... કંઈ સમજાયું નહિ, એ વિચારવા લાગી. બાજુમાં રહેતાં મંગુમા પાસે ગઈ. પૂછ્યું : 'બા, આ શું?' મંગુમાએ કહ્યું : 'વહુ! આ તો તારો ધણી નોંનો હતો ને ત્યારે ઈને મૈડો થઈ ગયેલો. ત્યારે તારી હાહુ અને મું સાથે હાતહાત વગડા વેંધીને ભેગી કરેલી આ તો બાવચી છે. મહેશને દૈ સાથે ચટાડેલી ને મૈડો મટાડેલો.'

ખાંખાંખોળાં કરી, થોડુંક મેળવી, થોડુંક ઠીકઠાક કરી વૈશાલી પુન: શહેરમાં ગઈ. પેલી ડબ્બી ઉપર 'બાવચી' નામનું લેબલ લગાવી શો-કેસમાં મૂકી દીધી.

ઑફિસેથી ઘરે આવેલા મહેશને તેમાંના દાણા હથેળીમાં લઈ બતાવતાં પૂછવા લાગી : 'આ શું હશે?'

મહેશ જીભ બહાર કાઢી એની હથેલીમાંના દાણા ચાટવા લાગ્યો. પછી એની આંખોમાં અતીત ઊછળ્યો. પેલી ડબ્બી પર લખેલા બાવચી શબ્દને તે ચીંધી રહ્યો. તરત જ તેણે ગજવામાંથી પેન કાઢી અને પાછળના 'વચી' વર્ણો પર છેકો માર્યો ને પુન: ડબ્બી શો-કેસમાં ગોઠવી દીધી. □

તેઓ ક્યારેક અટકી પણ જતા અને કુદરતી સૌંદર્યને નિહાળતા અને સમય તેમજ રસ્તો પણ ભૂલી જતા.

કૃષ્ણમૂર્તિને પોતાના નામની જરાયે આસક્તિ નહોતી. પ્રવચનમાં તેઓ કદી 'હું' , 'મારું', વગેરે શબ્દોનો ઉપયોગ કરતા નહિ. પણ 'પ્રવચનકાર', 'K', 'કોઈ' વગેરે શબ્દો વાપરતા. અહં વગરની વ્યકિતનો તેઓમાં આવિર્ભાવ થતો. જરૂર હોય ત્યારે જ તેમના મનમાં વિચારો આવતા. મોટે ભાગે તેઓનું મન ખાલી જ રહેતું. નાની વયથી મૃત્યુ સુધી તેઓ તેવી સ્થિતિમાં હતા તેનું રહસ્ય તેમણે કદી સમજાવ્યું નહોતું. પોતાના શરીરનો ઉપયોગ કોઈ પરમ તત્ત્વ કરી રહ્યું છે એમ તેઓ મનતા તેથી શરીરની ખૂબ જ દરકાર લેતા. શરીરના સ્વાસ્થ્યને કેન્દ્રમાં રાખીને ખોરાક લેતા, વ્યાયામ કરતા તથા આરામ કરતા.

આવા પરમ જીવનસાધક કૃષ્ણમૂર્તિનું ગદ્ય અદ્‌ભુત ગણાય છે. કુદરતનું વર્ણન તેઓએ ચિત્રાત્મક શૈલીએ કર્યું છે. તેમના શબ્દોના અર્થ સહેજે સમજાય એવા હોતા નથી. તેઓ કહેતા કે હું તમોને અઘરો લાગું છું કેમ કે તમારા મગજમાં તમે જે ભરેલું છે તે તમને અવરોધરૂપ થાય છે. વ્યર્થના સમજવાથી સ્વયં તે ખાલી થાય તો સત્યનો સાક્ષાત્કાર થાય, તેઓએ કાવ્યો પણ લખેલાં છે જે 'Poems and Parables' નામે સંગ્રહરૂપે પ્રકટ થયેલાં છે. કૃષ્ણમૂર્તિ આશરે ૭૧૨ પુસ્તકોના રચયિતા હતા. પુસ્તકોનાં 'ટાઈટલ્સ' એઓ પોતે પસંદ કરતા. એમનાં મોટા ભાગનાં પુસ્તકો એમનાં પ્રવચનોના આધારે તૈયાર થયેલાં છે. એમનું સૌથી પહેલું પુસ્તક 'Education and Significance of Life' હતું; જો કે એમના 'The Freedom First and last' એ બીજા પુસ્તકે એમને જગવિખ્યાત બનાવ્યા હતા. એમના 'Commentaries on Living'ના ત્રણ ભાગ ખૂબ જ લોકપ્રિય બન્યા હતા. બૌદ્ધિકોમાં તેમનું પુસ્તક 'The Ending of Time' પ્રશિષ્ટ ગ્રંથ ગણાય છે. પુસ્તકો અને કસેટો દ્વારા કૃષ્ણમૂર્તિ સદાય જીવંત છે.

કૃષ્ણમૂર્તિને મૃત્યુ સમયે પૂછવામાં આવ્યું કે કેવી રીતે અમે આપને મદદ કરી શકીએ? આંખો બંધ કરીને અવધાનપૂર્વક તેમણે સાંભળ્યું. આંખો ઊઘાડી, સ્મિત કર્યું અને ખૂબ ગંભીરતાપૂર્વક કહ્યું, 'કોઈનેય (મારા) શિક્ષણ (Teachings)ને વિકૃત કરવા દેશો નહિ.'

૧૭ ફેબ્રુઆરી ૧૯૮૬ના રોજ અમેરિકામાં એઓ મૂત્રાશયના કેન્સરને લીધે મૃત્યુ પામ્યા. મૃત્યુ પૂર્વે બીમાર હતા, છતાં નિયત સ્થળે, સમયે પ્રવચનો ચાલુ રાખ્યાં હતાં. છેક સુધી નિયમિત ફરવા પણ જતા. આખરે શરીર અત્યંત કમજોર થઈ ગયું, તાવ સતત ચાલુ રહેવા લાગ્યો, ત્યારે કેલિફોર્નિયા પાછા ગયા અને એકાદ મહિનામાં જ ત્યાં મૃત્યુ પામ્યા. તે પૂર્વે તેમણે કહ્યું હતું કે 'મારી પાછળ કોઈ જ સ્મારક કરશો નહિ, કોઈ વિધિ કે પ્રાર્થના ન કરશો.'

મૃત્યુ વિષે તેઓ કહેતા કે 'તમે ગમે તેટલું કરો, પણ મૃત્યુને નિવારી શકવાના નથી, કેમ કે મૃત્યુ અનિવાર્ય છે...જ્યારે મૃત્યુ આવશે ત્યારે તમે બધું જ છોડીને ચાલ્યા જશો. જો આખરે બધું છોડવાનું જ હોય તો એને પહેલેથી જ કેમ ન છોડવું જોઈએ? મૃત્યુ પોતે ભયજનક નથી, પણ જે જાણીતું છે અને ગમી જાય તેવું છે તેને ગુમાવવાનો ભય હોય છે...જ્યાં આસક્તિ હોય ત્યાં ભય હોય જ...જ્યારે મન જે જ્ઞાત છે તેનાથી મૃત્યુ પામે છે ત્યારે મૃત્યુના ઘરમાં પ્રવેશ થઈ શકે છે. આપણો ખરો પ્રશ્ન મૃત્યુનો નથી, પણ સદીઓથી આપણા મને જે એકઠું કર્યું છે તેમાંથી મુક્ત થવા અંગેનો છે.'

ભારતના એક ખૂણાના ગામડામાં મામૂલી પરિવારમાં જન્મી જેમની ચેતનાએ આટલો વિકાસ સિદ્ધ કરી, વિશ્વમાં મહામાનવપદ પ્રાપ્ત કર્યું, સામાન્યમાંથી અસામાન્ય સ્તરે પહોંચી મનની ચરમ શકિતનો વિશ્વને પરચો આપ્યો, માનવના વ્યકિતત્વની પરમ મુકિતનો જેમણે આ સદીમાં મંત્રનાદ ગજવ્યો તેમની અલૌકિક વ્યકિતતાને વંદતા સહુ કોઈ ધન્યતા અનુભવશે. □

લવાજમના મનીઑર્ડરની સ્લિપમાં કૃપા કરી આપનું નામ-સરનામું સ્પષ્ટ સુવાચ્ય અક્ષરે લખો. અન્યથા આપને અંક મળવામાં વિલંબ થશે અથવા કદાચ ન પણ મળે એવું બની શકે.

મરણખત

હરિકૃષ્ણ પાઠક

આખું એરોડ્રામ ખાસ કશી ચહલપહલ વિનાનું છે. રન-વે ઉપર ક્યાંક બેત્રણ પંખી ઊતરી આવ્યાં છે. પાછળના ભાગે હેલિપેડ ઉપર બે લશ્કરી હેલિકૉપ્ટર પડ્યાં છે. મિલિટરી ગણવેશ પહેરીને લશ્કરી જવાનો આમતેમ ફરી રહ્યા છે. આકાશમાં વાદળ ઘેરાયેલાં છે.

થોડીવાર પહેલાં ઊપડેલું નાનું રમકડા જેવું સફેદ-બ્લૂ રંગનું સિવિલ હેલિકૉપ્ટર અચાનક પાછું ફરતું દેખાય છે. કંટ્રોલ-ટાવર તરફથી સડસડાટ આવી પહોંચેલી જીપમાંથી ઊતરીને બે જણા અંદરોઅંદર વાત કરતા આવી પહોંચે છે. વાતનો સાર કંઈક એવો છે કે હવામાન સારું નથી. ગાઢ કાળાં વાદળાં ખૂબ નીચાં છે અને જ્યાં પહોંચવાનું છે ત્યાં વરસાદ ચાલુ છે.

બધું અન્યમનસ્કભાવે, શૂન્ય નજરે જોયા કરું છું. પેલા લશ્કરી હેલિકૉપ્ટરના પાંચપાંચ પાંખ જેવા પંખા છેડેથી સહેજ નમેલા ઝૂલતા હોય એવા આછુંઆછું હલતા લાગે છે...

પાંચેપાંચ પંખાની પાંખો આછી ઝાંખી થતીથતી જાણે કે પારદર્શક જાળીવાળી બની જાય છે. આછી જાળીની અબરખ જેવી પાંખો ફરફરાટ ફરકવા માંડી છે. સંખ્યા ગણવાનું અશક્યવત્; ને ગામડા-ગામનું પાદર ઊઘડી આવે છે: એક ચબૂતરો, બેત્રણ ઝાડને છોકરાંઓની ટીંગરનો કલશોર એઈઈઈ...હેઈઈઈ...હેલિકૉપ્ટર, હેલિકૉપ્ટર, હેલિકૉપ્ટર...ને ધરતીથી થોડેક ઊંચે ઊંચે ઊડતું ફરફરાટ કરતું વાણિયાનું ટોળું. ટીંગરમાંથી એક છોકરો ચબૂતરાની સીડી અરધી-પરધી ચડી જાય છે ને એકસાથે બે વાણિયાને રૂમાલમાં ઝડપી લે છે. પછી એક નવું ઑપરેશન શરૂ થાય છે. હળવે હાથે કુમાશથી એકેય પાંખ ખરી ન પડે એની કાળજી સાથે વાણિયાની પૂંછડી જેવા ભાગે સૂતરનો દોરો બંધાય છે, ને તેના બીજે છેડે નાનો એવો પાણકો, પછી વાણિયો છુટ્ટો. બહુ ઊંચે ઊડી ન શકે. જવા કરે ને જઈ ન શકે. એક ને એક જગ્યાએ સ્થિર ઊડ્યા કરે. ઘડીક થોડું ઊંચે, ઘડીક નીચે ને ટીંગરની કિલકારી...એઈઈઈ હેઈઈઈ હેલિકૉપ્ટર, હેલિકૉપ્ટર...

કલશોર ડૂબતો જાય છે. કંટ્રોલ-ટાવરમાં દૂરથી દેખાતા હરતા-ફરતા ઓળા જેવા માણસોની ઝડપી હલચલ. બેમાંની એક હેલિકૉપ્ટરમાંથી બે જણા ઊતરે, એકાદ ચડે ને એક જવાન ઈશારાથી નજીક બોલાવીને કહે છે : ચલિયે સા'બ, અબ ચલેંગે. વક્ત હો ગયા.

લેકિન યે વેધર અચ્છા નહીં. કોઈ બાત નહીં. We will penetrate somehow. કૉકપિટમાં ચડતાં પહેલાં કેપ્ટન કોઠારે એક મોટો નકશો ખોલે છે:

Yes. We are here, and this is the place to go. Yes, Howmany Kilometers from here? 270? O.K., we will penetrate somehow. Let's go...'

લટકાવેલી સીડીનાં ઊંચાં ઊંચાં ત્રણ પગથિયાં ચડીને દાખલ થાઉં છું ને બારી પાસે બેઠક લઉં છું. ગોળ બારીનો કાચ ધૂળિયો, ઝાંખો, હમણાં તો ઉલટાવીને ઉપર કરી દીધેલો છે. બારી ખુલ્લી છે, નહીંનહીં તો ય ધરતીથી દશેક ફૂટની ઊંચાઈ તો ખરી.

સફેદ યુનિફૉર્મમાં બે અફસર આવી ગયા છે. અંદર આવીને થોડી પૂછપરછ કરે છે. પછી જાતે કૉકપિટમાં જઈ બધું ચેક કરીને પાછા ફરે છે. એવીએશનના ગ્રાઉન્ડ એન્જિનીઅર્સ છે.

બ્રિગેડિઅર રાજન અંદર આવી પોતાની બેઠક લે છે. તેમના ઈશારે ખાખી ગણવેશધારી ક્રૂના જવાન સીડી ઉપર ખેંચી લઈને બારણું બંધ કરે છે. આછી ધણધણાટી સાથે પંખા ફરવા માંડે છે. અવાજ વધતો જાય છે, વધતો જાય છે, વધતો જ જાય છે...

સાંભળ્યા કરું છું, કશી યે ઉત્તેજના વિના, ચૂપચાપ, અવિચલિત.

બ્રિગેડિઅર રાજન ઇઅરફોન ચડાવે છે ને વાયરનાં ગૂંચળાં ઉકેલીને પ્લગપિન જોડે છે. કૉકપિટ પાસેના પ્લગમાં છેડા લગાવે છે ને બેત્રણ પિન બદલે છે. એક એટેન્ડન્ટ પૂછે છે, 'Any difficulty, Sir?'

'No,' ઠંડો, સ્પષ્ટ, રુક્ષ, કડક જવાબ મળે છે.

થોડીક હાલકડોલક સાથે હેલિકૉપ્ટર ઊંચકાય છે ઊંચે, ઊંચે વધુ ને વધુ ઊંચે. અનિમેષ નજરે બહારની દુનિયા જોઉં છું. કશુંક અચાનક યાદ આવી ગયું હોય એમ બ્રિગેડિઅર રાજન ક્રૂના એક સાથી તરફ જુએ છે. માત્ર નજરની ભાષા સમજી લીધી હોય એમ પેલો એક ખાખી થેલામાંથી કાગળોનું બંડલ બહાર કાઢે છે, ને એક સાયક્લોસ્ટાઈલ્ડ કોરું ફૉર્મ કાઢીને પેડ પર લગાવીને એક સાથી અધિકારીને આપે છે. પેલા અધિકારી ધ્યાનથી વાંચે છે. અક્ષરેઅક્ષર ઉકેલે છે ને હેલિકૉપ્ટરની એકધારી ઘરઘરાટીમાં પેડ પર લગાવેલું ફૉર્મ ફરફરતું રહે છે. બીજું કશું સંભળાતું નથી.

આસપાસ વાદળાં ઘેરાતાં રહે છે. ને ધીરે ધીરે ઘેરાં ધુમ્મસમાં પ્રવેશીએ છીએ. ગાઢ ધુમ્મસી વાદળોમાં યે પાણીનો પ્રકાશ અનુભવાય છે ને હેલિકૉપ્ટરની આછી હાલકડોલક ને પંખાની ઘરઘરાટીની સમાંતરે ઊબડખાબડ ગાડામારગની ખડભડ સંભળાવા લાગે છે. પછી તો માત્ર ખડભડ ખડભડ થતો પ્રવાસ, ને બળદના ઘૂઘરા. ગાડું હાલકડોલક ને રસ્તો ઊબડખાબડ. આસપાસ અધરાતનું અંધારું ને સૂનકાર વગડો. પૂળા પાથરીને ગાડામાં મોટુંમસ બુંગણ ને તેનીયે ઉપર ગાદલું પાથર્યું છે ને બધા ભરચક બેઠા છીએ. ગાડાખેડુની પીઠને પીઠ અડાડીને દાદા બેઠા છે. તારોડિયાના અજવાસમાં તેમનો કરચલિયાળો ચહેરો

દેખાય છે. ખડતલ દેહ, માથે પાઘડી, અંગરખું, જાડું પાણકોરાનું પનિયું ને પડખે ખડિયો ને લાકડી. ગાડાની ખડભડ, બળદના ઘૂઘરા, તમરાંના ત્રમકાર, ક્યાંક પંખીનો ફફડાટ, હવાનો સુસવાટો ને ગાડાખેડુનો ડચકારો: બધું અખંડને એકરૂપ છે. નાનકડી આંખો આ આખા કૌતુકલોકને નિહાળતી દરિયો-દરિયો થઈ છલકાય છે. પરોઢ પહેલાંનો શીતળ અંધકાર પોપચાં ઉપર ભાર પાથરે ન પાથરે ત્યાં તો ગાડાખેડુના ડચકારામાં ભયની ધ્રુજારી ભળી જાય છે. સજગ બેઠેલા દાદાની અનુભવી આંખો પરિસ્થિતિનો તાગ લેવા માંડે છે, ને ગાડામારગની બેઉ બાજુથી થોરની વાડ, કેર-બોરડીનાં જાળાં ને ધુંગાં પછવાડેથી એક પછી એક સાતાસાત ઓળા નજીક સરકતા આવે છે. બે જણા બળદની જોડાજોડ; બે જણ ગાડાને બેઉ પડખે ને ત્રણ જણા ગાડાની પાછળ. બધાને મોઢે બુકાની બાંધેલી છે, માથે ફાળિયાં કે પાઘડી ને ખભે કડિયાળી ડાંગો તોળાયેલી છે. માત્ર આંખો તગતી દેખાય છે - નિર્મમ, ઠંડી ને ક્રૂર...

ભયની કંપારી ફરી વળી છે. દાદાની છાયા સિવાય બીજું કોઈ રક્ષણ નથી, છત્ર નથી. દાદા શાંતિથી ઝીણી આંખે બધાની હલચલને ગતિવિધિ જુએ છે ને પછી એકની સામે નજર નોંધીને ધીમા, ઘેરા, થડકાર વિનાના અવાજે પૂછે છે: 'કોણ ભાઈ તું, દેપાળાનો જગશી તો નઈ?'

પેલો પળભર ખચકાઈને ઊભો રહી જાય છે ને પછી જાણે કશું થયું જ ન હોય એમ જવાબ વાળે છે : 'હા, ભટૂબાપા, આ જરાક હટાણે નીકળ્યાં છંઈ. લ્યો, બાપા, રામરામ...' ને પછી એ બધા જેમ આવ્યા હતા તેમ એકએક કરતા અંધારામાં ઓગળી જાય છે.

ભયની કંપારીના બદલે ભરપૂર જિંદગીનો રોમાંચ થઈ આવે છે. ફરી પાછું આસપાસની સૃષ્ટિનું સંગીત ગુંજવા લાગ્યું છે.

આવી હાલકડોલક ને પંખાની ઘરઘરાટી વચ્ચે સાથી અધિકારીને પેલા ફૉર્મમાં સહી કરતો જોઉં છું ને બીજી ક્ષણે ક્રૂનો એક જવાન પેડ લઈને મારી સામે ધરે છે : 'Sir, please, sign this.'

'What is it ?'

'Nothing, just formality. We have to do it.'

પેડ અને ફૉર્મ હાથમાં લઉં છું. વાંચુ છું. ટૂંક સાર આટલો જ છે -

I hereby declare that - પૂરા હોશહવાસમાં લખી આપું છું કે આ ફ્લાઈટમાં હું મારી વિનંતીથી જોડાયો છું. વધુમાં લખી જણાવું છું કે જો કશો અકસ્માત થાય, જેમાં મને ભારે ઈજા થાય, અંગ ગુમાવવું પડે કે પછી મૃત્યુ યે થાય તો તેવા સંજોગોમાં હું કે મારા વારસો યુનિયન સરકાર સામે કોઈ પણ પ્રકારના વળતરનો દાવો નહીં કરીએ, કે એવો કોઈ દાવો કરવા હક્કદાર થશું નહીં...'

વાંચ્યું ન વાંચ્યું ને સહી કરી આપું છું. બસ એમ જ, ને પેડ પાછું વાળું છું.

લક્ષ્યસ્થાન લગભગ આવી ગયું છે. નીચે દેખાય છે પહોળા પટમાં વહેતી નદી, બે કાંઠે વહેતી નદી, આસપાસ બધું યે જળબંબાકાર...કાંઠાની લગોલગ ક્યાંક ક્યાંક ટોળાબંધ ઊભેલું લોક ને નીચે નદીની વચ્ચોવચ બેટ જેવી ઊંચી ટેકરીનો ભાગ જરાક ખુલ્લો દેખાય છે. લોકોના ટોળામાં આનંદ ને ઉત્તેજનાનો હેલારો ચડ્યો હોય એવું લાગે છે ને હેલિકોપ્ટર પેલી બેટ જેવી ટેકરી ઉપર નીચું ને નીચું ઊડતું જઈ ચારે તરફ ચક્કર લગાવે છે. એક, બે, ત્રણ, ચાર.....બ્રિગેડિઅર રાજન દૂરબીનની મદદથી બધું ફરીફરીને જોઈ વળે છે ને પછી કહે છે :

'Sir, there is nobody on that hill. Please, see for yourself...'

દૂરબીન હાથમાં લઈને જોઉં છું. ટેકરીની ભોંય પણ કીચડથી ભરેલી છે; ને ત્યાં માણસ તો શું, ચીંથરુંએ દેખાતું નથી. ટેકરી પર ઊગી નીકળેલી બાવળની કાંટ ને ઝાડઝાંખરાનાં માથાં પાણીના મારથી વળી જાય છે ને પાછાં ટટ્ટાર થવા મથે છે. એકાદ થડિયું મૂળસોતું ઊખડી પડેલું નજરે પડે છે. ને અચાનક પહોળાં પટમાં બે કાંઠે વહેતી નદીની વચ્ચોવચ એક સાંકડી નદીનો સૂકો પટ ખૂલી જાય છે. વચ્ચોવચ બે ગોઠિયા ઊભા છીએ ને એકાએક રેડિયો બોલી ઊઠે છે : 'ભાગજો....ભાગજો ! નદી આવી....પાણી આવ્યું !!' ઉપરવાસમાં નજર કરતાં ડહોળાં પાણી પટમાં માથાં પછાડતાં હોય એમ કાંઠાને ધમરોળતાં ધસ્યાં આવે છે ; ને બંને જણા ભાગી છૂટવા પગ ઉપાડીએ છીએ....એટલામાં તો પટની વચ્ચે ભાંખોડિયા ભરતા બાળક જેવાં બે ગદીડાં નજરે પડે છે. કૂણાં માખણ જેવાં સુંવાળાં ને ગભરુ ગભરુ. કશું વિચારવા રોકાયા વિના એકએક ગદીડાંને ખભે ઉપાડીને કાંઠા ભણી દોટ દઈએ છીએ. કાંઠાની ઊંચાણવી ધારે ચડીને હાંફભર્યા અટકીએ છીએ ત્યારે જ ભાન થાય છે કે ચડ્ડીના પાયચા પલળી ગયા છે.

બે ગભરુ જીવને ઉગારી લીધાનો આનંદ છાતીનાં પાટિયાંમાં માતો નથી ને આંખોમાં છલકાઈ આવે છે...

બ્રિગેડિઅર રાજન પૂછે છે : 'Do yoy think, sir, we are rather too late to rescue them?'

જવાબ વાળું છું : 'Can't say. Either they were swept away long back or there was no one to be rescued.'

એક જવાન બબડે છે : હો સકતા હૈ લોગોકો કુછ ગલત. ફહમી હુઈ હે કિ યહાં લોગ ફંસ ગયે હૈ....'

બ્રિગેડિઅર રાજનના ઈશારે વળતી ખેપ શરૂ થઈ જાય છે.

ધુમ્મસ વેરાઈ ગયું છે, વાદળાં પાંખાં થઈ ગયાં છે. વરસાદ થંભી ગયો છે. બેત્રણ નગર પસાર (અનુસંધાન પૃ. ૧૯૪ પર)

ફિંગર લેક્સ વિસ્તાર

(અમેરિકન દૃશ્યાવલી · ૩)

લેખક · ભોળાભાઈ પટેલ

અમેરિકાના વેસ્તાલ નામના સસ્કોહાના નદીને કાંઠે ગીચ ઝાડીવાળી પહાડીના ઢોળાવ પર વસેલા ગામની રમણીય શાંતિ જયારે જયારે એનું સ્મરણ થાય છે ત્યારે ચેતનામાંથી બુંદબુંદ થઈ ઝમે છે. એની હરિયાળીનું અંજન આંખે અંજાયેલું છે. નગરજીવનના ઘોંઘાટ અને કલકોલાહલથી જયારે અકળાઈ જાઉં છું ત્યારે સાન્ધ્ય વેસ્તાલની સ્મૃતિનો ઐકાન્તિક દ્વીપ મારી આસપાસ રચી લઉં છું અને એના લગભગ નિર્જન માર્ગો પર કોઈ સ્વજન સાથે દબાયેલા અવાજમાં વાતો કરતાં કે એકાંકી ચૂપચાપ ચાલું છું.

વેસ્તાલ ન્યૂ યૉર્ક બોલતાં તો અમેરિકાના પ્રવેશદ્વારરૂપ આ મહાનગરની ભૌમિતિક, ચોસલાં પર ચોસલાં ગોઠવેલાં હોય એમ, ગગનગામી થતી ઈમારતો વચ્ચેની સડક પર વામન રૂપ ધરી ચાલતા હોવાની અનુભૂતિ ઉભરાય છે. હડસન અને આટલાન્ટિકની સન્નિધિમાં વસેલું આ મહાનગર અવશ્ય રમણીય પણ છે, છતાં એ રાજયના ઉતરાંચલની સુષમા અને શાંતતા (મરાઠી પર્યાય શાંતિનો સુષમાના અર્ધઅનુપ્રાસમાં) તો સ્પર્શી જાય, જો કેટલાક દિવસો ત્યાં રહી પડો.

અમને એવી અનુકૂળતા હતી. આરતી અને પુલિન વેસ્તાલમાં જઈ વસ્યાં છે. બન્ને આઈ.બી.એમ. નામની કૉમ્પ્યૂટરની આંતરરાષ્ટ્રિય ખ્યાતિ પ્રાપ્ત કંપનીમાં કામ કરે છે. એમનો આગ્રહ હતો કે અમારે વેસ્તાલમાં કેટલાંક અઠવાડિયાં રહેવું. ન્યૂ યૉર્ક નગરનું સમ્યક્ દર્શન કરાવી પ્રીતિબહેન (પ્રીતિ સેનગુપ્તા) છસાત કલાક ડ્રાઈવ કરી વેસ્તાલ લઈ આવ્યાં. આખો માર્ગ લીલોછમ. વચ્ચે આવે નાનાં ગામ. છેલ્લે એક મોટું નગર બીંઘમટન, પછી સસ્કોહાના નદી. પછી ઢોળાવ ચઢતાં વેસ્તાલ.

આરતીના ઘરની પાછળ જ ઊંચેઊંચે જતી આક્ષરિક અર્થમાં વૃક્ષવેલીઓને લીધે દુર્લંઘ્ય ટેકરી છે, જયાંથી ઘણીવાર હરણાં આરતીના ઘરના પાછલા કંપાઉન્ડમાં ઊતરી આવે. ટેકરીના ઢાળ પર હોવાથી વાંકાચૂંકા માર્ગોની બન્ને બાજુએ માત્ર એક કે બહુ બહુ તો બે મજલાવાળાં ઘર અને એ દરેક ઘર આગળ કંપાઉન્ડ વૉલ વિનાની વૃક્ષોની છાયાવાળાં હરિયાળી લૉનના આંગણાંથી શોભનું ગામ.


સ્પેનિશ કવિ લોર્કાએ 'ન્યૂ યૉર્કમાં એક કવિ' એવો કાવ્યસંગ્રહ, સ્પેનનો વિશિષ્ટ ભૂચિત્રણા જ જેની ચેતનામાં ભરેલી એવા એમણે આપ્યો, ત્યારે નગરજીવનની વિભીષિકાથી ત્રસ્ત હોવાનો ભાવ પ્રધાન બની ગયો છે, જો આ ગ્રામાંચલોમાં ફર્યા હોત તો અહીંની રાજય સરકારે પ્રચલિત કરેલ સૂત્ર અમારી જેમ બોલી ઊઠયા હોત - 'આઈ લવ ન્યૂ યૉર્ક'. લવ શબ્દને સ્થાને હૃદયનું લાલ રંગનું પ્રતીક વ્યવહૃત કરવામાં અમેરિકી સંસ્કૃતિનો હળવો સ્પર્શ છે.



લ્યૂસિફર ફૉલ્સ. ૧૧૫ ફીટ ઊંચેથી પડતો આ ધોધ તથા તેની આસપાસનો વિસ્તાર ફિંગર લેક્સ વિસ્તારના એનફીલ્ડ ગ્લેન નામના વિભાગનું એક મુખ્ય આકર્ષણ છે, જયાં ત્રણેક માઈલ લાંબી એક પહાડી નેળ દ્વારા પહોંચી શકાય છે. અનેક અમેરિકન ફિલ્મોમાં એનાં સુંદર દૃશ્યો ઝડપાયાં છે.

આ વેસ્તાલ તો બ્રુમ કાઉન્ટિ (કાઉન્ટિ એટલે આપણી ભાષામાં જિલ્લો કદાચ તાલુકો કહી શકાએ)માં છે. પણ એની નજીકમાં યેટ્સ, ઓન્ટારિયો એનેકા છાયુગા ટોમ્પીન્સ શ્યુલર સ્ટ્યુબેન લિવિન્ગસ્ટન મોનરો કાઉન્ટિઓ છે. આ નામાવલિ તો એટલા માટે આપી કે આ એક અતિ રમણીય વિસ્તાર છે, લાબાંલાબાં અને ઊંડાં સરોવરોનો વિસ્તાર છે. નકશામાં જુઓ તો કોઈ વિરાટની આંગળીઓ જાણે ! એટલે આ સમગ્ર અંચલનું પ્રાકૃતિક નામ કોઈ કલ્પનાશીલે આપી દીધું છે - ફિંગર લેક્સ વિસ્તાર (રિજીયન).


અગિયાર જેટલાં સરોવરો છે. ઓછામાં ઓછી ત્રણ માઈલની લંબાઈથી ચાલીસ માઈલની લંબાઈવાળું છાયુગા સરોવર છે અને ઓછામાં ઓછી ૬૬ ફૂટની ઊંડાઈથી સેનેકાની ૬૩૨ ફૂટની ઊંડાઈ છે. (અહીં માઈલ ફૂટનું પ્રચલન છે, મીટર કિલોમીટરનું નહિ.) આ બધાં કંઈ અજબ રીતે આ તરફના ભૂપૃષ્ઠની રચનાપ્રક્રિયા વખતે બની ગયાં છે. કેટલોક વિસ્તાર હજી અમેરિકન ઈંડિયનોના સાંસ્કૃતિક વારસાને ધારી રહેલો છે.



આ વિસ્તાર ગ્રામીણ અમેરિન સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરે છે. ગ્રામીણ માત્ર ગ્રામજીવનના અર્થમાં. અહીં ગ્રામજીવન અને નગરજીવનની સુવિધાઓ વચ્ચે અંતર નથી. પણ વ્યવસાયના અર્થમાં ગ્રામજીવનની પેદાશો પર આધારિત વ્યવસાયો સ્વાભાવિક રીતે ખીલેલાં છે. દ્રાક્ષની વાડીઓનો આ વિસ્તાર એટલે વાઈનરી. દ્રાક્ષમાંથી વિવિધ પ્રકારના આસવો બનાવવાનો ઉદ્યોગ ખીલ્યો છે. ઢોરને ચરવાનાં લીલાંછમ મેદાનો છે એટલે ડેરી ઉદ્યોગ ખીલ્યો છે. પરંતુ આ ગ્રામાંચલોમાં જ કયાંક આઈબીએમની વિરાટ ફેક્ટરિ હોય કે કોર્નિંગની જગપ્રસિધ્ધ ગ્લાસ ફેક્ટરી હોય, કે પછી કોર્નેલ યુનિવર્સિટી જેવું વિદ્યાધામ હોય. પરંતુ આંખોમાં જે શોભા વસી જાય તે તો આ ,સરોવર વિસ્તારની. આ વિસ્તારમાં નાનકડી નદીઓ છે, ઝરણાં છે, ઊંચા ઊંડા ડુંગરા પરથી પડતા જલપ્રપાતો છે. ક્યારેક આપણે ભૂલી જઈએ કે આપણે યંત્રસંસ્કૃતિપ્રધાન ધનાઢ્ય દેશના કોઈ એક અંચલમાં ભમી રહ્યાં છીએ.

આ વિસ્તારોમાં ભમવાની રીત અમે એવી રાખી કે બસ નીકળી પડવું એકાદ સરોવરના વિસ્તાર ભણી. કયારેક કાંઠા પર આવેલી વાઈનરીમાંય જવું, કયારેક ઝરણાની ધારેધારે પહાડનાં ચઢાણ ચઢવાં, કયારેક નજીકના ખેતરમાં સ્ટ્રૉબેરી પિકિંગ, કયારેક નજીકના પાર્કમાં બાર્બેકયુ પર મકાઈ ડોડા શેકવા, અને પાર્કની બેન્ચો પર બેસી જમવું, કયારેક સરોવરમાં સાંજટાણે નૌકાવિહાર કરવો - અને એમ ધીમેધીમે આ ફિંગર લેક્સ વિસ્તારના સૌન્દર્યને પામવું. થોડા દિવસોમાં જ કહેવું પડયું - આઈ લવ ન્યૂ યૉર્ક.

તો આવી એક દિવસની ભ્રમણ કથા છે. અમે નીકળી પડયાં. આરતી, પુલિન, અનિલાબહેન અને હું. અમને બધાંને ચાલવું રઝળવું ગમે પાછું. આરતી-પુલિનને અમને અમેરિકન ભૂમિચિત્રણાનું સૌન્દર્ય બતાવવાનો ઉમંગ. આરતીએ તો અત્યારથી જ હઠ પકડી હતી કે હવે સપ્ટેમ્બરમાં ફોલ - પાનખર શરૂ થશે - એનું સૌન્દર્ય જોયા વિના તમને નહિ જવા દઈએ. અદ્દભુત હશે એ દિવસો ભોળાભાઈ, આ




અમેરિકાના ન્યૂ યોર્ક રાજયમાં ફિંગર લેક્સનું સ્થાન અને વિસ્તાર દર્શાવતા નકશા.

આખું જે લીલુંછમ દેખાય છે, તે ધીમેધીમે રંગો બદલતાં લીલું લાલ બનતું જશે- પ્રકૃતિનો કેવો તો કાયાકલ્પ થાય છે, તમે જોતા રહી જશો... અમે રોકાઈ શકયાં નહોતાં. આરતીએ એક પત્ર સાથે પછી આવાં થોડાં લાલપીળાં પર્ણો મોકલેલાં.

અમે ઈથાકા એટલે કે છાયુગા સરોવર વિસ્તાર ભણી જવા નીકળ્યાં. એ જ સરોવર સૌથી લાંબું છે. પહોળું તો આંગળી જેવું. અમારી પ્રિય થઈ ગયેલી પેલી સસ્કોહાનાનો પુલ પાર કરી નીકળ્યાં. બે લીલીછમ પહાડીઓ વચ્ચેથી પસાર થતો માર્ગ, પણ વિસ્તાર છે ખેતીવાડીનો. ઘણાં ખેતરોમાં ફાર્મહાઉસ, જયાં ધાન ભરવાના ઊંચા કોઠાર અને ડેરી હોય. ગાયો ચરતી જોઈ એવું લાગે કે ભારત ભલે ગોપૂજક દેશ હોય પણ ભૂખી ગાયો તો ભારતવર્ષમાં જ છે. વચ્ચે વચ્ચે નાનાં ગામ, અને આજે શનિવાર હોવાથી કેટલીક જગ્યાએ 'ગરાજ સેલ' ચાલતું હતું. પોતાના ઘરની અનુપયોગી વસ્તુઓ પોતાના ઘર આગળ જ વેચવા ગોઠવી હોય. ઘરવખરીની ચીજો, કપડાં હોય. કયારેક

ઈથાકા ફોલ્સ. ફિંગર લેક્સ વિસાતારના એક વિશાળ સરોવર કાયુગાના દક્ષિણ છેડે સ્ટેવર્ટ પાર્ક પાસે કલવાતી એક નદીની ઉપર વાસમાં આવેલો આ ધોધ પણ આ વિસ્તારનું એક મોટું આકર્ષણ છે.



આખા ઘરનું ફર્નીચર હોય. કાઢી નાખી નવું લાવવાનું હોય. અમેરિકન માનસ જૂનાનું નહિ, નવાનું આગ્રહી લાગે.

રસ્તે આવ્યું 'ઐતિહાસિક ઓવિગો નગર'. અમેરિકામાં કોઈ નગર ઐતિહાસિક એટલે કેટલું ઐતિહાસિક? આ છેક ૧૫૯૨માં તો સભ્ય દુનિયાને અમેરિકા જેવો ખંડ હોવાની જાણ થએલી. ઓવિગોનો ઈતિહાસ બહુબહુ તો સો વર્ષ પાછળ જતો હશે. વળી પાછાં ખેતર. મકાઈનાં ખેતર. આરતી કહે જુલાઈની ચોથી આવશે એટલે મકાઈના છોડ ઢીંચણ જેટલાં ઊંચા આવી જશે. પુલિન કહે- અહીંની મકાઈની મીઠાશ બીજે ન મળે. મીઠું મરચું ભભરાવવાની જરૂર ન પડે. ત્યાં એક ફાર્મ આવ્યું. આયર્ન કેટલ ફાર્મ નામ વાંચ્યું. ત્યાં લખ્યું હતું. તમારી જાતે સ્ટ્રોબેરી વીણી લો. ઓહ, આ તો પેલું જાણીતું - ચેરીપિકિંગ, કે સ્ટ્રોબેરી પિકિંગ. ઈંગ્લેન્ડમાં શેક્સ્પિયરના ગામે જતાં ચેરી પિકિંગનું પાટિયું જોયેલું. વળતાં ચેરી વીણીશું, એમ વિચારેલું પણ વળતાં તો સાંજ પડી ગયેલી. એટલે આ વખતે તો અમે જતી વખતે જ રોકાઈ ગયાં. ફાર્મને થડેથી સ્ટ્રોબેરી ખરીદો તો અમુક ભાવે, તમે પોતે ખેતરમાંથી વીણી લો તો સાવ સસ્તા ભાવે. વીણતાંવીણતાં ખાવાં હોય એટલાં ખાવાની છૂટ.

અમે જોયું કે ઘણાં બધાં હાથમાં ફાર્મને શેઢે પડેલી બાસ્કેટો ઊંચકી લઈ સ્ટ્રોબેરી વીણતાં હતાં, નીચાં નમીનમી. અમે પહેલાં તો બાસ્કેટમાં વીણવાં કરતાં લઈલઈને મોઢામાં મૂકવા લાગ્યાં. લાલલાલ. અમે ચાર જણાએ ખાસ્સાં સ્ટ્રોબેરી વીણી લીધાં. ખેડૂતનો દીકરો છું, પણ કેટલાં બધાં વર્ષો પછી ખેતરના છોડવાની હારમાં ચાલતો હતો, અને તે છેક આ અમેરિકાના ફિંગર લેક્સ વિસ્તારમાં ! બેરી એટલે બોર. અમારા ગામડાગામમાં કેટલીક બોરડીઓ ઝૂડેલી તે યાદ આવ્યું. આ સ્ટ્રોબેરી પિકિંગ એ તો જુદી જ ચીજ.

વળી પાછા ખેતરોમાં વચ્ચેના માર્ગેથી આગળ ઉપડ્યાં. આ જ એનફિલ્ડ ગ્લીન આગળ ટ્રેમનનો વિશાળ સ્ટેટ પાર્ક. ત્યાં ગાડી પાર્ક કરી. પાર્કના એક ખૂણામાં ઝરણું વહી આવતું હતું. અમે એના ઉગમની દિશામાં ચાલ્યાં. ઊંચે જવાનાં પગથિયાં, બાજુમાં ખીણમાં વહેતું ઝરણું, નાનામોટા કૂદકા લગાવતું. પ્રત્યેક કૂદકો એટલે એક ધોધ. એવા નાના મોટા ઘણા ધોધ, પછી જોયો લ્યૂસિફર ધોધ, ૧૧૨ ફૂટ ઊંચેથી પડતો, પણ બે કટકે થઈને. એનાં પાણી શ્વેત ફીણ ધારણ કરતાં હતાં.

આજે આકાશ સ્વચ્છ હતું. થોડાં સફેદ વાદળ હતાં એટલું. આટલું ભૂરું આકાશ અહીં આપણને આ ચોમાસામાં દેખાય. લીલી પહાડીઓ, ઊંચેઊંચે જતાં વૃક્ષો અને નીલ આકાશ - અને આ ઝરણું. એણેય પોતાની પાણીની ધારથી પોતાનો માર્ગ કોતરતાં કોતરતાં આ ખીણની રમ્યભવ્ય રચના કરી છે. જે પથ્થરો, ખડકો કોતરાતા ગયા છે, એ જાણે મંદિરના જુદાજુદા થર. જૂનું મંદિર પાણીના પવનના સપાટાથી ક્ષય થતું ગયું છે. આરતીએ કહ્યું કે અનેક ફિલ્મોના બેકડ્રોપ તરીકે આ કોતર વપરાય છે. બાજુમાં જીવનની જયઘોષણા કરતાં પીળાં ફૂલો ખીલ્યાં છે. વહેતા ઝરણાની બન્ને બાજુએ ચાલવાનો માર્ગ છે. બીજાં પણ ઘણાં પ્રવાસીઓ હતાં. ઘણાં ખરાં તો શોર્ટ્સમાં. એક લગભગ સદ્યપ્રસૂતા નાના બચુડિયાને લઈને આવેલી. પેટે ભરાવી દીધેલું. ઘણાં તો ઝરણામાં પ્રવેશે, ચાલે. ઠેરઠેર વ્યૂ પૉઈન્ટ્સ. ધોધ સામે કેટલાકે કેમેરા ગોઠવેલા.

છ માઈલની પદયાત્રા ખીણનાં જુદાંજુદાં રૂપ ઝરણામાં જુદાં જુદાં રૂપ બતાવતી ગઈ. આ પણ કૅન્યન, ગ્રાન્ડ નહિ, પણ રમ્ય તો ખરી.

ફરી ગાડીમાં સવાર થયાં. આ વખતે બટરમિલ્ક પ્રપાત. દૂર મોટરમાંથી જ ધોધ દેખાયો. છાશ જેવો ધોધના પ્રવાહનો રંગ. કયારેક ધોધરૂપે કયારેક પ્રવાહ રૂપે તે પાંચસો ફૂટની ઊંચાઈએથી આવે છે. અહીં તો કેટલાં બધાં ગોરિયાં સૂર્યસ્નાન કરી રહ્યાં હતાં. ખુલ્લી ગોરી કંચન કાયાઓ ! આ ધોધ જાણે લપસણી પરથી સરકતો હતો.

સાંજે અમે છાયુગા સરોવરને કાંઠે ઊભાં હતાં. સફેદ શઢવાળી અનેક તરણીઓથી લાંબુલાંબુ એ સરોવર નૌકાવિહાર માટે આમંત્રણ આપતું હતું. આ છાયુગાને કિનારે જ વિખ્યાત કૉર્નેલ યુનિવર્સિટી છે.

(ક્રમશઃ)

અનુસંધાન) મરણખત (પૃ. ૧૯૧થી

થઈ જાય છે. મકાનો, રસ્તા, તળાવ, નદી-નાળાં, ખેતર, વગડાં, ડુંગર, મંદિરો, બધું અનિમેષ નજરે જોયા કરું છું. ...

રેલગાડીની કે બસની બારી પાસે બેસવા ધમાલ કરતો, પડખેના ગામડે જવાનું મન થાય તો યે ઝળાંઝળાં થઈ જતો, નાની એવી નગણ્ય ચીજનેય અખૂટ કૌતુકથી જોઈને છલકાઈ જતો એ બધું જાણે કોઈ બીજા જનમનું, જુદી દુનિયાનું હોય, પુરાતન યુગનું હોય ; જાણે એની સાથે ક્યારેય કશી નિસબત હતી જ નહીં એવું લાગે છે, ને બસ એમ જ આખીયે ખેપ પૂરી થઈ જાય છે.

મોડી રાત્રે પાછો ફરીને થાક ઉતારતો બેઠો છું ત્યાં પડોશનો આઠનવ વર્ષનો એક છોકરો દોડતો આવીને પૂછે છે :

'અંકલ, તમે હેલિકોપ્ટરમાં ગયેલા કે ?

'હા'.

'તે પછી તમે ફ્લડ જોયું? કેવું હતું? તમે શું કર્યું?'

'કશું નહીં. ફક્ત સહી કરી.'

સહી કરી? શાની સહી કરી? એ વળી શું?'

'હા સહી કરી. I just Signed. છેલ્લાં ઘણાં વર્ષોથી ક્ષણેક્ષણે કરતો આવ્યો છું એવી એક વધુ સહી કરી. પ્રકટરૂપે કાગળ ઉપર. In black and white.' □

•।। कथासरित्सागर ।।•

કનુભાઈ જાની

(પૂર્વકથા : પાર્વતીને જ માટેની જે કથા શિવજીએ માંડેલી તે, અદૃશ્ય રહીને સાંભળવા બદલ પુષ્પદન્તને અને એનું ઉપરાણું લેવા બદલ એના મિત્ર માલ્યવાનને, એ બે શિવગણોને માનવ-જન્મનો શાપ પાર્વતીએ આપ્યો. અને વિન્ધ્યવનમાં કાણભૂતિ મળતાં શાપ ટળશે એવું નિવારણ જણાવ્યું. એ મુજબ વરરુચિ/કાત્યાયન : રૂપે જન્મેલા પુષ્પદન્તને કાણભૂતિ મળે છે. પરસ્પર પોતપોતાની કથા કહે છે. વરરુચિ પોતાની કથા કહે છે- કૌશામ્બીમાં સોમદત્તબ્રાહ્મણને ત્યાં જન્મ; નાનપણમાં પિતા ગુમાવ્યા; માતા ઉછેરીને મોટો કરતી હતી; ત્યાં એક દિવસ આવી ચડેલ બે બ્રાહ્મણ યુવા અતિથિઓએ આ બાળકની એકશ્રુતિશકિત જોઈ; અને એ બેમાંની એક વ્યકિતએ વરરુચિની માતાને પોતાની કથા સંભળાવી.)

વ્યાડિ-કથા : (શ્લોક ૪૧ થી ૫૩)

"હે માતા ! વેતસનામે એક નગરમાં દેવસ્વામી અને કરમ્ભક નામે બે બ્રાહ્મણ બંધુઓ રહેતા હતા. બન્ને ભાઈને પરસ્પર ખૂબ પ્રેમ. એમાંના એકનો પુત્ર આ ઈન્દ્રદત્ત અને બીજાનો હું. વ્યાડિ મારું નામ. મારા પિતા ગુજરી ગયા, (અને) એમના શોકમાં, (એમના ભાઈ), આ ઈન્દ્રદત્તના પિતા પણ એમની પાછળ ચાલી નીકળ્યા. એના શોકમાં અમારી બેયની માતાઓનાં હૃદય પણ બેસી ગયાં. અમે બન્ને, આ રીતે, અનાથ થઈ ગયા. ધન તો હતું, પણ વિદ્યા મેળવવાની અભિલાષાથી, પછી અમે તપદ્વારા કાર્તિકેયસ્વામીને પ્રસન્ન કરવા ગયા. તપ કરતા હતા તે દરમ્યાન સ્વામીએ સ્વપ્નમાં દર્શન દીધાં, ને આદેશ આપ્યો કે 'પાટલિપુત્ર નામે એક નગર છે રાજા નન્દનું; ત્યાં એક વિપ્ર છે વર્ષ નામે; એની પાસેથી તેમને બધી જ વિદ્યા મળશે; માટે તમે બન્ને ત્યાં જાઓ.' એટલે પછી અમે એ નગરે ગયા. ત્યાં અમે પૂછ્યું. 'અહીં તો વર્ષ નામનો એક મૂર્ખ વિપ્ર રહે છે.' એમ લોકોએ જણાવ્યું. ત્યારે ઘડીભર તો અમે દ્વિધામાં પડી ગયા! છતાં અમે ગયા વર્ષને ઘેર. જોયું, તો, અત્યન્ત દરિદ્રાવસ્થા! જયાં ને ત્યાં ઉંદરાએ દર કરેલાં; ભીંતડાં તો તડાંથી સાવ પડુંપડું - સાવ જર્જર; છાપરું સાવ ઉઘાડું ફક ! છાંયો નામે ય ન મળે એવું વિચ્છાય! તદ્દન હીન દશાનું!(ઘર તો) જાણે ખુદ આપત્તિઓનું જ ઉદ્‌ભવસ્થાન! ત્યાં અંદર ધ્યાનસ્થ દશામાં બેઠેલા વર્ષને અમે જોયો. પછી એમને આવકાર આપતી એની પત્ની પાસે પહોંચ્યા. ધૂળધોયો વાન, દૂબળી દેહ, મેલાંદાટ ચીંથરેહાલ વસ્ત્રો. જાણે ગુણથી જ રાગબદ્ધ થયેલી કોઈ મૂર્તિમતી દુર્ગતિ જ જોઈ લ્યો !

અમે એમને પગે લાગ્યા. આવવાનું કારણ જણાવ્યું. અમારાં વૃતાન્ત અને અહીં (ગામમાં) એમના પતિને લોકો કેવા મૂર્ખમાં ખપાવે છે તે વિષેની જે જનશ્રુતિ સાંભળી તે પણ કહી.

'તમને કહેવામાં મારે શો સંકોચ હોય? સાંભળો! હું તમને બધી વાત કરું' એમ કહીને એ સાધ્વીએ તો માંડીને અમને 'આ પ્રમાણે કથા કહી :

વર્ષપત્નીમુખે વર્ષકથા : (શ્લોક ૫૪ થી ૮૩)

'આ (પાટલિપુત્ર) નગરે એક શંકરસ્વામી નામે દ્વિજોત્તમ થઈ ગયા. એમના બે પુત્રો : એક મારા પતિ, ને બીજા નામે ઉપવર્ષ. એમાં આ મોટા હતા તે મૂર્ખ અને દરિદ્ર હતા, જયારે એથી તદ્દન વિપરીત હતા એમના નાના ભાઈ. એટલે ઘરના ભરણપોષણની સારસંભાળ નાનાભાઈએ પોતાનાં પત્નીને સોંપેલી.

એવામાં એક વાર વર્ષાઋતુ આવી. એમાં ગોળની સાથે આટો મેળવી, એનાં જુગુપ્સિત (લિંગાકારી) ગુહ્યરૂપે[1] બનાવી, એ પિંડ પછી કોઈ મૂર્ખ ગણાતા વિપ્રને સ્ત્રીઓ પધરાવી દે તો શિયાળામાં કે ઉનાળામાં સ્નાનની કોઈ હરકત કે થાકોડો - કશું થાય નહિ. પણ આવા દાનને કોઈ સ્વીકારતું નથી, કારણ કે આ રિવાજ નઠારો ગણાય છે. આ પિંડ મારી દેરાણીએ અમારા એમને આપ્યો, ને ઉપરથી દક્ષિણા પણ આપી. એ લઈને જયારે એ ઘેર આવ્યા ત્યારે મેં એમનો બરાબરનો ઉધડો લીધો. ત્યારે પોતાની મૂર્ખાઈ પર એમને હાડોહાડ લાગી આવ્યું. એટલે પછી સ્વામી કાર્તિકેયની તપશ્ચર્યા માટે ચાલ્યા ગયા. એમના તપથી તુષ્ટ થયેલા ભગવાને સર્વ વિદ્યા આપી, ને કહ્યું, "એક જ વાર સાંભળીને સ્મરણે કરી લેવાની શકિતવાળો - એકશ્રુતધર બ્રાહ્મણ જયારે તને મળે ત્યારે જ તું આ વિદ્યાને એની સમક્ષ પ્રકાશજે." આવો આદેશ મેળવી, હર્ષ સાથે તેઓ અહીં (ઘરે) પાછા આવ્યા. આવીને તરત મને બધી વાત વિગતે કરી. ત્યારથી માંડીને આજ સુધી એ સતત જપ-ધ્યાનમાં જ બેઠા રહે છે. માટે આપ બેઉ કોઈ શ્રુતધરને શોધીને અહીં લઈ આવો તો જ તમારી બન્નેની સર્વાર્થસિદ્ધિ થાય, એમાં કોઈ શંકા નથી."

વર્ષપત્ની પાસેથી આવી વાત સાંભળીને અને એમની દરિદ્રતા તાત્કાલિક દૂર કરવા સો સોનૈયા આપ્યા અને એ નગરમાંથી નીકળી પડ્યા. મલક આખો ફરી વળ્યા; પણ ક્યાંયે શ્રુતધર મળે તોને! પછી આખરે થાકયા-પાકયા અમે વિસામો લેવા અહીં તમારે ઘેર આવી ચડ્યા. અને અહીં જ અમને મળી ગયો એક શ્રુતધર બાળક - તમારો આ પુત્ર. એ અમને ભળાવો, તો અમે વિદ્યાધનની સિદ્ધિ-અર્થે પ્રયાણ કરીએ.'

આ પ્રમાણે વ્યાડિનાં વચન સાંભળી, મારી માએ સાદર એમને કહ્યું, "તમે કહો છો તે બધું જ બરાબર છે, મને એમાં પાક્કો વિશ્વાસ બેસે છે. કારણ કે પૂર્વે જ્યારે મારો આ એકમાત્ર પુત્ર મારી કૂખે પ્રકટ્યો ત્યારે આકાશેથી એક અદ્‌ભુત અશરીરા દેવવાણી થયેલી : 'આ જન્મ્યો છે શ્રુતધર; વર્ષ પાસેથી એ વિદ્યા પામશે અને વ્યાકરણની પ્રતિષ્ઠા લોકે સ્થાપશે. આનું નામ રહેશે વરરુચિ, કારણ કે જે કાંઈ 'વર' કહેતાં 'સુંદર' હશે તે જ તેને રુચશે, ગમશે.' આટલું જ કહીને વાણી અટકી ગઈ એટલે આ બાળક જેમજેમ મોટો થતો ગયો તેમ તેમ મને રાતદિવસ બસ સતત ચિન્તા જ રહ્યાં કરતી કે ક્યાં હશે આ વર્ષઉપાધ્યાય ! આજ તમારે મુખે બધું સાંભળીને હું પરમ સંતોષ પામી. તમે તારે ખુશીથી એને લઈ જાઓ. તમારો આ ભાઈ છે. એમાં મારે બીજો શો વાંધો હોય?'

મારી માતાનાં આવાં વચનો સાંભળીને વ્યાડિઈન્દ્રદત્ત બન્ને એવાં હર્ષનિર્ભર થઈ ગયા કે એ રાત તો પછી એક પલક સમાન લાગી. પછી તરત ઉત્સવાર્થે પોતાનું બધું ધન વ્યાડિએ મારી માતાને આપીને, હું વેદપ્રાપ્તિયોગ્ય બનું એવી ઇચ્છાથી મને યજ્ઞોપવિત આપ્યું. પછી છલકાતી આંખોને માંડમાંડ રોકતી મારી માતાની મેં અનુજ્ઞા લીધી. (વેદાધ્યયન માટેના) ઉત્સાહે મારી વિદાયવ્યથાને અશેષ કરી નાંખી. હું-કુમાર-મળ્યો તે જાણે ભગવાન કુમાર(કાર્તિકેય)નો અનુગ્રહ પુષ્પિત થયો, એમ માનીને, મને લઈને, વ્યાડિ અને ઈન્દ્રદત્તે ઝડપથી તે નગર (કૌશામ્બી)માંથી પ્રસ્થાન કર્યું.

કેટલાક કાળે ગુરુ વર્ષને ગૃહે અમે પહોંચ્યા. ત્યારે એમને પણ, મને જોતાં, સાક્ષાત સ્કન્દપ્રસાદ રૂપ ધરીને આવ્યો હોય એમ લાગ્યું! બીજે જ દિવસે અમને (પોતાની) સન્મુખ બેસાડીને, પોતે પવિત્ર સ્થળે બેસી, વર્ષઉપાધ્યાયે 'ઓમ્કાર'[2]નો દિવ્યનાદ ગજાવ્યો. તરત જ (ચારેય) વેદો તેના (છયે) ઉપાંગો સહિત એમની (નજર) સામે તરતા થઈ ગયા. પછી અમને તેનું અધ્યાપન કરાવવા તેઓ પ્રવૃત્ત થયા. ગુરુ જે કહેતા તે એકશ્રુતે હું, દ્વિશ્રુતે વ્યાડિ અને ત્રિશ્રુતે ઈન્દ્રદત્ત ગ્રહણ કરી લેવા લાગ્યા. એકાએક ઊઠેલો એ અપૂર્વ દિવ્ય ધ્વનિ કાને પડતાં તરત જ ચારે પાસથી, 'આ વળી શું છે?!' એવે વિસ્મયભર્યે હૈયે સમસ્ત વિપ્રવર્ગ ત્યાં ઊમટ્યો, અને પોતાને શ્રીમુખે વર્ષઉપાધ્યાયની ભૂરિભૂરિ પ્રશસ્તિ કરતો, એમને પ્રણામ કરવા લાગ્યો. એ અજબ ચમત્કાર જોઈને (વર્ષના નાના ભાઈ) ઉપવર્ષ જ નહિ, પણ સમગ્ર પાટલિપુત્રના[3] પૌરજનોએ આખાયે નગરમાં મોટો ઉત્સવ મનાવ્યો. વળી, રાજા નંદ[4] પણ શિવપુત્રના વરદાનનો આ પ્રભાવ જોઈને, આનંદ પામ્યો; ને તત્કાળ વર્ષઉપાધ્યાયનું ઘર, યોગ્ય આદર સાથે, જરૂરી બધી જ ઊંચા પ્રકારની સામગ્રીથી ને ધનથી સભર કરી દીધું.

ઈતિ મહાકવિ શ્રી સોમદેવ ભટ્ટ-વિરચિત

કથાસરિત્સાગરનો કથાપીઠલમ્બકમાંનો દ્વિતીય તરંગ.

(ક્રમશઃ)

પાદટીપો

સંસ્કૃતમાં 'ગુહ્ય'નો એક અર્થ છે 'લિંગ'. આવો રિવાજ યુરોપમાં પણ અનેક સ્થળે છેક ૧૯મી સદી સુધી હતો. એ વિષેની માહિતી પેન્ઝરે પોતાની નોંધમાં આપી છે. (I,13). વધારામાં જિજ્ઞાસુઓ હેસ્ટિંગ્ઝકૃત 'એન્સાઈકલોપીડિઆ ફોર રીલીજિયન એન્ડ એથિક્સ'માં કેક્સ એન્ડ લોવ્ઝ' તથા ' ફૅલિઝમ' વિષે જુએ.

વેદાધ્યયન 'ઓમ્'થી આરંભાતું. એ વેદજ્ઞાનનું સારતત્ત્વ છે. ૐ ઈતિ બ્રહ્મ એમ કહેવાય છે. એ બ્રહ્મબીજ છે. 'આદિ વેદવર્તુલ' કહેવાય કારણ કે એ એવું નાદવર્તુળ છે જેના આદિઅંત, પછી, રહેતા નથી. એ નાભિમધ્યેથી ઊઠતો આદિનાદ છે. એ ત્રણે અવસ્થા પમાડે : જાગ્રત, સ્વપ્ન અને તુરીય. કંઠના સ્થૂળ બાહ્ય આકાશેથી ઊઠી, નાભિગત પ્રાણવાયુનું સૂક્ષ્મરૂપ લઈ, 'ભૂતાકાશ ભેદી પછી ચિત્ત-આકાશમાં લય પામે છે.' એ પરમ ચૈતન્યની અનુભૂતિ કરાવવાની ક્ષમતા ધરાવે છે એમ તત્ત્વવિદો કહે છે.

પાટલિપુત્ર : પાટલિપુત્ર એ, આમ તો આજનું પટણા (પણ સાશંક રહીને 'આમ તો' કહેવું પડે!) ગંગા અને શોણના સંગમ પરનું ખરું, પણ ઈ.સ. પૂર્વે ત્રીજી સદીમાં જ મગધની રાજધાની જેવું હતું, તેનીયે પહેલાં જે 'મગધ'ને સ્થાને પહેલા 'કીકટ' કહેવાતો તેનું મુખ્ય મથક હતું તે, જ્યાં પાણિનિ-પતંજલિ-જેવા કંઈક વિદ્વાનોનું પાણી મપાઈ જતું - 'શ્રૂયતે ચ પાટલિપુત્રે શાસ્ત્રકાર-પરીક્ષા' - તે, ભારતનાં ગણનાપાત્ર વિદ્યાધામોમાં ગણાવાતું તે, પ્રાકૃતભાષાના કાળે જેને પાટલિપુત્ત કહેતા તે, જે નામને ભ્રષ્ટ કરીને ગ્રીક એલચી મેગેસ્થિનિસે જેનું 'પાલિબોથ' કરી દીધું છે તે, અશોકના સમયમાં જે મહાલયો-મંદિરોથી મંડિત થયેલું તે - એ જૂનું 'પાટલિપુત્ર', 'પાડલિપુત્ત', 'પોલિબોધ', 'પાલિમબોધ', 'પ-લિયેન-ફુ', 'પુષ્પપુરી' - એવે જૂજવે નામ જે ઓળખાવાયું છે તે જ શું આજનું પટણા? રાજગૃહથી વૈશાલી જતા પ્રમુખ માર્ગમાં આવતાં આ વિશ્રામધામે અશોકના બે મંત્રીઓ, શુનીધ અને વર્ષકારે દુર્ગ બંધાવેલો ત્યારથી તેનું મહત્ત્વ વધતાં વધતાં, છઠ્ઠી સદી સુધીમાં તો જે મગધનું પાટનગર થયેલું એમ જેને માટે લખાયું છે તે આ જ? રાજા પુત્રકે એની રાણી પાટલિના નામ પરથી આ વસાવ્યું એવી કથા જેની સોમદેવ નોંધે છે; 'પાટલ' કહેતાં 'પુષ્પ' - એ અર્થ લેતાં જે ફૂલોની નગરી હતી તે આ? કોણે બંધાવ્યું? ક્યાં આવ્યું? આ બાબતમાં અઢારમી સદી સુધી તો તદ્દન અનિશ્ચિતતા પ્રવર્તતી હતી. ૧૮૭૮માં અંગ્રેજોના વખતમાં હિન્દુસ્તાનના આર્કિયોલોજિકલ સર્વેના રિપોર્ટમાં મૂળ પાટલિપુત્ર આજના પટણાની નજીક હોવાનું પ્રતિપાદિત થયું. એનાં ઝાઝેરાં અવશેષો ગંગાની બાઢોમાં કાળવ્હેણે તાણી ગયું એમ કહેવાયું. ૧૮૯૩માં વાડેલ અને સ્પૂનરે ખંડિયેરો પણ શોધી બતાવ્યાં. આ બધું પેન્ઝર (II 39), ડૉ. પ્રસાદ (હિંદી 'ક૦સ૦સા૦ તથા ભારતીય સંસ્કૃતિ', ચોખંબા, ૧૯૭૮; પૃ. ૧૭૨), ડૉ. વાચસ્પતિ દ્વિવેદી (હિંદી 'ક૦સ૦સા૦ એક સાંસ્કૃતિક અધ્યયન', ચોખંબા; ૧૯૭૭, ૪૩) - જેવા વિદ્વાનોએ નોંધ્યું છે. બાકી, 'કુમાર'ના કોઈ ઈતિહાસવિદ વાચક વધુ પ્રકાશ ના પાડે?

નંદ, વરરુચિ, વ્યાડિ : અહીં છે તે મુજબ તો આ ત્રણેય સમકાલીનો થયા ! વળી વરરુચિ તે જ કાત્યાયન. પાણિનિનો એ એક ભાષ્યકાર હતો. નંદને ચંદ્રગુપ્તનો એક પુરોગામી લેખીએ તો આ વૈયાકરણીઓ ઈ.સ. પૂર્વે ચોથી સદીના ગણાય. કાળગણનામાં સોમદેવ ચોકસ ન પણ હોય. કેટલાક પાણિનીય ભાષ્યકારો ને વૈયાકરણોના ઉલ્લેખો અહીં મળે છે, ને વ્યાકરણવિદ્યાનું તે કાળમાં કેવું મહત્ત્વ હતું ને જાણવા મળે છે. ભારતના સાંસ્કૃતિક ઈતિહાસની આવી સામગ્રી આવી કથાઓમાં - જનશ્રુતિઓમાં ભેળસેળરૂપે/વેરવિખેર પડી હોય ત્યારે જે તે વિષયના નિષ્ણાતો પોતાના વિષયની સામગ્રીની બાબતમાં પ્રકાશ પાડી શકે. બાકી, આવી નોંધ પણ ટહેલરૂપ, શોધપ્રક્રિયારૂપ, કાચારૂપની જ રહેવાની.

સૃષ્ટિસર્જનની પુરાકલ્પનકથાઓ



કાળસર્પથી વીંટળાયેલું
રજતઅંડ

કનુભાઈ જાની

'કથાસરિત્સાગર'ના પ્રથમ લમ્બકના બીજા તરંગને આરંભે (શ્લોક ૯ થી ૧૨) સૃષ્ટિસર્જનની એક મિથ છે. આ ગ્રંથ દસમી સદીનો છે. એ હિસાબે હજાર વર્ષ જૂની આ કથા થઈ. પણ મૂળ બૃહત્કથામાં હોય, તો બેક હજારની સહેજે થાય. વેદમાં (હિરણ્યગર્ભસૂક્તમાં) પણ છે. એ હિસાબે વળી ત્રણ હજાર વર્ષથી યે વધારેની ઠરે. આવી કથાઓ જગતભરની જૂની સંસ્કૃતિઓમાં છે એ કારણે, આવી કથાઓમાં કેટલુંક આશ્ચર્યજનક સામ્ય છે એ કારણે તથા આમાંની કેટલીક કલ્પના વિજ્ઞાનની નજીક પહોંચતી લાગે છે એ કારણે, એમ, કથારસથી ઇતર એવા ત્રિવિધ કારણોથી પણ, આવી મિથ્સ નોંધપાત્ર બને છે.

('મિથ' શબ્દ માટે ગુજરાતી પર્યાય શોધવા કે યોજવા જતાં 'પુરાકલ્પનકથા' જેવો સામાસિક શબ્દ યોજવો પડે, એ સિવાય બીજો-ત્રીજો કોઈ શબ્દ ચાલે એમ નથી ! 'પુરાણકથા' તો ન જ ચાલે. ઉઘાડી વાત છે. 'પુરાણ' ચીજ જુદી છે; એમાંની કથાઓ ને આ જુદી વસ્તુઓ છે. એકલી 'પુરાકથા' કહેવા જતાં માત્ર કાળનિર્દેશ જ થાય છે; એકલું 'પુરાકલ્પન' કહેવા જતાં 'કથા' ને 'કથન'નું તત્ત્વ છૂટી જાય. એ કારણે 'આધુનિક સાહિત્યસંજ્ઞાકોશ' જેવામાં આપેલા આ પર્યાયો ટૂંકા પડે છે. જેમ કોઈ વ્યક્તિ ' દેવીલાલ' હોય તો એ અંગ્રેજી, ફ્રેન્ચ, હિન્દી, વગેરેમાં પણ અફર જ રહે છે એમ 'મિથ' નામ અપનાવવું સારું. એથી શું અભિપ્રેત છે તે બરાબર જાણી લેવું : એમાં કોઈ પ્રકૃતિતત્ત્વમાં દૈવત્વ/દેવત્વનું આરોપણ હોય; એમાંનાં પ્રકૃતિતત્ત્વનું કલ્પન થયું હોય; અને એ શ્રદ્ધાભર્યા કલ્પનની આસપાસ, એની ઉત્પત્તિની કે શક્તિ/પ્રતાપની કથા હોય; જે તે સમાજ એ કથાને એવી સાચી ને ઉપકારક માનતો હોય કે કોઈ વિધિપ્રસંગે એ શ્રદ્ધાપૂર્વક કહેવાતી-સંભળાતી હોય. એ રસ માટે કહેવાતી - સંભળાતી નથી; અનુષ્ઠાન બનીને, શ્રદ્ધા બનીને આવે છે. Myth અને Mouth બન્નેનો ધાતુ એક છે ! એટલે આ કથા 'મંડાય'. આમ, મિથમાં ત્રણ તત્ત્વો હોય: 'પુરા'નું તત્ત્વ, 'કલ્પન'નું તત્ત્વ, અને 'કથા-કથન'નું તત્ત્વ. આથી જુદી તે "Tale" લોકકથા. એ કલ્પિત, તેથી ખોટી હોઈ શકે; જ્યારે આ તો જે-તે સમાજને મન 'સાચ્ચી' જ કથા આવો એના મૂળ વાહકોનો એની પ્રત્યેનો અભિગમ, એથી તદ્દન જુદો આપણો, ભદ્રવર્ગનો અભિગમ, મિથ એટલે ગપ્પું. આ અભિગમલક્ષી અર્થઘટનો થયાં. પણ 'મિથ' શબ્દ બેય રીતે પ્રચલિત છે. લોકવિદ્યામાં એ વિશિષ્ટ કથાપ્રકાર છે; ભદ્રવર્ગમાં અલીક (જૂઠાણું) !)

આ મિથનો વ્યવસ્થિત અભ્યાસ ૧૮૨૫માં કાર્લ ઓટફ્રીડ મિલરથી આરંભાયો. મેક્સમૂલરે એને લોકપ્રિય બનાવ્યો. જે 'નામ' (nomina) હતું તે જ 'દેવરૂપ' (numina) પામ્યું, એવો શબ્દહ્રાસનો સિદ્ધાંત એમણે આપ્યો. દેવસૃષ્ટિનો આરંભ સૂર્યમાંથી; એથી લગભગ બધી કથાઓનાં મૂળ સૂર્યકથામાં મળે એમ પણ સિદ્ધાન્ત સ્થાપ્યો. એન્ડ્રયુ લેંગે એના વિરોધમાં કહ્યું કે આ તો, ટાયલર જેવા નૃવંશશાસ્ત્રીઓ કહે છે તેમ, માનવજાતની શિશુકાળની કલ્પનાલીલા છે. પછી બાર ગ્રંથોમાં દેવસૃષ્ટિની ઉત્પત્તિકથા આપી વિલ્હેમ શ્મિટે (Schmidt). મિથનાં મૂળ વિધિ-વિધાનોમાં છે એમ મનાયું; તો ફ્રોઈડ-જૂંગે લોકમાનસને Collective Unconsciousમાં મૂળ કહ્યાં. લેવી સ્ટ્રોસે વળી મિથ્સની સંરચનામાં રસ લીધો. એમણે કહ્યું કે એક છેડેથી વિજ્ઞાન અને બીજે છેડેથી આ મિથ બન્ને પ્રવૃત્તિઓ મૂળમાં તો છે પ્રકૃતિ શોધ સમજની જ : ..the kind of logic which is used in mythical thought is as rigorous as that of modern science, and the difference lies not in the quality of the intellectual process, but in the nature of the things to which it is applied" ('Myths', A. Eliot etc., McGraw Hill., 1976, P.16) મિથમાં પણ તર્ક તો વિજ્ઞાન જેવો જ લડાવાય છે, બુદ્ધિશક્તિ પણ પ્રયોજાય છે; ભેદ છે તે માત્ર અભિગમનો છે, કયા તત્ત્વને આ બુદ્ધિ કેમ જુએ છે તે છે. લેવી સ્ટ્રોસ કહે છે કે આને ભાષાની રીતે ન જુઓ; આ તો સંગીતાત્મક સંરચના છે: the structure of myth is closer to music than language. આમ ભાષાના હ્રાસથી 'ભાષાનું સંગીત' સુધીની વિચારધારા મિથ વિષે છે. અનેક દૃષ્ટિએ એનાં અધ્યયનો થાય છે. આજે હજી એવા સમાજો છે જેમાં મિથ જીવે છે; એના સભ્યોને મન એ 'સાચી વાતો' છે; પણ ગમે ત્યારે, ગમે તે દ્વારા, ગમે તેને ન કહેવાય. હા, Tale ગમે તે કહે, ગમે તેને કહે, ગમે ત્યારે કહે!

સૃષ્ટિસર્જનની મિથ્સના ચારેક વિભાગો કલ્પી શકાય:

(૧) શૂન્યમાંથી કોઈ સ્રષ્ટા દ્વારા સર્જન. દા.ત. ઇજિપ્તના પ્તાહ ;

(૨) સાગરજળની માટીમાંથી સર્જન;

(૩) એક સ્રષ્ટા પોતે બેમાં વિભક્ત થઈને સૃષ્ટિ સર્જે; અને

(૪) એક મૂળ પિંડ/પુદ્‌ગળ/અંગમાંથી ઉત્પત્તિ થાય.

આમાંની ચારે પ્રકારની કથાઓ ભારતની જુદીજુદી સંસ્કૃતિઓમાંથી મળે; પણ છેલ્લા બે પ્રકાર અહીં પ્રસ્તુત છે.



ચીનની સૃષ્ટિઉત્પત્તિકથાનું કલ્પનાચિત્ર : પાંગ્-કુંગ્

બ્રહ્માએ પુરુષ અને પ્રકૃતિ સર્જ્યાં. એ વાત નોર્વેમાં, મેસોપોટેમિયામાં ને ભારત-ચીનમાં છે. એક મૂળ પિંડવાળી કથાઓ ત્રણ રીતે આવે છે:

૧. આકાશ ને પૃથ્વી જુદાં પડતાં, સૃષ્ટિનાં માત-પિતા બને, એ કથા પ્રાચીન ઇજિપ્ત, મેસોપોટેમિયા, ગ્રીસ, પૂર્વ એશિયા, પોલિનેશિયા વગેરેમાં વ્યાપક રીતે પ્રચલિત છે.

૨. એક વિરાટ આકારહીન પુદ્ગલ, અપંચીકૃત સ્થિતિમાં, અંધાધૂંધ અવ્યવસ્થાની સ્થિતિમાં હોય, chaos હોય, અનવસ્થા હોય, અસત્ હોય, તિમિર હોય; ત્યાં સત્નું બીજ પ્રકટે.

૩. એક અંડના બે ભાગ થાય: આ કથા ભારત, ઇન્ડોનેશિયા, પોલિનેશિયા, ઇરાન, ગ્રીસ, ફીનિશિયા, ફિન્લેન્ડ, મધ્ય અમેરિકા, અને દક્ષિણ અમેરિકાના પશ્ચિમ કિનારે પ્રચલિત છે.

સૃષ્ટિ-ઉત્પત્તિ વિષેની જિજ્ઞાસા સ્વાભાવિક તેમજ વ્યાપક હોય તે સહજ છે. સૃષ્ટિવિદ્યા કે બ્રહ્મવિદ્યા હોય, શંકરને થયો હતો એવો પ્રશ્ન થાય તે સ્વાભાવિક છે:

કો હં? કથમિદં જાતં? કો વૈ કર્તાઽસ્ય વિદ્યતે? ઉપાદાનં કિમસ્તીહં? વિચાર: સોયમીદૃશ:. કોણ હું? આ થયું કેમ? આનો છે કોઈ સર્જક? ઉપાદાન કયું આનું? આવા પ્રશ્નો જ ઉદ્ભવે.

વિશ્વોત્પત્તિવિદ્યા (Cosmology) કે કોસ્મોગ્રાફી અનુસાર બ્રહ્માંડમાં બધાં જ ઘટકો એક કાળે, આશરે પંદર અબજ વર્ષ પહેલાં, એક ગોળાના રૂપમાં હતાં. એ સંપુટમાંના ઇલેક્ટ્રોન્સ, પ્રોટોન્સ અને ન્યુટ્રોન્સમાં જે અનેક પ્રકારની આંતરિક વિઘટન-સંઘટનની પ્રક્રિયાઓ ચાલી રહી હતી તેને કારણે, એક મોટો વિરાટ વિસ્ફોટ થયો - Big Bang એમાંથી વિશ્વ સર્જાયું એવો એક વાદ જ્યોર્જ ગેમોવે પ્રચલિત કરેલો છે. (વધુ માહિતી માટે, આ વિષયનું એક અત્યંત રસપ્રદ પુસ્તક, જ્ઞાન-ગંગોત્રી, ગ્રંથ-૧, શ્રી છોટુભાઈ સુથારનું 'બ્રહ્માંડદર્શન' જોવું. પૃ. ૧૨૮) આમ, પૃથ્વી જેવા ગ્રહનું મૂળ કારણ Intersteller gas. આમાંનો Gas શબ્દ chos પરથી આવ્યો. (જુઓ David Maclagan કૃત "Creative Mytns", Thames & Hudson;1979; P.14 Line 6th : 6 the Word is derived from "Chaos'.")

મિથ્સમાં પણ એવું આવે છે કે સૃષ્ટિઆરંભે ઘોર અસત્ હતું, ભયંકર અંધાધૂંધી હતી, નિદ્રા જ નિદ્રા હતી; chaos હતો. આ અનંત લાગતા 'અસત્' પર 'સત્'નો એક શેષ ભાગ પ્રગટયો. તે 'નર'. તેણે પહેલાં સર્જ્યું જળ; એમાં રોપ્યું બીજ. એમાંથી એક સુવર્ણ અંડ પ્રગટયું. એમાંથી પ્રગટ્યા બ્રહ્મા. આ નરે પહેલાં કર્યાં 'પાણી'; એટલે 'પાણી' કહેવાયાં. નરની પુત્રીઓ - 'નારા'. અને એ જ નરનું પહેલું આશ્રયસ્થાન તેમજ ગંતવ્ય પણ. એટલે નારામાં અયન કરનાર તે 'નારાયણ'.

વળી વેદમાં (૧૦ : ૧૨૧ : ૧) છે :

"હિરણ્યગર્ભ સમવર્તતાગ્રે ભૂતસ્ય જાત: પતિરેક આસીત્".

ભાગવતમાં (૩ : ૬ : ૬) કહ્યું છે :

હિરણ્મય: સ પુરુષ: સહસ્રપરિવત્સરાન્,
અણ્ડકોશ ઉવાસાપ્સુ સર્વસનત્ત્વોપબૃંહિતે.

હિરણ્મય તે પુરુષે સહસ્ર વર્ષનો કર્યો
અંડોકશજલે વાસ, સર્વસત્ત્વમયી બની.

આ હિરણ્મય પુરુષ હજારો વરસ અંડસ્થ રહ્યા પછી, ઈંડું ફોડીને પ્રગટયો, ને સૌમાં અનુસ્યૂત થયો તેથી કહેવાયો 'સૂત્રાત્મા', સર્વને જોડનાર તત્ત્વ, ચૈતન્ય. (આના આધ્યાત્મિક અર્થઘટનના જિજ્ઞાસુઓએ જોવું મકરન્દ દવે અને કાલાણી-કૃત 'વિષ્ણુસહસ્રનામ', ૧૯૮૪, પૃ. ૫૨ અને ૪૧૬.)

પછી એ ઈંડું ફાટયું. એનાં જે બે ફાડિયાં થયાં તે દ્યૌ: અને પૃથિવી.

જળમાંથી જીવન પ્રકટ્યું એ જગત આખાની પુરાકલ્પન-કથાઓમાં છે. પૃથ્વીને જળમાં ડૂબતી જોઈને બ્રહ્માએ વરાહરૂપ લઈ, જળે ડૂબકી મારી, પોતાની દંતૂડીઓ પર લઈ પૃથ્વીને જળની બહાર કાઢી, ધરી રાખી.

'અંડ'ની કલ્પના અને એ ફાટવાથી થયેલાં આકાશ-પૃથ્વી એ કલ્પના, ઈજિપ્તના પ્તાહ-દેવમાં, નોર્સ/Ymirમાં, ચીનના પાંગ કુંગમાં.

આ છેલ્લે ઉલ્લેખેલા પાંગ્-કુંગ્ (કે પાં-કું)નું કલ્પનાચિત્ર જોવા જેવું છે. આપણા દૂરદર્શનમાં સમાચાર પહેલાં ગોળો આવે છે તે પહેલાં

એના પરનાં બે ફરતા ગોળાર્ધોનાં પ્રતીકો યાદ રાખો. એ જાણે પેલા ગોળાને ફરતી, ને પરસ્પરને પકડવા મથતી બે માછલી ! એ પાં-કુંના ફૂટેલા ઈંડાના આ બે જાણે કોચલાં. પાં-કુંએ એ બે કોચલાં જુદાં પાડ્યાં, ને એમાંથી થયા યિંગ(Yin : પૃથ્વી) અને યાંગ(Yang : આકાશ). ભારતની હિરણ્યગર્ભની કથા અને ચીનની આ સૃષ્ટિઉત્પત્તિકથા કેટલી સમાન છે ! આકાશ તે પિતા, પૃથ્વી તે માતા. એમાંથી જન્મી પ્રાણી સૃષ્ટિ. ચીની યિંગ્ અને યાંગ્નાં પ્રતીકોમાં યિંગ્ નારીનું ને યાંગ્ નરનું પ્રતીક છે. યિંગ્ તે પૃથ્વી; કાળા રંગે તે દર્શાવાય; અને યાંગ્ આકાશ, ધોળા રંગે. પણ આ બન્ને એકબીજામાં હળી-ભળી જતાં હોય. બે વિરોધી લક્ષણોનો સમન્વય સધાય. વિરોધ દેખાય ત્યાં સંવાદ સ્થપાય ! એ સૃષ્ટિ !

ગ્રીક ઓર્ફ્યૂસને લગતી મિથમાં પણ અંડની વાત આવે છે. જગતના સ્રષ્ટા ડાયોનિસસ્ આવા રજત-અંડનમાંથી (સિલ્વર-એગમાંથી)જન્મ્યા . એ અંડને કાળસર્પ વીંટળાયેલો હતો. (આપણે ત્યાં નારાયણ શેષશાયી છે એ યાદ કરો. બન્ને સ્થળે શેષ છે અનંતનું પ્રતીક.) એણે જયારે ઘડી (Need) આવી ત્યારે ઈંડું ફોડ્યું. એમાંથી જન્મ્યો કામ (Love). (રોમન ક્યૂપિડથી તદ્દન જુદો.) એની આંખોમાં હતો પ્રેમાગ્નિ. નિશા (Night)નો એ પિતા. ઝ્યૂસ એને ગળી ગયો; પાછો એને સર્જવો પડ્યો. એ કથાનો અંગ્રેજી પદ્યાંશ આવો છે :

When Time and Wailing Need
Split the ancient egg
Outstepped Love the first-born
fire in his eyes,
Wearing both sexes
glorious Eros
father of immortal Night
whom Zeus swallowed and brought back.

"કાળ અને વિલપતી ઘડી થકી
જયારે તૂટ્યું પુરાણું એ ઈંડું
પ્રથમ બહાર આવ્યો 'કામ' -
આંખ મહીં આગ ભરી
ઉભય લિંગને ધરી જળાહળા એરોઝ[1]
અમર્ત્ય નિશાનો પિતા
ઝ્યૂસ[2] ગયો ગળી જેને; પુન: પાછો આણી." (અનુવાદ. ધી. પ.)

બ્રહ્માને સર્જનાર શિવે કામદહન ભલે કર્યું, કામે જ શિવ-પાર્વતીને એક કર્યાં ! પ્રેમની જ કથા આખરે ! સૃષ્ટિનું બીજ શું સ્નેહ છે?□

---

૧. ગ્રીક પુરાકલ્પનકથા પ્રમાણે પ્રેમદેવતા વિનસ અને જૂપિટરનો પુત્ર. કેટલાકના મત પ્રમાણે વિનસ અને મર્ક્યુરિ (બુધ)નો પુત્ર સાઈકિ (Psyche) નામની પરી સાથે તેનું લગ્ન થયેલું.

૨. પ્રાચીન ગ્રીક પ્રજાનો મુખ્ય દેવતા. રોમનો એને જૂપિટર (ગુરુના ગ્રહ) તરીકે ઓળખે છે.


આરોગ્યસૂત્ર

- સાલમુબારક વાચકમિત્રો. નૂતનવર્ષના અભિનંદન. નિત્યનૂતન રહેવું છે? તો જીવનમાં શ્રમને, વ્યાયામને રોજિંદુ સ્થાન આપવાનો સંકલ્પ કરો. સૂર્યનમસ્કાર કરો, તરો, દોડો, ચાલો. અનુકૂળતા પ્રમાણે વ્યાયામ કરો. વ્યાયામથી ગાત્રો, માંસપેશીઓ ઘન અને સશક્ત બને છે. વ્યાયામથી શરીરમાં સ્ફૂર્તિ અને તાજગી આવે છે. વ્યાયામ શરીરને સપ્રમાણ અને સુંદર બનાવે છે.
- આમળા વિટામીન 'સી'થી ભરપૂર છે. આધુનિક સંશોધન પ્રમાણે વિટામીન 'સી'ના સેવનથી શરદી સામેની પ્રતિકાર શકિત વધે છે. આ ઋતુકાળમાં ત્રણ-ચાર રોજ તાજાં લીલાં આમળાં ખાવાં.
- અકાળે વાળ સફેદ થયા હોય તથા વાળ ખરતા હોય તો રોજ ત્રણ-ચાર આમળાંનો રસ કાઢીને પીવાનું રાખો. સિઝનમાં જયાં સુધી આમળાં મળે ત્યાં સુધી રોજ રસ પીવાથી અકાળે વાળ સફેદ થતા તેમજ ખરતા અટકશે.
- ચામડી રુક્ષ, બરછટ અને ઝાંખી પડી જાય છે? એને સ્નિગ્ધ, મુલાયમ અને કાંતિમાન કરવી છે? રોજ સવારે સરસિયા તેલની કે તલનાં તેલની માલીશ સારી રીતે કરો. અર્ધા કલાક પછી હળદર ચોળીને નવશેકા પાણીથી સ્નાન કરો. કાયમ માલીશ કરવાનો નિયમ રાખો કમસે કમ શિયાળામાં તો તેલમાલીશ કરો જ.
- શરીર ઠંડુ પડી જાય છે? હાથ-પગનાં તળિયાં ઠરી જાય છે? સરસિયાની માલીશ કરો અને ઘી-ગોળ-સૂંઠ સમભાગે ભેગાં પાંચ મિનિટ શેકીને સવારે-સાંજે દશદશ ગ્રામ ચાવી જવાનું રાખો. શૈત્ય દૂર થશે અને શરીરમાં ગરમાવો અને શકિત આવશે.
- રક્તકણ (હિમોગ્લોબિન) વધારવા છે? સુવર્ણવસંતમાલતી અને કાસીસભસ્મ એકએક રતી ભેગાં કરી મધમાં ઘૂંટીને રોજ સવારે ચાટો. ઉપર દૂધ પીઓ. આખો શિયાળો આ પ્રયોગ કરો.
- માસિક ઓછું આવે છે? ખુલાસીને આવે તે માટે 'મહારાસ્નાદિ ક્વાથ' દિવસમાં ત્રણ વખત નિયમિત અનુકૂળ સમયે એકએક ચમચો પીવાનું રાખો.
- બગાસાં બહુ આવે છે? કાયમની ફરિયાદ છે? પ્રથમ તો પૂરતી ઊંઘ લો. ઉજાગરા ન કરો. ચોખ્ખી હવા આવતી હોય ત્યાં ઊભા રહી ઊંડેથી શ્વાસ લો અને ધીમેધીમે મૂકો. આ રીતે સમય મળે ત્યારે પાંચ-પાંચ મિનિટ કરો. લોહીમાં રક્તકણ ઓછા હોય તો ઉપર રક્તકણ વધારવા માટે બતાવ્યાં છે તે ઔષધોનું સેવન કરો.

'પુનર્વસુ'

વાન ગોહ અને ખગોળની યુતિ

ડૉ. સુશ્રુત પટેલ




યૂરોપમાં આજથી સો વર્ષ પહેલાં સાંસ્કૃતિકક્ષેત્રે બે મહત્ત્વની ઘટનાઓ બની. વિન્સેંટ વાન ગોહ નામના અતિ સંવેદનશીલ ડચ કલાકારે ઈ. ૧૮૯૦ની ૨૭ જુલાઈએ છાતીમાં ગોળી મારીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો અને ૨૯મી જુલાઈએ અંતિમ શ્વાસ લીધો; તો ઇંગ્લૅંડમાં એ જ વર્ષે ૧૬મી (કેટલાક સંદર્ભ પ્રમાણે ૧૫મી) સપ્ટેમ્બરે એક એવી બાળકીએ શ્વાસનો પ્રથમ ઘૂંટ ભર્યો કે જે આગળ જતાં, આત્મહત્યાના કિસ્સાને ખૂનમાં ખપાવવાના કાલ્પનિક કિસ્સાઓ ચગાવવાની હતી, કાતિલ ઝેરશાસ્ત્રમાં માહેર બનવાની હતી અને દુનિયા આખીમાં રહસ્યકથા-લેખિકા આગાથા ક્રિસ્ટીના નામે ઝળકવાની હતી. પરસ્પર લેવાદેવા વિનાની અને અમુક દિવસોના ગાળે બનેલી વિસર્જન અને સર્જનની આ ઘટનાઓની તત્કાલીન સમાજે ભલે કશી નોંધ લીધી ન હતી, પણ આજે ૧૯૯૦માં, સો વર્ષ બાદ સમગ્ર જગત આ બંનેની અનુક્રમે મૃત્યુ-શતાબ્દી અને જન્મશતાબ્દી બહુ ધામધૂમથી ઊજવી રહ્યું છે. બલ્કે એમ કહેવું જોઈએ કે આ બંનેએ પોતપોતાના ક્ષેત્રમાં એટલું તો મહત્ત્વનું પ્રદાન કર્યું છે કે સાંપ્રત સમાજે એમની નોંધ લીધા વગર ચાલે તેમ નથી.

વાન ગોહની વાત કરીએ તો કહેવું જોઈએ કે વર્ષો નહિ, પણ કાર્યો જ માણસને પરિપક્વ બનાવે છે. બાકી વાન ગોહ જીવ્યો કેટલું? ૩૦મી માર્ચ ૧૮૫૩ થી ૨૯મી જુલાઈ ૧૮૯૦. બધું મળીને ૩૭ વર્ષ. અને એમાંય એણે ચીતરવાનું તો પાછલી ઉંમરે ચાલુ કરેલું, અને દસેક વર્ષના ગાળામાં તો એણે બે હજારથી પણ વધુ સંખ્યામાં રંગીન ચિત્રો, ત્વરિત રેખાંકનો (સ્કેચિઝ) વગેરેનો ફાલ ઉતાર્યો છે. એવું લાગે છે કે દસ વર્ષનો આ ગાળો ઘણો સર્જનાત્મક રહ્યો છે, કારણ કે ચિત્રો ઉપરાંત, પોતાનાથી ચારેક વર્ષે નાના એવા પોતાના ભાઈ થીઓ ઉપર એણે સેંકડો પત્રો લખ્યા છે, આ બધા પત્રો સંપાદિત થઈને ત્રણેક વૉલ્યુમમાં પ્રસિદ્ધ પણ થયા છે. ૧૯૫૮માં પ્રસિદ્ધ થએલા આ પત્રો અંગે ઘણા વિદ્વાનોનું માનવું છે કે જો વાન ગોહ ચિત્રકાર ન બન્યો હોત તો કદાચ બહુ મોટા ગજાનો લેખક બન્યો હોત ! પત્રો ઉપરાંત, વાન ગોહની અંગત ડાયરીઓ પણ છે. આ બધા માધ્યમોમાં એક બેચેન આત્મા છતો થાય છે. જીવતે જીવ જેની માત્ર એક જ ચિત્રકૃતિ અને તે ય તે મામૂલી કિંમતે વેચાઈ હતી એવા વાન ગોહના મૃત્યુની એક સદીની અંદર જ એની કલાકૃતિઓના ભાવ સાતમા આસમાને પહોંચ્યા છે ! જેમ કે ૧૯૮૭માં લંડન ખાતે 'સન-ફ્લાવર્સ' નામની એની ચિત્રકૃતિ આશરે ૬૭ કરોડ રૂપિયામાં વેચાઈ, તો ત્યાંથી જ બીજી એક ચિત્રકૃતિ ધ બ્રિજ એટ ટ્રિંકવેટેઈલ આશરે રૂપિયા ૩૪ કરોડમાં વેચાઈ. તો ૧૯૮૭માં નવેમ્બરમાં ન્યૂ યૉર્ક ખાતે એની એક કૃતિ - 'આઈરિસીસ' (Irises) અંદાજે રૂપિયા ૯૦ કરોડથી પણ વધુમાં વેચાઈ, જે પોતે એક અજોડ વિશ્વવિક્રમ છે. કલાના ઇતિહાસમાં આટલી ઊંચી કિંમતે આજ દિન સુધી કોઈ ચિત્ર ખરીદાયું નથી. મઝાની એક વાત એ છે કે આ ચિત્રને ખરીદનાર ઑસ્ટ્રેલિયન ગ્રાહકને તો આ ચિત્રકૃતિ થોડી સસ્તામાં પતી, કારણકે એ તો ૧૦૦ કરોડની તૈયારી સાથે આવ્યો હતો ! આમ, વર્ષો વર્ષ વાન ગોહની કલાકૃતિઓનું બજાર-મૂલ્ય તેમજ કલા-મૂલ્ય લગાતાર વધતું જ રહ્યું છે. એના જીવનકાળ દરમ્યાન એકાદ વાર જ કોઈકે એના ચિત્રોની પ્રશંસાત્મક સમીક્ષા કરેલી એ વાન ગોહ અંગે ઢગલાબંધ સાહિત્ય લખાઈ ચૂક્યું છે, તો એના જીવન અને કાર્ય પર આજ સુધીમાં પચાસથી પણ વધુ ચલચિત્રો બની ચૂક્યાં છે. વાન ગોહના જીવન પર આધારિત ચરિત્ર-નવલકથા (બાયોગ્રેફિકલ નૉવેલ) 'લસ્ટ ફૉર લાઈફ'ના નામથી જ બનેલી ફિલ્મથી આ ફિલ્મોની શરૂઆત થઈ હતી.

અહીં 'લસ્ટ ફૉર લાઈફ' અંગે તથા એના કર્તા અંગે થોડી આડવાત કરી લઈએ. નવલકથા અને જીવનકથાની જુગલબંદીમાં પારંગત એવા એના લેખક ઇરવિંગ સ્ટોને વાન ગોહના જીવન ઉપરાંત, માઈકલ ઍંજેલો (ધી એગનિ એન્ડ ધી એક્સ્ટસિ), સિગમંડ ફ્રોઈડ (ધ પેશન્સ ઑફ ધ માઈન્ડ), ચાર્લ્સ ડાર્વિન (ધી ઑરિજિન) વગેરે જેવા મહાનુભાવો ઉપર પણ હાથ અજમાવ્યો છે. સ્થળોએ જઈ, પ્રત્યક્ષ નિરીક્ષણ કરી, વિસ્તૃત સંશોધન કરીને માહિતીસભર આવી બે ડઝનથી પણ વધુ કૃતિઓ ઇરવિંગ સ્ટોને આપી છે, જેની ત્રણ કરોડથી પણ વધુ નકલો વેચાઈ ચૂકી છે. લેખનનો મબલક અને મોભાદાર ફાલ ઉતારનાર ઇરવિંગ સ્ટોનનું ૮૬ વર્ષની વયે હજુ તો ગયા વર્ષે જ, સપ્ટેમ્બર ૧૯૮૯માં લોસ ઍંજલિસ ખાતે અવસાન થયું. અલબત્ત, અન્ય કિસ્સાઓમાં બને છે તેમ, આપણા પ્રચાર માધ્યમોએ એની નોંધ ભાગ્યે જ લીધી.





ડાબી બાજુ છેડે : અર્લ રૉસે ૧૮૪૫માં દોરેલું અને ૧૮૫૦માં પ્રકટ થએલું 'એમ-૫૧' તારાવિશ્વનું ચિત્ર અને બાજુમાં એ જ વમળ તારાવિશ્વ (એમ-૫૧)નો વર્ષો બાદ લેવાએલો ફોટોગ્રાફ. બંનેનું સામ્ય અને વાન ગોહે ૧૮૮૯માં કરેલા ચિત્ર 'સ્ટારિ નાઈટ'માં દેખાડેલા આકાશી પિંડોના સર્પિલ વલયરચના જેવા રંગલસરકાઓ સરખાવો. શું અર્લ રૉસના ચિત્રે વાન ગોહને કંઈ પ્રેરણા આપી હશે ?

વાન ગોહને સમજવા માટે 'લસ્ટ ફોર લાઈફ' ની બરાબરી કરે એવું એકપણ પુસ્તક નથી. વર્ષો પહેલાં - જાન્યુઆરી ૧૯૭૧માં, એનો 'સળગતાં સૂર્યમુખી' નામે શ્રી વિનોદ મેઘાણીએ ગુજરાતીમાં અનુવાદ કર્યો હતો. અંગ્રેજી પુસ્તકની અવેજીમાં આ અતિસુંદર ગુજરાતી અનુવાદ વાંચવાની ભલામણ કરવાની લાલચ રોકી શકાતી નથી. મુશ્કેલી એ છે કે આ પુસ્તક હાલમાં અપ્રાપ્ય છે. વાન ગોહની મૃત્યુશતાબ્દી નિમિત્તે એના પ્રકાશક (આર.આર.શેઠની કંપની) એની બીજી આવૃત્તિ પ્રસિદ્ધ કરીને આ મહાન કલાકારને યોગ્ય અંજલિ આપી શકે.

પ્રશ્ન એ થાય છે કે ગુજરાતીમાં સ્વતંત્ર જીવનચરિત્રાત્મક નવલકથાઓ કેટલી? ગણી જોજો. એમની સંખ્યા એટલી તો અલ્પ છે કે આંગળીઓના વેઢાની વાત તો બાજુએ રહી, એકાદ હાથની આંગળીઓનાં ટેરવાં પણ કદાચ વધારે પડે ! શ્રી ઝવેરચંદ મેઘાણીની 'માણસાઈના દીવા' કૃતિ પૂ. રવિશંકર મહારાજના કેટલાક પ્રસંગોને ટાંકે છે ખરી, પણ આ કક્ષામાં એ આવે ખરી? સ્વામી આનંદની કેટલીક કૃતિઓને પણ આમાં સ્થાન મળે ખરું? શ્રી દિનકર જોષીને નામે આવી બે કૃતિઓ ફાળવી શકાય. એક નર્મદના જીવન પર આધારિત (એક ટૂકડો આકાશનો) અને બીજી ગાંધીજીના પુત્ર પર આધારિત. અલ્પસંખ્યક સાહિત્યના આ પ્રકારમાં તાજેતરમાં પ્રસિદ્ધ થએલી પ્રકૃતિવિદ્ રૂબિન ડેવિડના જીવન પર આધારિત નવલકથા 'પિંજરાની આરપાર' ખાસ ઉલ્લેખનીય છે : એક તો એના લેખક શ્રી માધવ રામાનુજની શૈલીને કારણે અને બીજું એમાં મૂકવામાં આવેલાં રૂબિન ડેવિડનાં પુત્રી એસ્થર ડેવિડના ત્વરિત ચિત્રાંકનોને કારણે.

લેખક ઈરવિંગ સ્ટોન, પ્રાણીવિદ્ રૂબિન ડેવિડ અને પુસ્તકમાં ચિત્રાંકનોની વાત નીકળી છે તો એના સંદર્ભમાં વર્લ્ડ વાઈલ્ડ લાઈફ ફંડના એક સ્થાપક પીટર સ્કોટનું પણ સ્મરણ કરી લઈએ. આવો સ્વૈરવિહાર કરવાનું કારણ એ છે કે ઍન્ટાર્કિટના શોધસફરી રૉબર્ટ ફાલ્કન સ્કોટ (૧૮૬૮-૧૯૧૨)ના આ પુત્રમાં ઉપરોકત ત્રણેય ગુણો હતા. જેમ કે નેચરલ હિસ્ટરી પર એમણે ઘણું કામ કર્યું છે અને એ વિષય ઉપર ૧૮ ગ્રંથો લખ્યા છે, તો વીસથી પણ વધુ પુસ્તકોને પોતાનાં ચિત્રોથી શોભાવ્યાં છે. એ 'હતા' એટલા માટે લખ્યું છે કારણ કે ઈરવિંગ સ્ટોનના મૃત્યુના મહિનામાં જ, એટલે કે સપ્ટેમ્બર ૧૯૮૯માં જ, ૭૯ની વયે એમનું પણ અવસાન થયું છે.


પણ આમ વાતોનાં વલાળાં કરીશું તો મૂળ કહેવાનું રહી જશે. એટલે આપણે વાન ગોહ પર પાછા વળીએ.

આમ તો, વાન ગોહનો સંવાદ પોતાની ચોપાસની પ્રત્યેક જડ તેમજ ચેતન ચીજવસ્તુઓ સાથે હતો, એટલે આકાશ તો કેવી રીતે બાકાત રહે? થીઓ પરના એક પત્ર (પત્ર ક્રમાંક. ૫૩૭, સપ્ટેમ્બર ૧૮૮૮)માં એણે લખ્યું છે. 'The Problem of Painting night interests me enormously.' ક્યાંક તે તારાઓને 'ભૂરી રાત્રિમાં સળગતા મોટા ગેસ લેમ્પ' તરીકે ઓળખાવે છે. આકાશના આ ચુંબકીય આકર્ષણને કારણે 'કાફે ટેરેસ ઍટ નાઈટ', 'ઈવનિંગ સ્ટ્રોલ' વગેરે જેવાં ડઝનથી પણ વધારે ચિત્રોમાં એણે આકાશને ભપકાદાર રીતે ઉપસાવ્યું છે, અને કેટલાંક ચિત્રોમાં તો આકાશના જ્યોતિઓનું એટલું તો વાસ્તવિક ચિત્રાંકન કર્યું છે કે છેલ્લાં થોડાં વર્ષોથી ખગોળશાસ્ત્રીઓનું પણ આ પરત્વે ધ્યાન દોરાયું છે !

આ સંદર્ભમાં વાન ગોહનાં ત્રણેક ચિત્રોનો પશ્ચાદ્-દર્શી (retrospective) અભ્યાસ કરીશું. આ ચિત્રો છે. 'સ્ટારિ નાઈટ' (Starry Night - તારાજડિત રાત), 'સ્ટારિ નાઈટ ઑન ધ રોન' (Starry Night on the Rhone - રોન નદી ઉપર ઝળૂંબતી તારાજડિત રાત) અને 'રોડ વિથ સાયપ્રસ' (Road with Cypress - શરૂના વૃક્ષની સોબતમાં).

છેલ્લા ચિત્રની વાત પહેલાં કરીશું. 'રોડ વિથ સાયપ્રસ'નું બરાબર અવલોકન કરીશું તો એમાં ચિત્રિત કરેલા આકાશમાં ત્રણેક જ્યોતિપુંજો દેખાશે. વચ્ચોવચ્ચ મૂકેલા ઊભા શરૂના ઝાડની ઊંચાઈ પણ દર્શકનું





સ્ટારિ નાઈટ) આકાશી તારાઓ દર્શાવતાં વાન ગોહનાં બીજાં બે ચિત્રો (સ્ટારિ નાઈટ ઑન ધ રોન

ધ્યાન કદાચ એ તરફ દોરવા જ પ્રયોજાઈ હોય એવો સંભવ પણ ખરો. ચિત્રમાં આકાશને કદાચ એટલે જ વધુ સ્થાન પણ ફાળવવામાં આવ્યું છે, જેથી બાકીનું આપમેળે ગૌણ બની રહે. (અને તે છતાંય, આશ્ચર્યની વાત તો એ છે કે અત્યાર સુધી કોઈપણ કલાવિવેચકનું ધ્યાન આ બાબત તરફ ભાગ્યે જ ગયું છે!) આ ત્રણ આકાશી પિંડોમાંનો એક - દર્શકની જમણી તરફનો - તો તરત જ ઓળખાય છે. ધન્વાકાર એ છે બાલચંદ્ર અથવા 'ક્રેસન્ટ મૂન' (Crescent Moon : ઈ.સ. ૧૯૧૪માં આ જ શીર્ષક હેઠળ પ્રસિદ્ધ થએલી રવીન્દ્રનાથ ટાગોરની કૃતિ - 'વિસ્મયના અમૃત લોકમાં લઈ જનાં શિશુકાવ્યો' - યાદ આવે છે?) સુદ પાંચમ, છઠ સુધીનો કે વદ અગિયારસ, બારસના ચંદ્રનો આકાર એટલે ધન્વાકાર ચંદ્ર. આવો બાલચંદ્ર આ ચિત્રમાં સ્પષ્ટ ઓળખાય છે. સંધ્યાટાણે દોરાએલા આ ચિત્રમાં બીજા બે ચળકતા આકાશી પિંડો કયા હશે ? આ પ્રશ્નમાં ખગોળશાસ્ત્રીઓને ખૂબ રસ પડ્યો.


પણ આ માટે આ ચિત્ર ક્યાં અને ક્યારે દોરાયું તે જાણવું બહુ જરૂરી છે. વાન ગોહના પત્રો પરથી એવું તારણ નીકળ્યું કે એણે આ ચિત્ર ફ્રાન્સના સાં રેમી (Saint-Remy)માંથી સાંજના સમયે દોર્યું હતું. અહીં એ ૩ મે ૧૯૮૯ થી ૧૬ મે ૧૮૯૦ સુધી, એમ એક વર્ષ રહ્યો હતો. આમ આ સમયગાળા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. ૧૬મી મેને આધાર બનાવીને ત્રણેક પ્રશ્નો ઉપર વિચાર કરવામાં આવ્યો. જેમ કે આ તારીખના પહેલાં આગલી અમાવાસ્યાની તારીખ કઈ હશે? સુદનો ચંદ્ર સાંજના આકાશમાં ફરી પાછો ક્યારે દૃષ્ટિગોચર થયો હશે?* શું એ સમયે ચંદ્રની આસપાસ કોઈ તેજસ્વી તારાઓ કે ગ્રહો હતા ખરા?


ગણકયંત્ર ઉપર ખગોળીય ફૉર્મ્યુલાનો કેવી રીતે ઉપયોગ કરવો તે બતાવતા પુસ્તક પરથી તૈયાર કરવામાં આવેલા એક વિશિષ્ઠ કૉમ્પ્યૂટર પ્રોગ્રામની મદદથી ખગોળશાસ્ત્રીઓએ શોધી કાઢ્યું કે ૧૬મી મે ૧૮૯૦ના પહેલાંની અમાસ ૧૯મી એપ્રિલે યુનિવર્સલ ટાઈમ (વિશ્વકાલ) અનુસાર આશરે ૮.૦૬ વાગ્યે થઈ હોવી જોઈએ, અને એ પછીની, એટલે કે ૧૯મી એપ્રિલ પછીની અમાસ થઈ હોવી જોઈએ ૧૮મી મેના રોજ. પણ મે મહિનાની આ અમાવાસ્યાના બે દિવસ પહેલાં, એટલે કે ૧૬મી મેના રોજ તો વાન ગોહ ટ્રેનમાં બેસીને પેરિસ જવા રવાના થઈ ગયો હતો.

એનો અર્થ એવો થયો કે એણે ૧૯મી એપ્રિલની અમાસ પછીનો શુક્લ પક્ષ કે સુદિ-ચંદ્ર (Waxing Moon) જોયો હશે. આ સુદિ-ચંદ્ર સાં રેમીમાંથી નિરીક્ષણ કરનારને બીજે દિવસે એટલે કે ૨૦મી એપ્રિલે સ્થાનિક સમય અનુસાર સાંજના ૭ના શુમારે આથમણી દિશામાં દેખી શકાયો હોય. અને એ સમયે બાલચંદ્રની વય અમાવાસ્યાથી ગણતાં માત્ર ૩૫ કલાક જેટલી હોવી જોઈએ. સાદી ભાષામાં કહીએ તો બીજનો ચાંદ - 'દૂજકાં ચાંદ' - અત્યંત પાતળી ચાપાકાર (Crescent) તેજરેખારૂપે જ દેખાતો હશે.

ચંદ્ર અંગે આટલી માહિતી મેળવાયા પછી પેલા ત્રીજા પ્રશ્નનો ઉકેલ લાવવો રહ્યો. ગણતરીઓએ દર્શાવ્યું કે બીજના ચાંદની આસપાસ કોઈ ચમકતો તારો હતો નહીં. હા, પાસેમાં પાસે રોહિણી (Aldebaran) નામનો પ્રથમ વર્ગ (First magnitude)નો એક તારો હતો ખરો, પણ એને નજદીકનો ગણી શકાય નહીં, કારણ કે એ બાલચંદ્રથી ૨૦ અંશ આઘે હતો. આ તબક્કે ખગોળમાં પ્રયોજાતા અંતર અંગે થોડું સમજી લઈએ. આકાશના કોઈપણ બે પદાર્થ વચ્ચેનું

* બાલચંદ્ર નરી આંખે કોણ પહેલા જોઈ શકે છે તે ખગોળ પ્રેમીઓમાં હંમેશા રસનો અને ચર્ચાનો વિષય રહ્યો છે. ઓછામાં ઓછા કેટલા કલાકની ઉંમરનો બાલચંદ્ર (નવો ચાંદ) હોય તો એને નરી આંખે દેખી શકાય એ અંગેની ખગોળ પ્રેમીઓમાં અને મુસ્લિમ ધર્મ ગુરુઓમાં એક રસમય હોડ બકાતી હોય છે !





વાન ગોહે 'રોડ વિથ સાયપ્રસ' ચિત્ર દોર્યું તે કાળનું, એટલે કે ૨૦ એપ્રિલ ૧૮૯૦નું આકાશ ઉપર દર્શાવ્યું છે. તેમાં ડાબી બાજુ દક્ષિણ અને જમણી બાજુ ઓતરાદું વાયવ્ય છે. ૨૦ એપ્રિલ (૧૮૯૦)ના રોજ સૂર્યાસ્ત પછી ૪૦ મિનિટ બાદનું આ આકાશ છે જેમાં બાલચંદ્ર, શુક્ર(વીનસ) અને બુધ(મકર્યુરી)નાં સ્થાન દર્શાવ્યાં છે. લગભગ આ જ સ્થિતિનું આકાશ વાન ગોહે પોતાના ચિત્રમાં દર્શાવ્યું છે, પણ ડાબું જમણું ઊલટસૂલટ. વાન ગોહનાં ચિત્રોમાં જોવા મળતી 'મિરર-ઈમેજ' આ બંને આકૃતિઓમાંના ચંદ્ર અને ગ્રહોનાં સ્થાન સરખાવતાં સમજાશે.

અંતર ક્યાં તો સરલ પદ્ધતિથી મપાય, એટલે કે એમની વચ્ચેનું ખરેખરું અંતર માઈલ, કિલોમીટર, યા પ્રકાશવર્ષ વગેરેમાં મપાય, યા તો પછી ચાપાત્મક યા કોણાત્મક (angular) પદ્ધતિએ મપાય. જેનું મધ્યબિંદુ પૃથ્વી છે અને જેની ત્રિજ્યા અનંત છે એવો આકાશનો કલ્પિત ગોળો એટલે ખગોલ (Celestial Sphere). આ આકાશી ગોળા (ખગોલ) પરનાં અંતર કોણીય માપમાં એટલે કે અંશમાં દર્શાવાય છે. કોટનું બટન ૫૦ તથા ૨૫ પૈસાના આકારની વચ્ચેનું હોય છે. આવું બટન જમીન પર પડ્યું હોય અને આપણે ઊભા રહીને તેની તરફ જોઈએ તો બટનનો વ્યાસ આપણી આંખ આગળ જે ખૂણો બનાવે તે લગભગ એક અંશ જેટલો હોય છે. આનાથી અંશના માપનો ખ્યાલ આવશે. અહીં ૨૦ અંશ એટલે આવાં વીસ બટન અડોઅડ મૂક્યાં હોય એટલું અંતર.


રોહિણી તારો આમ બાકાત થઈ ગયો. બીજા તારાઓનો તો સવાલ જ ન હતો. બાકી વાત રહી ગ્રહોની. સંશોધકોના આશ્ચર્યવચ્ચે એ નિશ્ચિત દિવસે બે ગ્રહો ચંદ્રની નજદીક હતા ખરા ! શુક્ર ચંદ્રથી ૪ અંશથી પણ ઓછા અંતરે હતો અને એનો દૃષ્ટ વર્ગ (Visual magnitude) માઈનસ થ્રી-પૉઈન્ટ નાઈન (-૩.૯) જેટલો હતો અને એટલે પશ્ચિમાકાશમાં એ ઝળહળતો હોવો જોઈએ. બીજો ગ્રહ બુધ હતો, જે શુક્રથી માત્ર ૩ અંશ જેટલા અંતરે હતો, અને માઈનસ વન-પોઈન્ટ-ટુ (-૧.૨) જેટલો દૃષ્ટ વર્ગ ધરાવતો હોવાને કારણે ચળકાટમાં આકાશના સહુથી તેજસ્વી વ્યાધના તારાની હરીફાઈમાં ઊતર્યો હોય તેવો દમામદાર હતો. પણ આ નિર્દિષ્ટ સમયે દેખાવ ઓછો પ્રભાવશાળી હતો. તેમ છતાંય, વાન ગોહની કલાકાર નજરથી તે અછતો નથી રહ્યો.

એટલે ૨૦મી એપ્રિલ ૧૮૯૦ના રોજ સાં રેમીમાંથી સૂર્યાસ્ત પછીના સાંધ્ય પ્રકાશમાં, ગોધૂલિટાણે આથમણી કોર, બાલચંદ્ર (બીજ) સાથે શુક્ર અને બુધની યુતિ (Conjunction) રચાઈ હતી એ સાબિત થયું. ગ્રહોની અપેક્ષાએ ચંદ્ર ઝડપથી આકાશી સ્થાન બદલતો હોવાને કારણે (ચંદ્ર પ્રતિ દિને આશરે ૧૩ અંશ જેટલું આકાશી અંતર ચાલે છે), આ ત્રણે ખગોળીય-પિંડોની યુતિ માત્ર ૨૦મી એપ્રિલના રોજ જ જોવા મળી હશે, કારણ કે બીજે જ દિવસે સાંજે તો એ વિખરાઈ ગયા હોવા જોઈએ.

સાં રેમીમાંથી ૨૦મી એપ્રિલ ૧૮૯૦ના રોજ સૂર્યાસ્ત પછી ૪૦ મિનિટે વાન ગોહે જોયેલું પશ્ચિમાકાશ કેવુંક હશે એનું પુનર્નિર્માણ કરતાં જે દૃશ્ય ખડું થયું તે આ લેખ સાથે આકૃતિરૂપે આપ્યું છે. ત્રણ આકાશી-પિંડોની યુતિ દર્શાવતી આ આકૃતિ સાથે હવે વાન ગોહે દોરેલું 'રોડ વિથ સાયપ્રસ' ચિત્ર સરખાવો.

આશરે એક સદી પહેલાનું એક સમી સાંજનું નભોમંડળ તો કૃત્રિમ રીતે પુનઃ સજીવન કરાયું, પણ શું વાન ગોહે એ જોઈને કરેલું ચિત્ર એ અવકાશી-પિંડો સાથે વાસ્તવમાં મેળ ખાય છે ખરું ?

આ પ્રશ્નનો ઉત્તર 'હા' પણ છે, અને 'ના' પણ છે. આમાં કોઈ કોયડો નથી. વૈજ્ઞાનિકોએ પુનઃ સજીવન કરેલી આકૃતિ અને વાન ગોહનું આ ચિત્ર એમ આ બંનેને પશ્ચિમાભિમુખ થઈને એકી સાથે આંખોની સામે ધરી રાખીને જુઓ. એટલે બધું બહુ સ્પષ્ટ આપોઆપ

બાજુમાં ડાબી તરફ ધ થર્ડ અર્લ ઑફ રોસ (વિલિયમ પાર્સન્સ - ૧૮૦૦ થી ૧૮૬૭). જેમણે 'મૃગયાશુન' તારામંડળમાં પોતાના દૂરબીન વડે વમળાકાર તારાવિશ્વનો જે ફોટોગ્રાફ લેવાયો તેમાં અને લોર્ડ રોસના ચિત્રમાં ભાગ્યે જ કંઈ [illegible] છે જમણી બાજુ છેડે વિજ્ઞાનલેખક, ખગોળશાસ્ત્રી, ઉસ્તાદ ચિત્રકાર, હવામાન-શાસ્ત્રી વગેરેની અનેકવિધ પ્રતિભા ધરાવનાર ફ્લેમેરાં (૧૮૪૨ થી ૧૯૨૫).

જ થઈ જશે. વાન ગોહે આ ત્રણે પિંડોને પૂરતાં ન્યાય આપ્યો છે ખરો, પણ એમને ગોઠવ્યા છે અવળા ક્રમમાં. એટલે કે હોવા જોઈએ એ કરતાં વિપરિત યા ઊલટા ક્રમમાં, અર્થાત્ દર્પણમાં દેખાય તે રીતે - mirror reversal - રૂપમાં !

આવું દર્પણ-પ્રતિબિંબ ઉપસાવવાનો કે અવળું દોરવા પાછળનો આશય શો હશે? જે માણસની અવલોકન શકિત આટલી સરસ હોય તે જાણી જોઈને તો આવી બેદરકારી ભાગ્યે જ કરે. તો શું એની દૃષ્ટિમાં કોઈ ખામી હશે? પણ દર્પણ-વાચા અર્થાત્ અવળી-બોલી (Mirror-Speech) નામનો એક વાણીનો રોગ છે કે જેમાં દર્દી આખાને આખા શબ્દો કે વાક્યો અવળા જ બોલે, કે 'મિરર રાઈટિંગ' નામે અવળું લખવાનો પણ એક રોગ છે ખરો. (અલબત્ત, લીઓનાર્ડો દ વિન્ચી તો સ્વેચ્છાએ જ આવું અવળું લખી શકતો હતો!), પણ કોઈ માનવીની દૃષ્ટિ બધું જ વિપરીત - 'મિરર-ઈમેજ'- રૂપે દેખે એવો તો કોઈ રોગ તબીબીશાસ્ત્રમાં છે નહીં. અને એવું સંભવી પણ શકે નહીં. એટલે એવું માની શકાય કે આમ કરવા પાછળ વાન ગોહનો આશય કલાકૃતિમાં વધુ સારું સંઘટન યા સંયોજન (Composition) કરવાનો હોઈ શકે.

વાન ગોહના ખગોળપ્રેમને ઉભારતું બીજું ચિત્ર છે 'સ્ટારિ નાઈટ'. આ ચિત્ર એણે સાં રેમીના નિવાસ દરમિયાન જૂન ૧૮૮૯માં બનાવ્યું હતું. આ ચિત્ર અંગે ખગોળશાસ્ત્રીઓ એવા નિર્ણય પર આવ્યા છે કે આ ચિત્રમાં આકાશી-પિંડોને બહેલાવતી-ઘૂંટતી જે સર્પિલ વલય-રચના જોવા મળે છે, તેની પ્રેરણા વાન ગોહને લોર્ડ રોસ ઊર્ફે ધ થર્ડ અર્લ ઑફ રોસ (૧૮૦૦-૧૮૬૭) નામના જાણીતા ખગોળશાસ્ત્રી પાસેથી મળી હોવી જોઈએ. આ ઉમરાવ-ખગોળવિદ્ એ જમાનામાં મોટામાં મોટું ટેલિસ્કોપ બનાવીને એમાંથી મૃગયાશુન (Canes Venatici) નામના તારામંડળને નિહાળીને એમાં આવેલા એક તારાવિશ્વનું અવલોકન કર્યું. એણે દોરેલા સ્કેચ ઉપરથી આ તારાવિશ્વને 'વમળ તારાવિશ્વ' (Whirlpool Galaxy) પણ કહેવાય છે. મેસિયર કેટલોગમાં એનો ક્રમાંક ૫૧મો છે. પાછળથી આ તારાવિશ્વની જે તસવીરો પાડવામાં આવી તેમાં અને લોર્ડ રોસે દોરેલા સ્કેચમાં આશ્ચર્યજનક સામ્ય જણાયું. લોર્ડ રોસનું વમળ દર્શાવતું મૂળ ચિત્ર (સ્કેચ) પણ આ સાથે આપ્યું છે, તેની સાથે વાન ગોહનું આ ચિત્ર સરખાવો. રોસના સ્કેચમાં બહારથી કેન્દ્ર તરફ જતા વમળોની ભૂજાઓ ઘડિયાળના કાંટાના ફરવાની વિરુદ્ધ દિશામાં (Counterclockwise) જતાં જણાશે, જ્યારે વાન ગોહના ચિત્રમાંના આકાશી પિંડોના વમળોની ભૂજાઓ એથી ઊલટાક્રમમાં - ઘડિયાળના કાંટાની દિશામાં દેખાતા જણાશે ! ફરી ઊલટા-સૂલટી !

વાન ગોહને ખગોળમાં રસ કેવી રીતે જાગ્યો હશે? શું તેણે લોર્ડ રોસનું ચિત્ર જોયું હશે? સંશોધકોએ આ અંગે પણ અટકળો કરી છે. તારાવિશ્વ (મે-૫૧)નું ચિત્ર લોર્ડ રોસે ૧૮૪૫માં દોરેલું અને ૧૮૫૦માં તે પ્રસિદ્ધ થએલું, જ્યારે આપણે આગળ જોયું તેમ, વાન ગોહે 'સ્ટારિ નાઈટ' તો પાછળથી ૧૮૮૯માં દોરેલું. એ કાળે ફ્લેમેરાં (Camille Flammarion :1842-1925) નામનો એક ફ્રેન્ચ ખગોળવિજ્ઞાની-લેખક થઈ ગયો. એણે ખગોળને લોકપ્રિય કરવા ઘણું બધું લખેલું. એ પોતે પણ એક અચ્છો ચિત્રકાર હતો અને બે સામયિકોનો સ્થાપક હતો. સંભવ છે કે બહુમુખી પ્રતિભા ધરાવના આ લેખકના કોઈક લેખમાં જ રોસનું આ ચિત્રાંકન છપાયું હોય, અને જે વાન ગોહના જોવામાં-વાંચવામાં આવ્યું હોય. સંભવ તો એવો છે કે આ ફ્રેન્ચ લેખકના વિજ્ઞાનના લેખોએ પણ વાન ગોહને ખગોળમાં રસ લેતો કર્યો હોય.

ત્રણ આકાશી-પિંડોની યુતિ જેવી મહત્ત્વની ખગોળીય ઘટના અંગેની આગાહી કરતો કોઈ લેખ આ લેખકે પ્રસિદ્ધ કર્યો હોય, વાન ગોહે એ વાંચ્યો હોય, અને એ ઉપરથી જ, અથવા તો પછી એ વાંચ્યા પછી, જાતે જ એની ચકાસણી કરવા ૨૦ મી એપ્રિલે આ ઘટનાનું

(અનુસંધાન પૃ. ૨૦૯ પર)

નિષ્ફળતા પણ ચાહવા જેવી ચીજ છે

વિનોદ ભટ્ટ

મારી મુશ્કેલી જ આ છે. મને કોઈ સુવિચાર આવે કે સુવાક્ય સ્ફુરે ત્યારે હું રાજી થાઉં છું, પણ પછી થોડા જ વખતમાં ખબર પડે છે કે આ વાક્ય તો ફલાણો કે ઢીંકણો પચાસ કે સો વર્ષ પહેલાં લખી ગયો છે. મોડા જન્મવાનો આ શાપ, આપણાં વિચારો કે વાક્યો અન્યના નામે ચડી ગયાં હોય છે, જો કે પછી હું એ રીતે મન વાળું છું કે 'ગ્રેટ પરસન્સ થિંક અલાઈક' - મહાન માણસોને સરખા વિચારો આવતા હોય છે.

'જીવનમાં સફળતા ને નિષ્ફળતા સાપેક્ષ છે.' આ વાક્ય સ્ફુર્યું. મારી મૌલિકતા પર ખુદ હું ઝૂમી ઊઠ્યો. પણ પછી 'બુક ઓફ ક્વોટેશન્સ' ઉથલાવતાં ખબર પડી કે 'સફળતા સાપેક્ષ છે,' એ વાક્ય ટી. એસ. એલિયટ પણ લખી ગયો છે. આ વાતની જો કે મારા ને એલિયટ સિવાયનાઓને જાણ નહીં હોય એ વાતે મનને સારું લાગ્યું.

આ સુવાક્ય મારું નથી, મને ખબર છે કે તે ફ્લોબેરનું છે. તે કહે છે, 'એક મિનિટની સફળતા એ આમ તો વર્ષોની નિષ્ફળતાની ચુકવણી છે, તે છતાં જે સાહસોમાં આપણે નિષ્ફળ ગયા હોઈએ એમાં કોઈ બેવકૂફ સફળ થઈ જાય એના જેવું હિણપતભર્યું વિશ્વમાં બીજું કશું નથી...'

સફળ માણસો નિષ્ફળતા વિશે વધુ અધિકારથી બોલતા હોય છે. પંડિત મદનમોહન માલવીયને કોઈએ પ્રશ્ન કર્યો : 'નિષ્ફળતા સામે ક્યાં સુધી ઝઝૂમવું જોઈએ?' પંડિતજીએ પ્રત્યુત્તર વાળ્યો : 'જ્યાં સુધી નિષ્ફળતા તમારા પર બેસીને તમારું ગળું ઘોંટી ન દે ત્યાં સુધી.' બસ, અહીં જ મારો વાંધો છે. નિષ્ફળતા શા માટે આપણા પર ચડી બેસે? આપણું ગળું દબાવવા આવે? આપણી નજીક પણ શા માટે તેને ફરકવા દઈએ?

જો કે એક વાત છે. આપણી નજીક આવતી નિષ્ફળતા એ નિષ્ફળતા જ છે એની ખબર છેક સુધી પડતી નથી. સફળતા અને નિષ્ફળતા વચ્ચેની રેખા એટલી બધી બારીક હોય છે કે નરી આંખે તે દેખાતી નથી, તેની ઉપર ઊભા હોઈએ ત્યારે પણ ખબર નથી પડતી કે આપણે જે રેખા પર ઊભા છીએ તે સફળતાની છે કે નિષ્ફળતાની! કેટલીકવાર તો આ બન્ને રેખાઓ સમાન્તર ચાલતી હોય છે. એક જ કાર્યમાં એકની સફળતા એ બીજાની નિષ્ફળતા હોય છે. બિલાડી ઉંદર પર તરાપ મારી તેને પકડે એટલે એનો અર્થ એવો થયો કે બિલાડી પોતાનું ભોજન મેળવવામાં સફળ થઈ છે, ને ઉંદર જીવવામાં નિષ્ફળ ગયો છે. બન્ને સાથે દોડ્યાં હશે, જુદા જુદા હેતુસર: ઉંદર જીવવા માટે ને બિલ્લી ભોજન માટે - પી.ટી. ઉષા કરતાંયે વધુ ઝડપે દોટ મૂકી હશે. બન્ને માટે સ્પર્ધામાં જીવન હતું. એકને જીવન ટકાવવા માટે ભોજન જરૂરી હતું, બીજાને જીવ ટકાવી રાખવા માટે દોડવું અનિવાર્ય હતું. બીજી ભાષામાં કહીએ તો બિલ્લી માટે જીવન જીવવા સારું દોડવું જરૂરી હતું, મૂષક માટે મરણ ગુમાવવા માટે દોડવું જરૂરી હતું. એટલે -

એટલે માણસે સારી રીતે જીવવું હોય તો સફળતા-નિષ્ફળતા અંગેના ખ્યાલો મગજમાંથી કાઢી નાખવા જોઈએ. એક માણસ જીવનમાં એકસાથે સફળ ને નિષ્ફળ જતો હોય છે. ગાંધીજી રાષ્ટ્રપિતા તરીકે સફળ થયા, પણ તેમના સુપુત્ર હરિલાલના મતે તે એક પિતા તરીકે નિષ્ફળ ગયા હતા. દેશનું ધ્યાન રાખ્યું એના હજારમાં ભાગનું ધ્યાન તેમણે પોતાના ગુમરાહ પુત્ર હરિલાલનું રાખ્યું હોત તો હરિલાલ ગુજરી ગયા એ રીતે ના ગુજરત!

હવે એક નિષ્ફળ-સફળ માણસની વાત કરીએ. નામ અબ્રાહમ લિંકન. ૧૮૩૧માં ધંધો કર્યો, નિષ્ફળ ગયા. ૧૮૩૨માં વિધાનસભાની ચૂંટણી લડ્યા. હાર્યા. ૧૮૩૩માં ધંધામાં બીજીવાર અસફળ રહ્યા. ત્રીજીવાર ધંધો ના કર્યો, કર્યો હોત તો ધંધામાં નિષ્ફળતાની હેટ્રિક કરી શક્યા હોત. ૧૮૩૮માં સ્પીકરની ચૂંટણીમાં હાર્યા. ૧૮૪૩માં કોંગ્રેસની ચૂંટણીમાં હાર. ૧૮૪૬માં કોંગ્રેસની ચૂંટણીમાં બીજીવાર હાર્યા. ૧૮૪૮માં કોંગ્રેસની ચૂંટણીમાં ત્રીજીવાર હાર્યા. ૧૮૫૫ અને ૧૮૫૮માં સેનેટની ચૂંટણીમાં પણ હાર. - આટલું લખતાં હું તો થાકી ગયો, વાંચતાં તમે ય થાકી ગયા હશો... ને આ બધી નિષ્ફળતાઓની સીડી ચડીને છેવટે તે ૧૮૬૦માં અમેરિકાના પ્રમુખ તરીકે ચૂંટાયા. શું મઝા આવે આવી સફળતામાં! જે માણસે નિષ્ફળતાઓ પચાવી હોય તેને સફળતા પચાવવી અઘરી પડે. ખીચડીખાઉને બાસુદીનું ભોજન ભારે પડે. અબ્રાહમ લિંકનને પોતાના છેલ્લા વિજય કરતાં અગાઉના પરાજયો વધુ વિજયી લાગ્યા હશે, એમાં તો ધાર્યું પરિણામ આવ્યાનો આનંદ હોય ને!...

છાપામાં જ્યોતિષની કોલમ લખતા એક જ્યોતિષી મિત્રને મેં પૂછ્યું : 'તમે જે આગાહીઓ કરો છો એમાંની કેટલી ખોટી પડે છે?' 'એના કરતા એમ પૂછો કે કેટલી સાચી પડે છે?' તે મિત્રે જણાવ્યું. પછી ઉમેર્યું 'કેમકે એની સંખ્યા બહુ ઓછી છે, પણ લોકોની યાદશકિત ટૂંકી છે ને છાપાંની પસ્તી છાપાવાળા સિવાય કોઈ સંઘરતું નથી, આપણે ત્યાં એવો રિવાજ નથી એટલે લોકોને સાચા-ખોટાની ખબર નથી પડતી ને મને સફળ જ્યોતિષી માને છે.'

(અનુ. પ. ૨૦૮ પર)

અંગ્રેજી સાહિત્યનું આચમન

રેસ્ટોરેશન કોમેડિ

લેખક

ડૉ. મધુસૂદન
પારેખ



જહોન ડ્રાયડન

બોનામી ડોબ્રીનું નિરીક્ષણ

રેસ્ટોરેશન કોમેડિની ચર્ચા કરતાં બોનામી ડોબ્રી (Bonami Dobree)એ એક મહત્ત્વનું નિરીક્ષણ કર્યું છે કે જ્યારે રાષ્ટ્ર સત્તા અને વિકાસના ઉચ્ચ શિખર પર પહોંચ્યું હોય ત્યારે પ્રજામાં જીવનમૂલ્યો વિશે, નીતિ-અનીતિ અથવા તો ઇષ્ટ-અનિષ્ટ વચ્ચેના ભેદ વિશેની મનોવૃત્તિ સ્થિર અને નિશ્ચિત, રચનાત્મક હોય છે. એવા સંજોગોમાં જીવનનું સામર્થ્ય ઊભરાતું હોય છે અને જે કંઈ અજ્ઞાત, અનિષ્ટ-દુરિત છે તેનો પ્રતિકાર કરવાનું, તેની સામે ઝૂઝવાનું માનસિક વલણ હોય છે.

ટ્રેજેડિની રચના માટે આવું વાતાવરણ વિશેષ અનુકૂળ હોય છે.

બોનામીએ આ દૃષ્ટિએ ઇસ્કિલસ (Aeschylus), શેક્સસ્પીઅર (Shakespear) અને કૉર્નેઈલ (Corneille)ના યુગોને ટ્રેજેડિના સમર્થ યુગો ગણાવ્યા છે.

એના મંતવ્ય મુજબ જ્યારે રાજતંત્રમાં, રાજનીતિમાં અનિશ્ચિતતા હોય છે, ધર્મના આદેશો પ્રત્યે સંશય ઊભા થવા માંડે છે, એમાં ફેરફાર મોટેની મનોવૃત્તિ જાગવા માંડે છે અને નીતિશાસ્ત્ર ઠેબે ચડે છે ત્યારે રાષ્ટ્રમાં મૂલ્યોની ઊથલપાથલ અને ઝડપી સામાજિક પરિવર્તનનું વાતાવરણ રચાવા માંડે છે: પ્રજાકીય ચિત્ત ડામાડોળ અવસ્થામાં આવી પડે છે. આ પ્રકારનું વાતાવરણ કોમેડિ રચનારા નાટ્યકારોને ઇષ્ટ નીવડે છે. મીનેન્દર (Menander)ના યુગમાં કે રેસ્ટોરેશનકાળમાં અથવા તો લૂઈ (Louis) ૧૪માના રાજ્ય-અમલમાં સમર્થ કોમેડિ રચાઈ છે - ઉપર્યુક્ત વાતાવરણની સાનુકૂળતાને કારણે.

બોનામીના ઉપર્યુક્ત નિરીક્ષણના સંદર્ભમાં અહીં રેસ્ટોરેશન કોમેડિની ચર્ચા-વિચારણા કરવી યોગ્ય માની છે.

સામાજિક મૂલ્યોમાં પરિવર્તન

ચાર્લ્સ બીજાના રાજ્યારોહણ પૂર્વે કેટલાંય વર્ષોથી પ્રજાકીય ચિત્તમાં પરિવર્તનની પ્રક્રિયા ધીમી ગતિએ ચાલી રહી હતી. નર્યા કૌતુકરાગમાંથી અને ઊર્મિથી ઊભરાતા ઉદ્‌ગારોમાંથી લોકમાનસ તર્ક અને સમજદારી તરફ વળવા માંડ્યું હતું. જૂનાં જીવનમૂલ્યો તેમજ સામાજિક રીતરસમોની સારાસારતા વિશે પુન: વિચારણાની વૃત્તિ-પ્રવૃત્તિ વિકસવા માંડી હતી.

ચાર્લ્સ બીજાના ઈંગ્લેન્ડની રાજગાદી પર આગમન પછી આ બધી વૃત્તિ એકસાથે પ્રબળપણે પ્રકટવા માંડી. રાજ્યારોહણ દરમ્યાનનો આખો યુગ પ્રયોગવૃત્તિનો અને સમાજ-વ્યવસ્થાની પુન: રચનાનો હતો. સારાં નાટકો કેમ રચવાં, અસરકારક અંગ્રેજી ગદ્ય કેમ લખવું એની ગડભાંજ તો ડ્રાયડન-ડૅનિસ જેવા લેખકો સાહિત્યક્ષેત્રે કરી રહ્યા જ હતા, પરંતુ રૉયલ સોસાયટીની સ્થાપનાએ વિજ્ઞાનક્ષેત્રે પણ લોકજિજ્ઞાસાને ઉત્તેજિત કરી હતી. આ જિજ્ઞાસા સામાન્ય જનજીવનના રોજબરોજના વ્યવહારમાં પણ પ્રવર્તવા માંડી હતી. પ્રેમ, લગ્ન, સ્ત્રીસ્વાતંત્ર્ય જેવા સામાજિક પ્રશ્નોની બાબતમાં નવા નવા પ્રયોગો કરવાનું, સામાજિક મૂલ્યોમાં અવનવું પરિવર્તન આણવાનું વલણ સમાજના ઉચ્ચવર્ગમાં પ્રકટવા-પ્રસરવા માંડ્યું હતું.

સ્ત્રી અને પુરુષ વચ્ચેના દામ્પત્યના સંબંધમાં પણ લાગણી અને જાતીય પ્રેમ વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરવાનો અને એ દ્વારા લગ્નજીવનમાંથી વફાદારીનો છેદ ઉડાવવાનો પ્રયોગ પણ સમાજના ઉપરના વર્ગમાં થવા માંડ્યો હતો. એમની દૃષ્ટિએ પ્રેમ, જેમાં લાગણી અને જાતીય સંબંધ બંનેનું મિશ્રણ હતું તે, દામ્પત્યમાં અનિષ્ટ હતો. પતિપત્નીને પરસ્પર લાગણી હોવા છતાં અન્ય સ્ત્રીપુરુષ સાથે સંબંધ બાંધવાનું 'સ્વાતંત્ર્ય' માણવાનું અને એ મૂલ્ય પર સમાજની પુનર્વ્યવસ્થા કરવાનું તેમનું વલણ હતું. સ્વતંત્રતાને નામે સ્વચ્છંદતા તેમને રુચિકર લાગતી હતી.

સમાજમાં આ 'નવી ચેતના'ના પ્રસારમાં ચાર્લ્સ બીજાનો અને તેના રંગીલા લંપટ દરબારી મિત્રોનો મહત્ત્વનો ફાળો હતો. ચાર્લ્સ પોતે તો ફ્રેન્ચની વિલાસી સંસ્કૃતિને આત્મસાત કરી ચૂકેલો, નીતિ-અનીતિનો છેછ નહિ રાખનારો સ્વચ્છંદી જીવ હતો જ, પણ બકિંગહામ, રોચેસ્ટર, એથરિજ, સેડવેલ જેવા તેના દરબારી મિત્રો-વિદ્વાનો રાજ્ય કરતા, કોઈ બાબતમાં ઊણા ઊતરે તેવા નહોતા. એમની લંપટતા જગજાહેર હતી. તદુપરાંત એમાંના કેટલાક કવિ-નાટ્યકાર તરીકે પંકાયેલા હતા. એમણે કૉમેડિ રચીને પોતાના સમાજનું ચિત્ર તેમાં આલેખ્યું, અલબત્ત, એ ચિત્ર સમગ્ર સમાજનું નહિ, સમાજના એકાદ વર્ગનું જ હતું. તેમ છતાં રાજકારણમાં, ધર્મમાં, સામાજિક મૂલ્યોમાં કેવી તો અરાજકતા પ્રસરી હતી તેનો અંદાજ તેમાંથી મળી રહે છે.

વિલાસ અને નૈતિક સ્વચ્છંદતાના આ વલણ પાછળ એક બીજી પણ બાબત હતી. અને તે ક્રોમ્વેલના લગભગ એક દાયકાના નીતિયુસ્ત રાજ્યઅમલનો પ્રત્યાઘાત. ક્રોમ્વેલના પ્યુરિટનશાસન દરમ્યાન થીએટરો તેમજ મોજવિલાસ પર સજ્જડ પ્રતિબંધ હોવાને કારણે લોકોનાં મન, સામાજિક ચેતના ગૂંગળાઈ રહ્યાં હતાં. આનંદપ્રમોદનાં સાધનો વિના તેમનાં જીવન કુંઠિત બની રહ્યાં હતાં. એટલે ચાર્લ્સ બીજાના રાજ્ય-અમલમાં સર્વપ્રકારનાં નિયંત્રણો દૂર થતાં જ બંધિયાર લોકમાનસ હેલે ચડ્યું અને સ્વતંત્રતાની, નીતિની પાળ ઓળંગીને પણ મુકત વિલાસમાં લહેરાવા લાગ્યું; અને 'આજનો લહાવો લીજિયે રે કાલ કોણે દીઠી છે?' એ મનોવૃત્તિ વ્યાપક બની. કેટલાંક નાટકોમાં પ્યુરિટન વલણોની ભારે ઠેકડી ઉડાડવામાં આવી. રેસ્ટોરેશન યુગના દ્યષ્ટાંતરૂપે છે. જહોન વિલ્સન (John Wilson)નું 'ધ ચીટ્સ' (The Cheats) નાટક.

કેટલાંય વર્ષોથી બંધ રહેલાં નાટ્યગૃહો ફરી નવા રંગમંચ, નવી દ્દશ્ય-સજાવટ અને અવનવી પ્રકાશયોજના સાથે નવા સામાજિકોના વર્ગ સામે ધબકતાં થયાં. આ થીએટરોમાં સ્ત્રીનાં પાત્રો સ્ત્રીઓ જ ભજવતી અને પ્રેક્ષક તરીકે આવતો સમાજનો નવો 'સંસ્કારી' વર્ગ ત્યાં પોતાના પોશાકની નવી નવી ફેશનના પ્રદર્શન માટે તો ઠીક, પણ દેહવિલાસ માટે 'તક' શોધવા પણ ઉપસ્થિત રહેતો.

એ રીત જોતાં રેસ્ટોરેશન યુગનાં નાટ્યગૃહો રાજાના કે અમીર-ઉમરાવોના ખાનગી - અંગત નાટ્યગૃહની જેમ અમુક ખાસ વર્ગ માટે હતાં; શેક્સ્પીઅરનાં કે જેમ્સ પહેલાના જમાનાનાં નાટ્યગૃહોની જેમ તે જાહેરપ્રજા માટે સુલભ નહોતાં. લંડન શહેરનો સમજદાર વર્ગ આવાં નાટ્યગૃહોને શ્રીમંતોના વૈભવના દેખાડા તરીકે તેમજ અશ્લીલ ગણીને તેનાથી દૂર જ રહેતો; અને ફ્રેન્ચ સંસ્કૃતિથી અને તેની વિલાસિતાથી રંગાયેલા નાટ્યકારો એ વિશાળ મધ્યમવર્ગીય જનસમુદાયનાં જીવનમૂલ્યોની નાટકો દ્વારા હાંસી ઉડાવવાનું શ્રેય મેળવતા. એ વર્ગમાંથી પોતાનાં નાટકો માટેનાં પાત્રો શોધી, તેમની જડતા, મૂર્ખતા નાટકોમાં રજૂ કરતા. તેમની બેવફા પત્નીઓ તેમને 'બુધ્ધુ' બનાવતી હોય તેવા પ્રસંગો અનેક નાટકોમાં પ્રયોજાતા.

આમ, રેસ્ટોરેશન કોમેડિ અમુક 'વિશિષ્ટ' વર્ગ પૂરતી સીમિત હતી. એમાં સભાનપણે ટોચ પરના વર્ગની પ્રકૃતિનું-મનોવૃત્તિનું નિરૂપણ થતું હતું.

રેસ્ટોરેશન કોમેડિ પર વિવિધ અસરો

રેસ્ટોરેશન કોમેડિ પર શેક્સ્પીઅરના સમકાલીન બેન જોન્સનનો પ્રબળ પ્રભાવ હતો. રેસ્ટોરેશન યુગના કોમેડિ નાટ્યલેખકોએ જોન્સનની કોમેડિનો સૂર અને તેની રીતિ અપનાવી, પણ તેમણે સ્થાનિકતા પર વધારે ઝોક આપ્યો, તેને પોતાની રીતે સાજ સજાવ્યા, તેમાં ગાંઠનાં ઉમેરણો કર્યાં, અને એને આગવો ઘાટ આપ્યો. રેસ્ટોરેશન કોમેડિમાં જે વાક્ચાતુર્ય, તીક્ષ્ણ, ચબરાકીભર્યાં વાક્યુધ્ધ, લગ્નની સંસ્થા પર પ્રત્યાઘાત આ સર્વ ઈલિઝાબેથના યુગનાં અનેક નાટકોમાં અત્રતત્ર જોવા મળશે. એ રીતે ઈલિઝાબેથ યુગના નાટ્યકારોનું ઘણું ઋણ રેસ્ટોરેશન કોમેડિ પર છે : તેમાં ફ્લેચર (Fletcher) અને બોમાં (Beaumont)ની અસરો તો તત્કાળ વરતાઈ આવે તેવી છે.

ફ્રેન્ચ નાટ્યકાર મોલિએર (Moliere)નો પ્રભાવ તો ફ્રેન્ચમાં વસવાટ કરી આવેલા અને ફ્રેન્ચની કલા-સાહિત્ય-સમૃદ્ધિથી તરબોળાયેલા રેસ્ટોરેશન યુગના કોમેડિ નાટ્યકારો પર હોય જ. મોલિએરની કોમેડિ નાટ્યકૃતિઓ ઈંગ્લેન્ડમાં જાણીતી હતી અને સત્તરમા સૈકાની છેલ્લી ચાલીસીમાં તેના અનુવાદો અને રૂપાંતરો પણ થયાં હતાં. મોલિએરનાં નાટકોમાંથી પરિસ્થિતિઓ રેસ્ટોરેશનના કોમેડિ નાટ્યલેખકોએ સારી પેઠે અપનાવી, પણ કોમેડિમાં સૂર (Tone) તો પોતાનો જ જાળવ્યો. તદુપરાંત મોલિએરનાં નાટકોમાં વ્યાપક નૈતિક મૂલ્યોની ચર્ચા, રૂઢિ અને નીતિ વચ્ચેના સંબંધોની વિચારણા રજૂ થાય છે તે ઈંગ્લેન્ડના કોમેડિ નાટ્યકારોએ ઇષ્ટ ગણી નથી. રેસ્ટોરેશન યુગના કોમેડિ નાટ્યકારોને પોતાના સમયની સીમિત સમાજ-વ્યવસ્થા અને તેનાં નવાં મૂલ્યો આલેખવામાં જ રસ હતો એટલે એ સ્થળ-કાળથી સીમિત બની રહી.

તદુપરાંત સ્પેનનાં નાટકોની, વિશેષે કરીને કેલ્ડેરન (Calderon)નાં નાટકોની અસર પણ રેસ્ટોરેશન કોમેડિમાં ઝિલાઈ છે. ઇટલીનાં નાટકોમાંથી ફારસનું તત્ત્વ પણ રેસ્ટોરેશન યુગની પાછળની કોમેડિમાં જોવા મળશે.

આમ, રેસ્ટોરેશન કોમેડિમાં પુરોગામી અંગ્રેજી નાટ્યકારો તેમજ ફ્રેન્ચ, સ્પેન, ઇટલી જેવા કલાસમૃધ્ધ દેશોનાં નાટકોનો ઓછોવત્તો પ્રભાવ ઝિલાયો હોવા છતાં એ કોમેડિમાં અંગ્રેજી તત્ત્વ જળવાઈ રહ્યું છે એ તેની વિશેષતા છે.

કેટલાક નોંધપાત્ર કોમેડિનાટ્યલેખકો

રેસ્ટોરેશન કોમેડિના સર્જક તરીકે ઐતિહાસિક દ્દષ્ટિએ જો કે પહેલું નામ ડ્રાયડનનું મૂકવું પડે, પણ એમાં તેની કલમ ઝબકી નહિ. એની પહેલી કોમેડિ 'ધ વાઈલ્ડ ગેલાન્ટ' (The Wild Gallant) ૧૬૬૩માં રચાઈ પણ તે મધ્યમકક્ષાની, કશા વિત્ત વિનાની છે. એની એ પ્રકારની બીજી નાટ્યકૃતિઓ 'ધ રાઈવલ લેડીઝ' (The Rival Ladies), 'સીક્રિટ લવ' (Secret Love) વગેરે પણ તેને રેસ્ટોરેશન કોમેડિ રચનારા સર્જકોની હરોળમાં સ્થાન આપી શકે તેવી નથી.

સર જ્યોર્જ એથરિજ ૧૬૩૪/૩૫ થી ૧૬૯૧

મનપસંદ પુષ્પોને સૂંઘતા, ચૂમતા અને એની સાથે સંલગ્ન થતા ચંચળ પતંગ જેવો જ્યૉર્જ એથરિજ રેસ્ટોરેશન કોર્ટના રંગીલા, વિલાસચતુર વર્તુળના પ્રતિનિધિરૂપ હતો. આસપાસના જીવનમાંથી શક્ય તેટલી મોજમઝા ભોગવી લેવાનો તે હિમાયતી હતો. એનાં નાટકોમાં નથી જીવન કે સમાજનું કોઈ નિરીક્ષણ કે નથી કોઈ દૃષ્ટિ. નૈતિક બોધપાઠ અથવા તો સમાજની સુધારણા તો એના ચિત્તમાં ય નથી.

એટલે એની કોમેડિમાં છીછરાપણું છે, પ્રેમીઓ વચ્ચેનાં ચાતુર્ય પ્રકટ કરતાં વાક્યુદ્ધો છે.

એકવાર એણે કોઈકને લેખેલું : 'હું હૃદયથી રંગીલો - છેલબટાઉ છું; ડોળદમામ મને એવો તો સદી ગયો છે કે દરબારના (ચાર્લ્સ બીજાના) વાતાવરણ વિના, મને બીજું કંઈ પણ સ્પર્શી શકે તેમ નથી? એનું આ વલણ એની કોમેડિમાં દેખાય છે. એનાં કોમેડિ નાટકોમાં માત્ર મનોરંજનનું જ લક્ષ્ય જણાય છે - અકસ્માત કંઈક સમાજસુધાર કે નીતિની વાત ક્યારેક પ્રવેશી ગઈ હોય તો માફ.

એનું પહેલું નાટક 'ધ કમર્શિયલ રિવેન્જ ઓર લવ ઇન અ ટબ' The Commercial Revenge or Love in a Tub, 1664) સામાન્ય કક્ષાની કોમેડિ છે - ફારસના ઘણા અંશોથી સભર. હજુ આ પહેલી કોમેડિમાં એની કલમ બરાબર ઝળકી નથી. હવે પછીની કોમેડિમાં જોવા મળનારાં 'Sense, Judgement and wit'નો અહીં લગભગ અભાવ છે.

એની બીજી કૃતિ 'શી વુડ ઇફ શી કુડ' (She would if she could - 1668) આગળની કૃતિ કરતાં વધારે સુઘડ છે. અહીં એ પોતાના પ્રયોજનની બાબતમાં સ્પષ્ટ છે. પોતે કેટલે અંશે એ સિધ્ધ કરી શકે તેમ છે તેનો પણ તેને અંદાજ છે.

વિદ્વત્તા અને ચાતુર્ય માટે પંકાયેલા અને શિષ્ટતાના ઉપાસક બે સજજનો અને એમના બે સુંદરીઓ સાથેના પ્રેમવ્યવહારો અને તે દ્વારા પુરુષની દેહલાલસા અને સ્ત્રીનાં લજ્જા-વિનય એ બે વચ્ચેનો સંઘર્ષ વાક્ચાતુરીભર્યા મનોરમ ગદ્ય દ્વારા પ્રસ્તુત થયો છે : રેસ્ટોરેશન કોમેડિમાં આ પ્રકારનાં યુધ્દ એક તરી આવતી વિશેષતા છે : નીતિ-અનીતિના ખ્યાલોનો અહીં છેદ ઊડી જાય છે, અને અશ્લીલતા (રિસ્ટોરેશનની લગભગ બધી કોમેડિમાં) વિશે તો કહેવાય તેટલું થોડું.

એથરિજની ત્રીજી નાટ્યકૃતિ 'ધ મેન ઓફ મોડ, ઓર ધ ફોપ્લિંગ ફ્લટર' (The Man of Mode, or, The Fopling Flutter -1676) એ તેની છેલ્લી અને અગાઉની બે કરતાં ઠીક ઠીક ચડિયાતી કોમેડિ છે. અલબત્ત, આ કોમેડિ પણ નીતિ-અનીતિની બાબતોથી પર છે ! એમાં નાયક ડોરીમાં (Dorimant)ના અન્ય સ્ત્રીઓ સાથેના સંબંધોની રજૂઆત રેસ્ટોરેશનની સૃષ્ટિ સિવાય અન્યત્ર ક્યાંય સંભવી શકે નહિ તેવી અસભ્ય-જંગલી છે. અલબત્ત, નાયિકા હેરિએટ (Harriet) એને બરાબર પહોંચી વળે તેવી, એની સાન ઠેકાણે લાવનારી છે. એ બંને વચ્ચેનાં વાક્યુધ્દ દ્વાલલકડીના દાવ જેવા છે; અને એનું પગેરું ઠેઠ શેક્સપીઅરના 'મચ અડૂ અબાઉટ નથિંગ' (Much Ado About Nothing) કોમેડિમાં બેનીડિક-બિઆટ્રિસ વચ્ચેના વાક્યુધ્દમાં જોવા મળે છે.

એક સ્ત્રી અને એક પુરુષ પરસ્પર દેહાકર્ષણમાં લુબ્ધ છતાં પોતાપોતાના સ્વચ્છંદ માટે છૂટછાટ મેળવી લેવા કેવા આટાપાટા ખેલે છે, અને દેહવાસના તથા લજ્જા-વિવેક વચ્ચે કેવા કેવા પ્રકારની બાંધછોડ થાય છે તેનું રસપ્રદ આલેખન થયું છે : અને પ્રેમલુબ્ધ સ્ત્રી-પુરુષ વચ્ચે સ્વાતંત્ર્ય અને શરણાગતી વચ્ચેની આ રસાકસી રેસ્ટોરેશનની બીજી અનેક કોમેડિમાં રજૂ થતી દેખાય છે.

આધુનિક ધોરણો મુજબ એથરિજની કોમેડિ કૃતિઓ અશ્લીલ જ ગણાય. અને રાણી એનના જમાનામાં એડિસન જેવાએ તો એને બીભત્સતા માટે ફટકારવાની હિમાયત કરી હતી

એથરિજ રેસ્ટોરેશન યુગની છબી સરસ રીતે પ્રકાશિત કરે છે અને સર ફોપ્લિંગ ફ્લટરના પાત્ર દ્વારા સમકાલીન ફેશનો પર મઝાનો કટાક્ષ પણ કરે છે. તેમ છતાં કોન્ગ્રીવમાં કલાનું જે ઊંડાણ છે તે એથરિજમાં નથી. એથરિજની કૃતિઓમાં મનોરંજન જ સવિશેષ ધ્યાન ખેંચે છે. એમાં કોઈ ફિલસૂફી, દૃષ્ટિ કે નીતિબોધ શોધવો એ મિથ્યા પ્રવૃત્તિ છે.

(ક્રમશઃ)

અનુસંધાન) નિષ્ફળતા પણ... (પૃ. ૨૦૫થી

આમ, ઈનામને કારણે આ કૃતિ તેમજ કર્તાનું મહત્ત્વ એકાએક વધી ગયું. ટાગોરને નોબેલ પ્રાઈઝ મળ્યું ત્યારે તેમના સાહિત્યના કડક ટીકાકારો, તેમને લખતાં જ નથી આવડતું એવી જાહેરાત કરનારાઓ તેમને અભિનંદન આપવા ગયા એ વખતે તેમને મળવાનું ટાળીને એમ કહ્યું કે તમે મારું નહીં, મારા ઈનામનું, મારી સફળતાનું સન્માન કરવા આવ્યા છો એની મને ખબર છે. આવું તેમણે નિરાશાથી કહ્યું હતું. એમ તો બંગાળી સાહિત્યમાં શરદબાબુને કયાં એટલી માન્યતા મળી હતી એ વખતે! આપણે ત્યાં કનૈયાલાલ મુનશીની પણ એ જ હાલત હતી. એ જમાનામાં તે થ્રિલર લખનાર એક સામાન્ય લેખક ગણાતા. આજે તેમને સાહિત્ય-શિરોમણિ લેખવામાં આવે છે, તેમનાં પુસ્તકો ખરીદવામાં લોકો અત્યારે ગૌરવ અનુભવે છે.

આજના સડી ગયેલા બટાકા એ આવતી કાલની કાતરી છે, આજના વાસી ફાફડા એ આવતી કાલની તાજી ચટણી છે, ને આજનું છાપું એ કાલની પસ્તી છે, એવું લેખક-કલાકારોમાં ય બને છે. ગઈકાલે જે નિષ્ફળ હતા તે આજે ક્લાસિક રાઈટર તરીકે બહાર આવ્યા છે ને આજે સફળ છે તેનું નામ પણ આવતી કાલના વાચકોને કદાચ યાદ નહીં હોય. ઉ.ત. ચુનીલાલ વર્ધમાન શાહ. એક જમાનામાં તેમના નામનો ડંકો વાગતો. માત્ર વાચકોમાં જ નહીં, લેખકોમાં પણ તે અતિ લોકપ્રિય નવલકથાકાર તરીકે પંકાએલા. આજે તેમનું નામ કેટલાને યાદ છે? અને 'વુધરિંગ હાઈટ્સ' લખનાર એમિલી બ્રોન્ટ એક સરિયામ નિષ્ફળ ને અજાણી લેખિકા તરીકે ગુજરી ગઈ. આજે વિશ્વની ટોચની નવલકથાઓમાં આ નોવેલ સ્થાન પામી છે.

વાન ગોહ અને પોલ ગોગાં. નિષ્ફળ કલાકાર તરીકે તેમણે જીવી નાખ્યું. વાન ગોહનાં ચિત્રો આજે કરોડોના મૂલે વેચાય છે. તેની સાત

પેઢી ખાય -'પીએ' તો પણ ના ખૂટે એટલો પૈસો તેનાં ચિત્રોએ મેળવ્યો છે, પણ તેણે તો જીવનભર પેટમાં પગ ઘાલીને ચિત્રો બનાવ્યે જ રાખ્યાં, કારણ એટલું કે તે સફળતા-નિષ્ફળતા માટે નહીં, હાથની ખંજવાળ મટાડવા ચિત્રો દોરતો; એટલે તો કહીએ છીએ કે સફળતા નિષ્ફળતાને મનમાંથી ખંખેરી નાખો.

નિષ્ફળતાની ખૂબીની વાત આગળ જણાવ્યા પ્રમાણે એ છે કે જીવનની છેલ્લી ક્ષણ સુધી ખબર નથી પડતી કે આ જ નિષ્ફળતા છે, સ્ટેન્ધાલ જેવા કોઈક જાણભેદુ જ પામી જતા હોય છે કે નિષ્ફળતા આને કહેવાય, એટલે તેની 'ધ રેડ એન્ડ ધ બ્લેક' ધરાર નિષ્ફળ ગઈ ત્યારે તેના બચાવમાં સ્ટેન્ધાલ બોલ્યો કે 'મેં લૉટરીની એક એવી ટિકિટ ખરીદી છે જેનું ઈનામ એક સો વરસ પછી મળવાનું છે...' આ આગાહીમાં તે બિલકુલ સાચો પડ્યો. એના પુસ્તકના પ્રકાશનનાં સો વર્ષ બાદ તેને પુષ્કળ સફળતા મળી.

એટલે સમય જ નક્કી કરે છે કે સફળતા શું છે ને નિષ્ફળતા કોને કહેવાય! જે પ્રજા દ્વારા જિસસ ક્રાઈસ્ટની અત્યારે પૂજા કરવામાં આવે છે એ જ પ્રજાસમૂહે તેને ફાંસીના માંચડે લટકાવી દીધો હતો. તેને બોલવા પણ નહોતો દીધો.

આમ, નિષ્ફળતા સમજવી અઘરી છે. નિષ્ફળતા વિશે સારું - ખોટું ઘણું કહેવાયું છે. બર્નાર્ડ શૉ કહેતો કે મારી નિષ્ફળતાઓથી મારી પ્રતિષ્ઠા વધવા માંડી છે, અને અનુભવીઓ, નિષ્ફળતાનો સ્વાદ ચાખનારાઓ કહે છે કે સફળતા કરતાં તે વધુ રસપ્રદ છે ને ચાહવા જેવી ચીજ પણ છે... □

અનુસંધાન) વાન ગોહ અને યુતિ (પૃ. ૨૦૪થી

૨૦મી એપ્રિલે આ ઘટનાનું દર્શન જાતે જ કરીને એણે 'રોડ વિથ સાયપ્રસ'માં એને અંકિત કરી હોય - પોતાની આગવી રીતે જ - એવું બને ખરું?

આવું વિચારીને સંશોધકોએ પુસ્તકાલયોમાં જઈને ધૂળ ખાતી ઝાજલીઓ પરની પુરાણી ફાઈલો ઊથલાવવા માંડી, તો એમના આશ્ચર્ય વચ્ચે એમની શંકા સાચી નીકળી ! ફ્લેમેરીઁએ પોતાના જ એક ખગોળના લોકપ્રિય સામયિકના ૧૮૯૦ના એપ્રિલના અંકમાં આ યુતિ અંગે આગોતરી માહિતી આપીને આ ઘટનાનું મહત્ત્વ સમજાવેલું, અને બંને ગ્રહો કેવી રીતે શોધવા તેની માહિતી પણ આપેલી. આમ, વાન ગોહ સરખા કલાકારની કેટલીક ચિત્રકૃતિઓ પાછળ એક વિજ્ઞાન-લેખકની છૂપી પ્રેરણા રહેલી છે.

છેલ્લે 'સ્ટારિ નાઈટ ઑન ધી રોન'ની વાત કરીએ. વાન ગોહે આ ચિત્ર આરલી (Arles)- ફ્રાન્સ ખાતેથી ૧૮૮૮ના સપ્ટેમ્બરમાં દોરેલું. આ ચિત્રમાં એણે સપ્તર્ષિ તારામંડળને બહુ ખૂબીથી હૂબહૂ ઉપસાવ્યું છે.

ખગોળશાસ્ત્રીઓએ આ સ્થળના અક્ષાંશને ધ્યાનમાં રાખીને ૧૮૮૮ના ઑગસ્ટથી ઑક્ટોબર એમ ત્રણેક માસના ગાળાને આવરી લેતું બનાવટી આકાશ પ્લેનેટેરિઅમની સહાયથી ખડું કર્યું. આમ કરતાં, સપ્ટેમ્બરના અંતે રાત્રે ૧૧ વાગ્યાના શુમારનું આકાશ ચિત્રમાં બંધ બેસતું આવ્યું. પણ આમાં પણ વાન ગોહે ચિત્રમાં સંયોજનને ઉઠાવ આપવા પોતાની રીતે થોડો હાથફેર કર્યો છે. બીજી પણ એક છૂટ એણે લીધેલી જણાય છે. એ સમયે આકાશમાં પૂર્ણિમા નજદીકનો લગભગ પૂર્ણ ખીલેલો ચંદ્ર હતો, જે એણે ચિત્રમાં દોર્યો જ નથી; કારણ કે આમ કરવા જતાં તારાજડિત આકાશને પડતું મૂકવું પડે. વળી, એણે સપ્તર્ષિના તારામંડળનો સ્થાનફેર પણ કર્યો છે. મતલબ કે લેન્ડસ્કેપ (ભૂદૃશ્ય)દોરતી વખતે એના ઉપરના આકાશમાં એણે દર્શાવેલા તારાઓ નહીં હોય, અર્થાત્ લેન્ડસ્કેપ ઉપર ઝળૂંબતા સપ્તર્ષિના તારાઓ નહીં હોય, કારણ કે એ તો એ સમયે ઉત્તરાકાશમાં હશે. આનો અર્થ એવો થયો કે આજે જો તમે આરલી ગામે જાઓ અને રોન નદીને કાંઠે વર્ષની અમુક નિર્ધારિત તારીખે અને સમયે જઈને ઊભા રહો, તો શક્ય છે કે વાન ગોહની આંખોએ જોયેલો લેન્ડસ્કેપ જોવા પામો ખરા, પણ એણે ફ્રેમમાં મઢેલું આકાશ કે સ્કાયસ્કેપ (ગગનદૃશ્ય) તમને એ ફ્રેમમાં જોવા નહીં મળે. હા, સહેજ ઉત્તર તરફ નજર કરશો તો સપ્તર્ષિ તારામંડળને હસતું જોઈ શકશો ખરા! આ મહાન ચિત્રકારે પોતાના લૅન્ડસ્કેપને યોગ્ય ઊઠાવ આપવા માટે જ, સંયોજન વધુ બલવત્તર કરવા માટે જ, કદાચ સપ્તર્ષિ-તારામંડળ સહિત સમગ્ર ઑતરાદા નભોમંડળને સહેજ ઉત્તર-પચ્છમે હડસેલીને નૈઋત્યે લાવીને ગોઠવી દીધું હોય તેમ લાગે છે - અને આકાશી પિંડોના પૂરતા જ્ઞાન વગર આખેઆખા સ્કાયસ્કેપની નવેસરથી ગોઠવણીનું કામ સહેલું તો નથી જ. ખગોળનું વ્યવહારિક જ્ઞાન આ માટે જરૂરી છે.

વાન ગોહના ચિત્રોમાં દેખાતી અસમાનતા અને ગતિશીલતા તેના જીવનની તીવ્ર મનોદશાનું પ્રતીક ભલે સૂચવતી હોય, પણ એથી કરીને એની માનસિક સ્વસ્થતા અંગે શંકા લાવવી બરાબર નથી. એ સામે ચાલીને પાગલોના દવાખાનામાં દાખલ થવા ગયો હતો, કારણ કે તેને ખુદને પણ પોતાની બીમારીના પ્રકારની ખબર ન હતી. પણ ત્યાંય એની વર્તણૂક એટલી તો શિસ્તબદ્ધ અને બુદ્ધિગમ્ય હતી કે તે પાગલ હતો એવી પ્રચલિત લોકવાયકા હવે ટકી શકે તેમ નથી. આધુનિક સંશોધકો કહે છે કે વાન ગોહ કોઈ માનસિક વિકૃતિથી પીડિત ન હતો, પણ 'મેનીઅર્સ'નામના કાનના એક રોગ (Menierc's disease)થી ઘણો પીડાતો હતો અને એટલે જ દુ:ખની પરાકાષ્ઠાએ એક દિવસ એણે પોતાનો એક કાન જ કાપી નાંખેલો! એ સમયે આ રોગનું નિદાન થઈ શક્યું હોત તો કદાચ પરિસ્થિતિ જુદી જ હોત. એ જે હોય તે, પણ ખગોળમાં એના જીવંત રસને ધ્યાનમાં લેતાં અને એ અંગેના બહોળા વાચનને ધ્યાનમાં લેતાં એવું કહી શકાય કે કોઈક મૂર્ખ જ એને 'પાગલ'માં ખપાવવાની હિંમત કરે! □

બૂટ અને કેપ (ક્રિકેટ : ૩) કુમારપાળ દેસાઈ

સામાન્ય ધારણા એવી છે કે ક્રિકેટ ખેલવા માટે બેટ, બોલ અને સ્ટમ્પ્સ મળે એટલે પત્યું. માત્ર બંદૂક મળવાથી સૈનિક ન થવાય એ જ રીતે બેટ મળવાથી કંઈ બેટ્સમેન થઈ જવાય નહીં. લશ્કરમાં જેટલી જરૂર યૂનિફોર્મની છે એટલી જરૂર ક્રિકેટમાં યોગ્ય બૂટ, મોજાં, ગ્લવ્ઝ અને કેપની છે. ૧૯૫૬માં ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચેની ટેસ્ટમૅચ ખેલાતી હતી. ભારતીય ઑલરાઉન્ડર વિનુ માંકડ અમુક પ્રકારે નાખેલા એમના દડાને બેટ્સમૅન અમુક જ દિશામાં લગાવશે એમ કલ્પી શકતા અને તેથી એ સ્થાને ફિલ્ડરને રાખતા. એમણે 'ડીપ'માં ફીલ્ડિંગ કરતાં વિજય માંજરેકરને કૅચ માટે સાવધ કરી દીધા. બન્યું પણ તેવું જ. ઑસ્ટ્રેલિયાના સુકાની જહોન્સને વિનુ માંકડના દડાને એમણે ધારેલી બાજુએ જ ફટકાર્યો. વિજય માંજરેકર કૅચ ઝડપવા દોડ્યા. દડાથી એ બે ફૂટ દૂર હતા અને એકાએક મેદાન પર લપસી પડ્યા. વિજય માંજરેકરે ક્રિકેટ માટેના 'સ્પાઈક'વાળા બૂટને બદલે સાદા કૅનવાસના બૂટ પહેર્યા હતા. ઑસ્ટ્રેલિયાના સુકાની જહોન્સને આ જીવતદાનનો લાભ ઉઠાવીને પોતાની ટીમને વિજયને પંથે વાળી દીધી. જો વિજય માંજરેકર લશ્કરમાં હોત અને એમણે આવી ભૂલ કરી હોત તો એમના પર લશ્કરી અદાલતમાં કામ ચાલ્યું હોત!





ક્રિકેટના પ્રારંભકાળમાં જૅકેટ પહેરીને ફીલ્ડિંગ કરતો ખેલાડી કૅચ કરવામાં હૅટ પણ વાપરતો. (મથાળે) ૧૯૩૩માં પેટ્સી હેન્ડ્રને આવી રક્ષણાત્મક કૅપ પહેરી હતી.

ક્રિકેટર બૂટની પસંદગી કરતી વખતે 'પીચ'નો પણ વિચાર કરતો હોય છે. ટર્ફ વિકેટ પર ખેલતો હોય તો એ સ્પાઈકવાળા બૂટ પસંદ કરે છે અને મૅટિંગ વિકેટ પર ખેલવાનું હોય તો ખાંચા પાડેલા જાડા રબર સોલ ધરાવતા બૂટ પસંદ કરે છે. ઘણીવાર જાણીતા ખેલાડીઓ પણ બૂટની બાબતમાં ઓછું ધ્યાન આપતા દેખાય છે. પરંતુ કયારેય મૅચમાં નવા બૂટ પહેલી જ વાર પહેરીને આવવું જોઈએ નહીં. કેટલાક ખેલાડીઓ સ્પાઈકવાળા બૂટ પહેરે છે. બૂટની નીચેના ખીલા સ્ક્રૂવાળા હોય છે અને કેટલાક બૂટમાં તે ચોંટાડેલા હોય છે. બૂટમાં જો સ્ક્રૂ ફીટ કરવામાં આવ્યો હોય અને તેનો ઉપરનો ભાગ કાપી નાખવામાં આવ્યો હોય તો તે સ્ક્રૂ બહાર નીકળી જતો નથી. આ પ્રકારના બૂટમાં ગેરલાભ એ હોય છે કે જો સ્ક્રૂ નીકળી જાય તો બૂટનો આખો સોલ બદલવો પડે છે, સખત ગરમી હોય અને મેદાનની જમીન પણ સખત હોય ત્યારે ફાસ્ટ બોલરે એના પગના આગળના ભાગને બચાવવો જરૂરી હોય છે. પરંતુ આવા બૂટમાં ધાતુનો 'ટો' લગાવવો જોઈએ, જેથી ઝડપી ગોલંદાજના પગનો આગળનો ભાગ ઈજા પામે નહીં. ગંદા બૂટ એ આળસુ ક્રિકેટરની નિશાની છે. પોતાનાં બીજાં સાધનો મેલાં થાય નહીં તે માટે દરેક ખેલાડી જુદી બૂટ-બૅગ રાખતો હોય છે. ક્રિકેટનાં સાધનોમાં બૂટના મહત્ત્વનું એક જ ઉદાહરણ પૂરતું થશે. ક્રિકેટના ઉત્તમ બેટ્સમૅન અને કુશળ સુકાની ડૉન બ્રેડમૅન રોજ સવારે મૅચ શરૂ થતાં અગાઉ પોતાના ખેલાડીઓનાં બૂટની ચકાસણી કરતા હતા. તૂટેલી દોરી કે ખોટી જગ્યાએ સ્પાઈક હોય તો કૅચ ચૂકી જવાય અને કદાચ મૅચ પણ!

ક્રિકેટર પહેલા હૅટ પહેરતો હતો. ક્રિકેટના આરંભકાળમાં તો ફીલ્ડર કયારેક એની મોટી પહોળી હૅટમાં દડાનો કૅચ કરતો હતો. કેટલાકને આ રુચ્યું નહીં. હાથ કરતા હૅટનો ખોબો મોટો લાગ્યો. પરિણામે એવો નિયમ કરવામાં આવ્યો કે હૅટથી દડાનો કૅચ કરવો નહીં. જો કોઈ આ રીતે કરે તો વિરોધી ટીમને પાંચ રન આપવા. એ પછી આગળ લાંબી હોય તેવી કૅપની પ્રથા શરૂ થઈ. રનના જેટલી જ પહેરવેશની ચીવટ ધરાવનારો ઇંગ્લૅન્ડનો ઓપનિંગ બેટ્સમૅન જ્યૉફ બૉયકોટ બૅટિંગ કરતો હોય, બૉલિંગ કરતો હોય કે ફીલ્ડિંગ કરતો હોય, પણ કૅપ પહેરી રાખતો. એ યૉર્કશાયર કાઉન્ટિ ટીમનો ખેલાડી હતો. એ ઇંગ્લૅન્ડ તરફથી ટેસ્ટમાં ખેલતો હોય, તો પણ યૉર્કશાયર કાઉન્ટિના પ્રતિનિધિત્વવાળી કૅપ પહેરતો હતો. આવી જ રીતે યૉર્કશાયર અને ઇંગ્લૅન્ડના મહાન બેટ્સમૅન જૅક હૉબ્સ સાથે ઓપનિંગ જોડીના વિક્રમ સર્જનાર ચોપન ટેસ્ટ રમેલા હર્બર્ટ સટક્લીફને પણ સતત કૅપ પહેરી રાખવાની આદત હતી. ઓગણચાલીસ ટેસ્ટ રમેલા ઇંગ્લૅન્ડના ફાસ્ટ બોલર મૉરિસ ટાટે અને ઇંગ્લૅન્ડના સુકાની આર્થર ચૅપમૅન પણ, સતત કૅપ પહેરી રાખતા હતા. સી.કે. નાયડુની ફેલ્ટ અને સુનિલ ગાવસ્કરની પનામા કૅપ એટલી જ જાણીતી છે. ડૉન બ્રેડમૅનનો મત એવો છે કે વાતાવરણ વાદળછાયું હોય તે સિવાયના તમામ સંજોગોમાં ખેલાડીએ કૅપ પહેરવી જોઈએ. આ કૅપ પણ માથા પર બરાબર ફિટ હોવી જોઈએ.

ઈ.સ. ૧૯૭૪માં ભારતીય ટીમ અજિત વાડેકરની આગેવાની હેઠળ ઇંગ્લૅન્ડનો પ્રવાસ ખેડતી હતી. આ સમયે ચોથી જુલાઈએ બર્મિંગહામમાં શરૂ થયેલી ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચેની ત્રીજી ટેસ્ટના

બીજા દાવમાં ટેસ્ટપ્રવેશ કરતાં સુધીર નાઈક સાથે મુંબઈના જ અશોક માંકડ સુંદર રમત ખેલતા હતા. બંનેએ પાંચમી વિકેટની ભાગીદારીમાં ૮૭ રનનો ઉમેરો કર્યો. પરંતુ એ પછી ઇંગ્લેન્ડના ઝડપી ગોલંદાજ ક્રિસ ઓલ્ડના દડાને અશોક માંકડ ફટકારવા ગયા. દડાને ફટકારવા જતા માથા પર ઢીલી રાખેલી કેપ ઊડીને સ્ટમ્પ પર પડી. બેઈલ્સ નીચે પડી ગઈ અને અશોક માંકડ 'હીટ વિકેટ' થવાથી આઉટ જાહેર થયા. આમ, કેપ બરાબર ફિટ ન હોય તો ખેલાડીને મોટી ઉપાધિ પણ આવી જતી હોય છે. વિશ્વક્રિકેટના તખ્તા પર વેસ્ટઈન્ડિઝના ઉદય સાથે ઝડપી ગોલંદાજીનો પ્રભાવ વધ્યો અને પરિણામે કેપનું સ્થાન હેલ્મેટે લીધું.

આજે ક્રિકેટના મેદાન પર હેલ્મેટ પહેરેલા ખેલાડીઓથી આપણે ટેવાઈ ગયા છીએ, પરંતુ આજથી માત્ર ૧૫ વર્ષ પહેલા ખેલાડીએ હેલ્મેટ પહેરવી જોઈએ કે નહીં એ વિશે તીવ્ર વિવાદ ચાલતો હતો. એ સમયે વિવિયન રિચર્ડ્સે એમ કહ્યું કે હેલ્મેટ એ તો કાયરતાની નિશાની છે. સુનિલ ગાવસ્કરે પણ હેલ્મેટ તરફ અણગમો દાખવ્યો. કેટલાકને લાગ્યું કે હેલ્મેટ પહેરેલા ક્રિકેટરો અવકાશયાત્રી જેવા લાગશે. કૉમેન્ટ્રેટરોએ એવો પણ ભય દર્શાવ્યો કે હેલ્મેટધારી ખેલાડી કોણ છે એ ઓળખવું પણ મુશ્કેલ બનશે.

ક્રિકેટના ઈતિહાસમાં છેક ૧૯૩૩માં મિડલસેક્સ અને નૉટિંગહામશાયર વચ્ચેની મેચમાં ઇંગ્લેન્ડનો વિખ્યાત ખેલાડી હસમુખો પેટ્સી હેન્ડ્રન એની પત્નીએ બનાવેલી રક્ષણ આપવનારી કેપ પહેરીને રમ્યો હતો. પરંતુ પેટ્સી હેન્ડ્રનનો આ ખ્યાલ પ્રચારમાં આવ્યો નહીં. સિડનીના એક સોલિસિટર બ્રુસ માઈલ્સે વર્ષો પહેલાં હેલ્મેટ વાપરવાનું સૂચન કર્યું હતું. ૧૯૬૫માં ઑસ્ટ્રેલિયામાં રમાયેલી એ સામાન્ય મેચમાં બિલ હોય નામનો ખેલાડી હેલ્મેટ પહેરનારો પ્રથમ ક્રિકેટર બન્યો. ત્યારબાદ ઑસ્ટ્રેલિયાની ટીમ સુકાની બૉબ સિમ્પસનની આગેવાની હેઠળ વેસ્ટઈન્ડિઝના પ્રવાસે ગઈ. આ સમયે વેસ્ટઈન્ડિઝના ચાર્લી ગ્રિફિથની ગોલંદાજીની યોગ્યના અંગે વિશ્વભરમાં વિવાદ ફેલાયો હતો. ચાર્લી ગ્રિફિથ 'ચકર' એટલે કે બેટ્સમેનના માથા પર આવે તેવા ઝડપી 'થ્રો' દડા નાખે છે તેમ કહેવાનું. આવા ચાર્લી ગ્રિફિથનો સામનો કરવા માટે ઑસ્ટ્રેલિયાના ક્રિકેટ સ્પૉર્ટ્સ એસોસિએશને અડધો ડઝન હેલ્મેટ વેસ્ટઈન્ડિઝ મોકલી હતી. પરંતુ આ સાધનની ઉપયોગિતાનો કશો ખ્યાલ નહીં હોવાથી હેલ્મેટ રસ્તામાં જ રહી. એને વિમાનના સામાનમાંથી લઈ આવવાની ઑસ્ટ્રેલિયન ટીમના મેનેજરે દરકાર પણ ન કરી.

સિડની શહેરનો સોલિસિટર બ્રુસ માઈલ્સ હેલ્મેટની ઉપયોગિતા અંગે ખૂબ આશાવાદી હતો. અને તેથી એના સૂચનની અવગણના થતી હોવા છતાં એણે પોતાનો પ્રયાસ ચાલુ રાખ્યો. ઇંગ્લૅન્ડમાં બૉબ વિલિસની ઝડપી ગોલંદાજીનો સામનો કરવામાં ઑસ્ટ્રેલિયનો નાકામયાબ નીવડ્યા ત્યારે પણ આ સોલિસિટરે હેલ્મેટ મોકલ્યાં હતાં, પણ કોઈએ ઉપયોગ કર્યો નહિ. ૧૯૭૫માં ઑસ્ટ્રિલિયાના ડેનિસ લીલી અને જેફ થૉમસનની ઝડપી ગોલંદાજી સામે ઇંગ્લેન્ડ ભાંગી ગયું ત્યારે આ જ સોલિસિટરે અનુભવી બેટ્સમેન જહોન એડ્રિચ અને આક્રમક ખેલાડી ટૉની ગ્રેગને સિડનીમાં હાથોહાથ હેલ્મેટ આપ્યું હતું, પણ કોઈએ ઉપયોગ કર્યો નહીં.

ઑસ્ટ્રેલિયાના કેરી પેકરે ક્રિકેટના ચુનંદા ખેલાડીઓને અઢળક નાણાંથી ઝબ્બે કરીને પરંપરાગત ટેસ્ટ ક્રિકેટને હચમચાવવાનો પ્રયાસ કર્યો. એણે યોજેલી વર્લ્ડ ક્રિકેટ સીરીઝમાં ડૅનિસ લીલી, લેન પેસ્કો, ગૅરી ગિલ્મોર અને મેક્સ વોકર જેવા ઑસ્ટ્રેલિયાના ઝડપી ગોલંદાજોને તથા એન્ડી રૉબર્ટ્સ માઈકલ હોલ્ડિંગ, વાયને ડૅનિયલ, જોઅલ ગાર્નર જેવા વેસ્ટ ઈન્ડિઝના ઝડપી ગોલંદાજોને સામેલ કર્યા. પાકિસ્તાનનો ઇમરાનખાન અને રંગભેદને કારણે બહિષ્કૃત એવા દક્ષિણ આફ્રિકાનો ઝડપી ગોલંદાજ માઈક પ્રોક્ટર પણ ખરો. વિશ્વના આટલા બધા ઝડપી ગોલંદાજોનો સામનો કરવા માટે પ્રાયોગિક ધોરણે વિચારાતા હેલ્મેટને આપોઆપ પ્રોત્સાહન મળી ગયું. આ હેલ્મેટથી ઝડપી ગોલંદાજો અને તેમાં પણ એના શૉર્ટ પીચ બાઉન્સર સામે નિર્ભયતાથી ખેલવા બેટ્સમેનને આત્મવિશ્વાસ મળ્યો. ઉચ્ચ ક્રિકેટમાં હેલ્મેટ પહેરીને ખેલવાનો પ્રારંભ ઇંગ્લેન્ડના ઓપનિંગ બેટ્સમેન માઈક ડૅનિસે કર્યો. ઑસ્ટ્રેલિયાના યુવાન ખેલાડી ડૅવિડ હૂક્સના જડબાનાં હાડકાંઓનો એન્ટી રૉબર્ટ્સના એક ઝડપી બાઉન્સરે કચ્ચરઘાણ વાળી દીધો. સાત અઠવાડિયાંના આરામ બાદ ઑસ્ટ્રેલિયાનો ડૅવિડ હૂક્સ હેલ્મેટ પહેરીને મેદાન પર રમવા ઊતર્યો અને એ જ એન્ડી રૉબર્ટ્સના બે દડામાં સતત બે છગ્ગા લગાવ્યા. આ સમયે બ્રિટનમાંથી તાત્કાલિક હેલ્મેટ મંગાવવામાં આવ્યું. પછી તો ટૉનિ ગ્રેગ, રે ફેડરિક્સ અને બૉબ વુલ્મર જેવા વિશ્વકક્ષાના ખેલાડીઓએ હેલ્મેટ પહેરીને ખેલવાનો પ્રારંભ કર્યો. વેસ્ટઈન્ડિઝ અને ઑસ્ટ્રેલિયાની બીજી ટેસ્ટમાં ઑસ્ટ્રેલિયાના ગ્રેહામ યલપે વેસ્ટઈન્ડિઝના ઝડપી ગોલંદાજ કોલિન ક્રોફ્ટની ગોલંદાજીનો સામનો કરવા માટે ઉપયોગ કર્યો. એ ટેસ્ટમાં યલપ પછી ઑસ્ટ્રેલિયાના ડૅવિડ ઓગિલ્વી, સ્ટીવ રીક્ષન અને હીગ્સ પણ હેલ્મેટ પહેરીને ટેસ્ટ રમ્યા. અને એ રીતે ટેસ્ટ ક્રિકેટમાં હેલ્મેટનો પ્રવેશ થયો. ૧૯૬૨ની ૧૭મી માર્ચે ચાર્લી ગ્રિફિથનો દડો ડાબોડી ઓપનર અને ભારતીય ટીમના સુકાની નરીમાન કૉન્ટ્રાક્ટરને જમણા કાનથી એક ઈંચ ઊંચે માથા પર વાગ્યો. બારબાડોસ શહેરની જનરલ હૉસ્પિટલમાં ચાર-ચાર દિવસ સુધી નરીમાન કૉન્ટ્રાક્ટર જીવન અને મૃત્યુ વચ્ચે ઝોલાં ખાતો રહ્યો. આખરે નરીમાન કૉન્ટ્રાક્ટરનું જીવન બચ્યું, પણ ટેસ્ટ કારકિર્દી પર પૂર્ણવિરામ આવી ગયું. જો એ સમયે હેલ્મેટનો વપરાશ હોત તો આવું થયું ન હોત. ન્યૂઝીલેન્ડના ઝડપી ગોલંદાજ ઈવાન ચેટફિલ્ડને ૧૯૭૫ની ૨૫મી ફેબ્રુઆરીએ ઑકલેન્ડના ઇડન પાર્ક મેદાન પર ઈંગ્લેન્ડના પિટર લીવરનો પીચ પડ્યા પછી એકાએક ઊંચો ધસી આવેલ દડો માથા પર વાગ્યો. ચેટફિલ્ડ મેદાન પર ઢળી પડ્યો. થોડીક ક્ષણો સુધી એનું હૃદય બંધ રહ્યું. પરંતુ તત્કાળ ઈંગ્લેન્ડના ફિઝીયોથેરાપિસ્ટ બર્નાડ થોમસે હૃદય પર માલિશ અને મોંમાં મોં નાખીને શ્વાસની ટ્રીટમેન્ટ આપી એને જીવતો કર્યો હતો.

ઈશાવાસ્ય ઉપનિષદ

(આપણાં ઉપનિષદોમાં ઈશાવાસ્ય સૌથી વધારે ચર્ચાએલું અને સૌથી વધુ લોકખ્યાત છે. અનેકોએ એનાં અર્થઘટનો, અનુવાદો અને ભાષ્યો આપ્યાં છે. એ પરંપરામાં કવિવર રાજેન્દ્ર શાહનો આ પ્રયાસ પણ અલગ અભિગમને કારણે આવકાર્ય અને આસ્વાદ્ય છે.)

શાન્તિ મન્ત્ર :

ૐ પૂર્ણમિદં પૂર્ણાત્પૂર્ણમુદચ્યતે ।
પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે ।।

ૐ એટલે બ્રહ્મ; પૂર્ણમ અદઃ એટલે પૂર્ણ છે એ. એ એટલે જે પ્રત્યક્ષ નથી તે, અપરોક્ષ, પરબ્રહ્મ. પૂર્ણમિદં એટલે પૂર્ણ છે આ. આ એટલે પ્રાકટ્ય પામેલી, પામતી ગોચર સમષ્ટિ, જે પ્રત્યક્ષ છે તે સંભૂતિ. પૂર્ણાત પૂર્ણમ્ ઉદચ્યતે એટલે પૂર્ણમાંથી પૂર્ણ પ્રકટ થાય છે. અહીં પ્રથમ પૂર્ણ અદઃનું વાચક છે, બીજું પૂર્ણ ઈદમ્‌નું. પૂર્ણસ્ય એટલે પૂર્ણનું (અદઃનું), પૂર્ણમ્ આદાય એટલે પૂર્ણ (ઈદમ) લઈ લેવામાં આવતાં; પૂર્ણમ્ એવ એટલે પૂર્ણ જ (બ્રહ્મ), અવશિષ્યતે એટલે શેષે રહે છે.

ૐ પૂર્ણ છે એ, પૂર્ણ છે આ, પૂર્ણથી પૂર્ણ ઉદ્‌ભવે,
પૂર્ણનું પૂર્ણ લેતાં યે રહે તે પણ પૂર્ણ જ.

મન્ત્ર ૧

ૐ ઈશાવાસ્યમિદં સર્વં યત્કિંચ જગત્યાં જગત્ ।
તેન ત્યકતેન ભુઞ્જિથાઃ મા ગૃધઃ કસ્યસ્વિદ્ધનમ્ ।।

ઈશા એટલે કે ઈશ્વરેણ, ઈશ્વર વડે; વાસ્ય એટલે કે આવાસ્ય, આચ્છાદ્ય; મન્ત્રમાં બન્ને અર્થ ગ્રહણ કરવાના છે. આવાસનીય કે આચ્છાદનીયમાંથી એક જ અર્થ લેવા જતાં તો શાન્તિમન્ત્રના પૂર્ણત્વમાં બાધ આવે. આંતરબાહ્ય સર્વત્ર એ જ છે, એટલે કે આ સર્વ ઈશ્વરાભિન્ન છે એમ જ ગુરુનું શિષ્ય પ્રતિ કથન છે. યત્કિંચ: જે કંઈપણ છે તે; જગ ત્યાં જગત્ એટલે કે પ્રકૃતિમાં (જે કંઈપણ) વસ્તુ, ચર અચર, નામરૂપાત્મક છે તે. તેને એટલે તેના વડે, ઈશ્વર દ્વારા. ત્યક્તેન એટલે ત્યક્તેન (છોડાયાથી), ન્યસ્તેન (મુકાયથી), દત્તેન (અપાયાથી) એટલે એણે ત્યજેલું, મૂકેલું, આપેલું એટલે ધરેલું. ભુઞ્જિથાઃ એટલે ભોગવ. મા ગૃધઃ લોભ કે લાલચ કરીશ નહીં; કસ્યસ્વિદ્ એટલે કોઈનુંય, ધનમ્ એટલે ધન જેના ઉપર કોઈનો પણ અધિકાર છે તે વસ્તુ.

ઈશાવાસ્યનો આ પ્રથમ શ્લોક અત્યંત મહત્વનો છે. ગુરુ શિષ્યને બોધ આપે છે. જે કંઈ આ સંસારમાં છે તે સર્વ ઈશ્વરથી આંતરબાહ્ય ભર્યુંભર્યું કરવાનું છે. ભર્યુંભર્યું હોવા છતાં આમ કહેવાનું તાત્પર્ય એટલું જ એ અનુભૂતિએ શિષ્ય સ્થિર થાય ત્યાં સુધી એણે તે માર્ગે સાધના કરવાની રહે છે. અને બીજી જ પંકિતમાં શિષ્યને સાધના માર્ગ બતાવે છે. આ જગત ઈશ્વરાભિન્ન છે એટલે કશાનો યે પરિહાર કરવાનો નથી. એ જે ધરે એનો આનંદ સ્વીકાર કરવાનો છે. અધિકારીના ત્રણે ભેદ બીજી પંકિતમાં વ્યકિતને શબ્દ દ્વારા વ્યંજિત થયા છે. જ્ઞાનયોગી, ભકિતમાર્ગી અને કર્મયોગી ત્રણેને માટે સૂચિત થયું છે. પ્રથમતઃ ત્યક્તેન દ્વારા. ત્યક્ત એટલે ત્યજેલું. વૃક્ષ પરથી ખરી પડેલું ફળ, ખેતરમાંથી લણણી કરતાં વેરાયલા દાણા વગેરે ત્યકત ગણી શકાય. શિલોછવૃત્તિથી રહેતા જ્ઞાની અધિકારી માટે એ ભોગ્ય. અન્ય અર્થ ન્યસ્તેન દ્વારા, જે મુકાયું છે તે. ભકતે ઈષ્ટને સમર્પિત કરેલી વસ્તુ, જે ઈષ્ટે પ્રસાદ રૂપે મૂકી તે ભક્તથી ભોગ્ય અને દત્તેન દ્વારા જે અપાયું છે, તે કર્મના ફલ સ્વરૂપ જે પ્રાપ્ત થયું તે કર્મયોગી માટે ભોગ્ય. સુખ કે દુઃખ, આનંદ કે વેદના સર્વ કંઈ ભોગ્ય. કોઈનું કશુંય લેવાનું નથી. પરિગ્રહથી પર રહેવાનું છે. પ્રત્યેકને માટે કર્તવ્યનું અહીં સૂચન થયું છે.

ઈશથી વાસ્ય બ્રહ્માંડે સર્વ કૈં આ ચરાચર,
એણે દીધેલ તે માણ, વાંછ મા કોઈનું ધન. (૧)

રાજેન્દ્ર શાહ

અનુસંધાન) બૂટ અને કેપ (પૃ. ૨૧૧થી

૧૯૭૯ની ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની ટેસ્ટશ્રેણી દરમ્યાન બાઉન્સરથી માથા પર ઈજા પામેલો મોહિન્દર અમરનાથ એનો આત્મવિશ્વાસ ગુમાવી બેઠો અને ટેસ્ટ ટીમમાંથી રૂખસદ પામ્યો. એ જ મોહિન્દર હેલ્મેટ પહેરીને ખેલવા આવ્યો ત્યારે એનામાં જુદા જ પ્રકારનો આત્મવિશ્વાસ નોંધાયો. ૧૯૮૨-૮૩માં પાકિસ્તાનના પ્રવાસમાં મોહિન્દર ભારતનો કુશળ બેટ્સમેન પુરવાર થયો.

આજે ક્રિકેટમાં હેલ્મેટનું મહત્ત્વ સ્વીકારાયું છે. એમાં પણ આગળ 'વીઝર' ધરાવતું હેલ્મેટ ઝડપી ગોલંદાજીનો સામનો કરતી વખતે પહેરવું વધુ યોગ્ય ગણાય. બેટ્સમેન હૂકનો ફટકો લગાવતી વખતે પોતાનો ચહેરો સીધો રાખે છે ત્યારે ઈજા થવાનો ભય રહે છે. જો દડો આવતા બેટ્સમેન નીચો નમી જાય તો હેલ્મેટથી એના કાનની આસપાસનો ભાગ સલામત રહે છે. ક્રિકેટના ભૂતકાળમાં ડોકિયું કરીએ તો એમ લાગે કે અગાઉ એક દાયકામાં બે કે ત્રણ ખરેખરા ઝડપી ગોલંદાજો પેદા થતા હતા. પરંતુ આજે એકલા વેસ્ટઈન્ડિઝ જેવા દેશ પાસે એકસાથે પાંચેક જેટલા ઝડપી ગોલંદાજ છે. ક્રિકેટ પરંપરાને ચીટકી રહેનારાઓએ હેલ્મેટનો વિરોધ કર્યો હતો. એક સમયે બેટિંગ કરતી વખતે પહેરવાનાં ગ્લવ્ઝનો પણ આવા જ પરંપરાવાદીઓએ વિરોધ કર્યો હતો. પાકિસ્તાનના ઓલરાઉન્ડર ઈમરાનખાન ૧૯૭૧માં ટેસ્ટ ક્રિકેટમાં પ્રવેશ્યા બાદ ૧૯૭૯ સુધી હેલ્મેટ વિના રમ્યા હતા, અને એ પછી હેલ્મેટ પહેરીને રમ્યા. સિક્કાની બંને બાજુ જોનારા ઈમરાનખાનનું માનવું છે કે હેલ્મેટ ક્રિકેટરોને રક્ષણ અને આત્મવિશ્વાસ આપનારું સાધન છે. એક ગોલંદાજ તરીકે પણ એ તો ઇચ્છે છે કે બેટ્સમેન હેલ્મેટ પહેરે તો સારું, કારણ કે જીવલેણ ઈજા થવામાંથી તો બેટ્સમેન ઊગરી જાય ! (ક્રમશઃ)

કલાવાર્તા

કલાકાર શ્યાવક્ષ ચાવડા, સ્વર્ગસ્થ

કલાકાર શ્યાવક્ષ ચાવડાની વિશિષ્ટ ચિત્રણાનો પરિચય તો 'કુમાર'ના વાચકોએ અનેકવાર કર્યો છે. એમના રેખાસામર્થ્યથી તો તેઓ ગુજરાતના સર્વ ચિત્રકારોમાં મોખરે હતા જ, પણ દેશભરના અગ્રગણ્ય કલાકારોની હરોળમાં પણ એમનું આગવું સ્થાન હતું. તાજેતરમાં જ એમનું અવસાન થતાં કલાક્ષેત્રે ગુજરાતે એક આગવી પ્રતિભા ગુમાવી છે.

નવસારીના એક પારસી કુટુંબમાં ૧૯૧૪ની ૧૮ ડિસેમ્બરે એમનો જન્મ. શાળાનું શિક્ષણ નવસારીમાં જ લઈ તેઓ મુંબઈની વિખ્યાત કલાશાળા સર જે. જે. સ્કૂલ ઓફ આર્ટમાં કલાભ્યાસ માટે જોડાયા. આ પછી એક પારસી સંસ્થાની સહાયથી તેઓ લંડન ગયા અને ત્યાંની જાણીતી સ્લેડ સ્કૂલમાં દાખલ થયા. અહીં એમણે ત્રણ વર્ષનો અભ્યાસક્રમ બે જ વર્ષમાં કર્યો, સાથોસાથ રંગભૂમિને અનુષંગી વેશભૂષા, નેપથ્યવિધાન, લિથોગ્રાફિ, જૂનાં ચિત્રોની મરામત તથા ભીંતચિત્રોનો અભ્યાસ પણ કર્યો. ઈંગ્લૅન્ડમાં તેઓ રોજ અઢાર કલાક કામ કરતા. એ પછી પેરિસ જઈ ત્યાંની અકાદમી દ લા ગ્રાન્દ શુમીએરમાં નવ મહિના કલાભ્યાસ કર્યો. પાછા આવ્યા ત્યારે હિંદી સંસ્કૃતિ અને હિંદી કલા પ્રતિ નવા ભાવ-ભક્તિ લઈને આવેલા.

અજંતાની એકધારી રેખાઓ, ચીન-જપાનની જાડીપાતળી થતી ભાવાનુકંપી પીછીનો વેગીલો પ્રસાર અને યુરોપની રચનાબદ્ધ પિંડઘન આકૃતિઓ આ બધાં તત્ત્વો અપનાવતી એમની પોતાની એક અનોખી શૈલી એમણે વિકસાવી હતી. અહીં જ્યારે રાજપૂત, અજંતા કે પશ્ચિમી ઢબની નકલો વિશેષ જોવા મળતી ત્યારે એમની આ શૈલીએ એક નવી તાજગી પૂરી.

એમના ચિત્રકામમાં નવીનતા અને સુંદરતા જોવા મળતી. પટરચના, રંગવિભેદની રમત, લોકજીવનનું આલેખન વગેરેમાં એમને રસ હતો. એમનાં ચિત્રોમાં આધુનિક હિંદની પ્રામાણિક છબી જોવા મળે છે. પણ સીધા ફાઉન્ટનપેનથી કરેલા સ્કેચમાં કાબેલ પીછીની કુમાશ અને ઉઠાવ તો એમનાં આગવાં જ. વિધવિધ પ્રાણીઓ તથા નૃત્યરત પાત્રોનાં એમનાં ત્વરિતાલેખનો તો બેજોડ રહ્યાં છે. પ્રાણીઓનાં ચિત્રો આલેખતા બહુ ઓછા હિંદી કલાકારો જોવા મળે છે. ત્યારે વિવિધ પ્રાણીઓના અંગમરોડ, આવેગ-સંવેગ અને સ્વભાવના સંકેત દાખવતા પિંડોને રેખાબદ્ધ કરવામાં એમણે સરળતા બતાવી છે.

એમની ચિત્રણાનું એક બીજું વૈશિષ્ટ્ય એ છે કે તેમાં કામુકતાનો અંશ જોવા મળતો નથી. મુગ્ધ કન્યાઓ કે મનોહર પ્રેમિકાઓના ઠઠારા તેમાં નથી. રાધાકૃષ્ણના નામે પ્રણયવ્યવહારના આલેખનથી તેઓ મુક્ત જ રહ્યા છે. કેટલાકને એમનાં માનવપાત્રોમાં ગતિશૂન્યતા લાગે છે, પણ અચલ રહેવા છતાં એમની વેગવંતી રેખાઓથી એ સ્ફૂર્તિમાન પણ લાગે જ છે.

આપણે જેને હિંદી કે ભારતીય કહીએ તેવી એમની શૈલી ન લાગે. પણ આપણે તેને હિંદી અને પશ્ચિમીના મેળ જેવી કહી શકીએ. ચપલ ગતિ અને સ્પંદનાત્મક ચલનવાળાં દૃશ્યમાન તમામ રૂપ અને આકારના તેઓ ચાહક હતા. વિષયની સાદગીભરી રજૂઆત અને અલંકરણોનો લગભગ અભાવ એ એમની લાક્ષણિકતા રહી છે, અને એમાં જ એ ભારતીય લક્ષણોથી ભિન્ન પડે છે.

જરાકે અવસર મળતાં તેઓ દૂરદૂરના પ્રદેશમાં જઈ લોકજીવન, વન્યજીવન કે પ્રાણીજીવનનો સંપર્ક પામવા કે કોઈ પ્રાચીન શિલ્પધામો જોવા ઊપડી જતા અને ત્યાંથી અભિનવ દૃષ્ટિબિંદુ તથા તાજગીભરી આકૃતિઓના આલેખો, અવતરણો કે ત્વરિત રેખાંકનોની નોંધપોથીઓ ભરી લાવતા. તાદૃશ ચિત્રકામમાં પણ તેઓ સિદ્ધહસ્ત હતા. આરંભથી જ ચિત્રકલા ઉપરાંત એમને અન્ય સાંસ્કારિક પ્રવૃત્તિઓમાં ઊંડો રસ હતો. શરીર સૌષ્ઠવના પણ તેઓ આગ્રહી હતા. ગ્રીક આદર્શ મુજબ તેને એઓ સંસ્કારનું એક અંગ ગણતા. હિંદી-અંગ્રેજી સાહિત્યના જૂનાનવા પ્રવાહોથી પણ એ પરિચિત રહેતા. વર્ષો સુધી એમણે હિંદી શિષ્ટ સંગીતની તાલીમ પણ લીધેલી અને તેથી ભારતીય સંગીતના એઓ અચ્છા જ્ઞાતા હતા. એમનાં પત્ની ખુરશીદ શિક્ષણક્ષેત્રે ડિપ્લોમા ધરાવતાં હોવા છતાં એમણે નૃત્યક્ષેત્રે સારી ખ્યાતિ મેળવી છે. નૃત્યકાર શીરીન વજીફદારનાં એ બહેન ઉદયશંકર, મેનકા, રામગોપાલ અને તાંજોરના બાબા પિલ્લાઈ પાસે એમણે નૃત્યની તાલીમ લીધેલી.

શ્યાવક્ષ ચાવડાના જવાથી કલાક્ષેત્રે ગુજરાત ઘણું રંક બન્યું છે. વર્ષોથી પોતાની પીંછી દ્વારા 'કુમાર'ના વાચકોના વહાલસોયા ચિત્રકાર શ્યાવક્ષ ચાવડાના નિધનથી કલાના ક્ષેત્રે ગુજરાતને જે ખોટ પડી છે તે જલ્દીથી પુરાવી મુશ્કેલ છે.

બિ.

વિન્સેન્ટ વાન ગોહની સંવત્સરસદી

આજે પ્રશંસાની પુષ્પમાળાઓથી લદાઈ રહેનાર અને જેની એકએક ચિત્રકૃતિના લાખો જ નહિ, કરોડો રૂપિયાની કિંમત અંકાય છે તે કલાકાર વિન્સેન્ટ વાન ગોહ જીવતેજીવત તો નરી ઉપેક્ષા અને ગરીબીમાં સબડી મૂઓ હતો. અને આજે કલાના ચાહકો એની મૃત્યુ-શતાબ્દી મનાવી રહ્યા છે.

નેધરલૅન્ડ્સના ગ્રૂટઝુન્ડર્ટ નામના એક ગામડામાં ઈ.૧૮૫૩ની ૩૦ માર્ચે તેનો જન્મ થયેલો. બાળપણથી જ ધર્મમાં આસ્થા હોવાથી એણે પાદરી થવા માટેનું શિક્ષણ લીધું, પણ યુવાવસ્થામાં પ્રવેશતાં એ પોતાના કાકાની પેઢીમાં ને પછી ગુપિલ નામે એક ચિત્રવિક્રેતાને ત્યાં નોકરીમાં જોડાયો હતો.



અહીંથી એને લંડન જવાનું થયું. ત્યાં એક યુવતીના પ્રેમમાં પડ્યો, પરંતુ તેની સમક્ષ લગ્નનો પ્રસ્તાવ મૂકતાં પેલી સ્રીએ તેને




સમગ્ર જીવન દરમિયાન વાન ગોહ પોતાનું એક પણ ચિત્ર વેચી શકયો નહોતો. હા, એના ભાઈ થીઓ દ્વારા એનું ચિત્ર વેચાએલું ખરું, પણ એની યે તદ્દન નજીવી કિંમત ઉપજેલી. પોતાના એક ઘરધણીના લેણા પેટે વાન ગોહ થોડાં ચિત્રો એને ત્યાં મૂકી ગએલો તેમાંનાં અમુક એ મકાન માલિકે પાણીના ભાવે કાઢી નાંખેલાં અને બાકીનાં નકામાં ગણી બાળી નાખ્યાં હતાં. ગ્રાહકોને આકર્ષવામાં મળતી નિષ્ફળતા તથા પોતાના ભાઈ પરના અવલંબનને પોતાની અધૂરપ સમજી વાન ગોહ અનેકવાર હતાશામાં ભાંગી પડતો. છતાં પોતાની કલાશકિતમાંની તેની શ્રદ્ધા અચળ હતી. પણ તેથી શું વળે ? સતત કપરી કંગાલ સ્થિતિને કારણે એનો સ્વભાવ ચીડિયો બની જતો, ક્યારેક આત્મખોજમાં ઢળી પડતા એના વિચારો એની માનસિક સમતુલાને હચમચાવી મૂકતા, અને અંતે આવી આ માનસિક સ્થિતિ જ એને આત્મહત્યા પ્રતિ ખેંચી ગઈ.

પણ જે ચિત્રબજારમાં વાન ગોહનું કંઈ જ મૂલ્ય નહોતું ગણાતું એ જ ચિત્રવિક્રય ક્ષેત્રમાં એનાં મૃત્યુ બાદ સો વર્ષે આજે એની ચિત્રકૃતિઓની મબલખ કિંમત ઉપજે છે, અને છેલ્લાં વર્ષોમાં તો એનાં ચિત્રોનું વેચાણ વિક્રમ સર્જી રહ્યું છે. અહીં આપેલાં એના ચિત્ર 'સન ફ્લાવર'ની ૧૯૮૭માં ૩૯.૯ મિલિયન ડૉલર એટલે કે રૂપિયા ૬૭ કરોડ જેટલી કિંમત ઊપજી હતી. એ જ વર્ષે નવેમ્બરમાં એનું 'આઈરિસીઝ' નામનું ચિત્ર ૫૩.૯ મિલિયન ડૉલર - ૯૦ કરોડ રૂપિયાથી યે વધુ કિંમતે વેચાયું. આ અંકના રંગીન મુખ્ય ચિત્ર તરીકે તે આપ્યું છે. વાન ગોહના જ એક ત્રીજા ચિત્ર 'ધ બ્રિજ એટ ટ્રિંક્વેટેઈલ'ની પણ ૨૦.૨ મિલિયન ડૉલર, એટલે કે લગભગ ૩૪ કરોડ રૂપિયા જેટલી કિંમત ઉપજેલી.

\- સં.

ઉપહાસપૂર્વક ઠોકર મારી વિન્સેન્ટના હૃદય પર આથી ઊંડો આઘાત લાગ્યો. દુ:ખને ભૂલવા એ ગરીબો વચ્ચે ઘૂમવા અને તેમનામાં ધર્મપ્રચાર કરવામાં રસ લેવા મથ્યો. પણ એથી એનો માનસિક પરિતાપ શમ્યો નહિ. એ તદ્દન ભાંગી પડ્યો. લંડનથી એને પેરિસ મોકલવામાં આવ્યો, પરંતુ ત્યાંના અધાર્મિક વાતાવરણથી ત્રાસી એ પોતાને ગામ ચાલ્યો ગયો.

એના યાતનામય જીવનનો અહીંથી પ્રારંભ થયો. એના નાનાભાઈ થીઓએ એને



શક્ય તેટલી સહાય આપવા માંડી. દુ:ખ વિસારવા વિન્સેન્ટે ચિત્રકલાનો અભ્યાસ આદર્યો. પ્રેમ માટે તલસતું તેનું હૃદય અહીં પણ ભોળવાયું; ફરી એક અન્ય સ્ત્રીએ પણ વિન્સેન્ટને છેહ દીધો. મનની અશાંતિ વધી ગઈ. લોકોએ તેને પાગલ ઠેરવી ગામ બહાર કાઢ્યો. અંતે થીઓ તેને પેરિસ લઈ ગયો.

પેરિસમાં એની કલાદૃષ્ટિ પરિપક્વ બની. કલાના અનેક અગ્રણીઓના પરિચયમાં એ આવ્યો. આથી એની એક નિજી ચિત્રશૈલી સરજાઈ. ફ્રાંસના ઉજાસમય હવામાનની અસર પણ તેમાં ઊતરી અને તેની રંગાવટમાં પ્રકાશ પુરાયો. દુ:ખને દાબવા એ જાત ઉપર જુલમ કરતો, ઉપવાસો ખેંચતો, તમાકુ અને દારૂનો આશરો લેતો.

પોતાની અતૃપ્ત આરઝૂ અને યાતનાની વેદનાભરી ઊર્મિઓને એણે પોતાનાં ચિત્રોમાં ઢાળવવા માંડી. પ્રકૃતિની સુંદરતામાંથી એણે અતૃપ્ત જીવનમાં રસ સીંચવા વલખાં મારવાં માંડ્યાં અને અંતે નબળી તબિયત, આર્થિક ભીંસ અને માનસિક પરિતાપથી વ્યગ્ર એ દક્ષિણ ફ્રાંસમાં આર્લિસમાં ચાલ્યો ગયો.

અહીં આર્લિસમાં એની કળા ચરમ સીમાએ પહોંચી. જીવનમાં પ્રથમવાર જ એણે

'બ્રિજ વિથ લેડી વિથ એ પેરેસોલ'. મ
૧૮૮૮માં વાન ગોહે દોરેલું એક ચિત્ર. એની
માનસિક સ્વસ્થતાનું એ દ્યોતક છે. ડાબી બાજુ:
'કૅફે એટ નાઈટ'



નજીવું ચાયરચીલું યે વસાવ્યું. પોતાના કલાકાર મિત્ર પોલ ગોગાંને એણે પોતાની સાથે રહેવા આમંત્ર્યા. પરંતુ બંને જણ વારંવાર ઝગડી પડતા.

થીઓને આની જાણ થઈ. એ દોડી આવ્યો. ગોગાંને એણે વિદાય કર્યા અને વિન્સેન્ટની ઈચ્છાથી એને સેન્ટ રેમીના પાગલખાનામાં માનસિક સ્વાસ્થ્ય માટે મૂક્યો. જો કે આ પાગલપણું એનું વાસ્તવિક પાગલપણું નહોતું. એ એણે લોકત્રાસથી બચવા અને મનની શાંતિ મેળવવા ધારણ કરેલો અંચળો હતો. પરન્તુ પ્રારબ્ધ તો એક ડગલું આગળને આગળ જ રહ્યું ! અહીં પણ એની ઉદાસીનતા અને એકલતા વધતાં જ ગયાં. વિહ્વળ બની એણે થીઓને લખ્યું અને એ એને ત્યાંથી ઑવર્સમાં એક દાકતરને ત્યાં મૂકી આવ્યો.

થીઓ પછી વિન્સેન્ટની કલામાં બીજા કોઈએ જો રસ લીધો હોય તો તે આ દાકતરે જ. એણે એનું એક ચિત્ર ખરીદ્યું હતું.

બીજી બાજુ હૃદયની વ્યથા અને સૌંદર્યની પિપાસાને દિલની વેદના જેટલી દારુણતાથી રંગના મોટા મોટા લચકાઓ વડે વિન્સેન્ટે કેનવાસ પર ઠાલવવા માંડી. અગ્નિની જ્વાળા જેવા એ રંગલિસોટાના જાડા થર અને તીવ્ર વળાંકમાં એના હૃદયમાં ભોંકાતા શૂળનું દર્દ જ વ્યકત થયું હોય તેમ તેનાં ચિત્રો જોતાં લાગે છે.

જીવન એને હવે ઝેર જેવું લાગતું હતું. અંતે કાગડા મારવાને બહાને એણે એક પિસ્તોલ મેળવી અને નજીકના ઘઉંના ખેતરમાં જઈ એણે પોતાની છાતીમાં ગોળી ધરબી દીધી. તત્કાલ મોત ન થયું. ઘેર આવી એ પલંગ પર પડી મોતની રાહ જોવા લાગ્યો. દાકતરે તુરત થીઓને બોલાવ્યો. ત્યારે એણે માત્ર એટલું જ કહ્યું કે, 'આપણા બધાના ભલા માટે મેં આમ કર્યું છે.' અને પછી એ ધીરેધીરે ચિરનિદ્રામાં પોઢી ગયો.

દેખાવે બેડોળ અને રુક્ષ, પણ માનવતા અને પ્રેમની લાગણીઓભર્યા અંતરથી મુલાયમ આ વિચિત્ર-વિશિષ્ટ કલાકારનું વ્યથાઓથી ભરેલું સમગ્ર જીવન આર્થિક ભીંસને કારણે વધુ કપરું અને કંગાલ બની રહેલું. પ્રેમની ઉત્કટ અને અતૃપ્ત પિપાસા છિપાવવા એણે ચિત્રકલાનો આશ્રય શોધ્યો.

સાડત્રીસ વર્ષના કરુણ અને ઉપેક્ષિત જીવનમાં માત્ર પાછલાં દસ વર્ષમાં જ એણે સેંકડો ચિત્રો કરેલાં. આજે તો એ ચિત્રો મહામૂલાં ઝવેરાત કરતાં યે મોંઘાં ગણાય છે, પણ એના જીવતાં તો એમાંથી માત્ર એક જ ચિત્ર વેચાયું હતું. જગતે તો તેની પ્રતિભાને તેના મોત પછી છ દાયકા બાદ પિછાણી.

વાન ગોહનું આમ કરુણ અને કપરા સંજોગોમાં દારુણ અવસાન થયું તે તત્કાલ તો તેના નિકટના સગાંસ્નેહીઓ સિવયા કોઈને પણ ખાસ આઘાતજનક લાગ્યું નહોતું. પરન્તુ એના મૃત્યુથી એનો નાનો ભાઈ થીઓ અને ભાઈથી પણ અદકેરા દાકતર મિત્ર ગાશેટ જાણે જીવલેણ ઘવાયા હતા. વાન ગોહની દફનવિધિની ક્ષણોમાં તેઓ ભાંગી પડ્યા હતા. એને દફનાવીને દાકતર ગાશેટે ટૂંકું પણ હૃદયદ્રાવક પ્રવચન આપ્યું હતું. પરંતુ થીઓની સ્થિતિ કશું જ બોલવા જેવી રહી નહોતી. એણે તે પોતાના મોટાભાઈ વાન ગોહને દફનાવી છેલ્લે એક પાવડો ધૂળ વાળી માત્ર આટલું જ કહ્યું હતું, 'સજ્જનો, હું કશું બોલી શકું તેમ નથી. પરન્તું શું આપ સહુનો અન્તઃકરણપૂર્વક આભાર માનું છું.'

પોતાન સન્માન્ય મોટાભાઈ વાન ગોહની બંડીના ખિસ્સામાંથી થીઓને અંતે એક પત્ર મળી આવ્યો. એ થોડા લાંબા પત્રમાં વાન ગોહ જાણે ચિત્રકળા વિશેના પોતાના થોડા વિચારો પણ વેરતો ગયો છે. એ લખે છે : 'Well, the truth is, we can only make our pictures speak.' (ઠીક , સત્ય તો એ છે કે આપણે આપણા ચિત્રોને બોલવા દઈ શકીએ.)

વાન ગોહનાં જીવનભરનાં વિવિધ ચિત્રો જોતાં તેમનો આ અભિપ્રાય અને અભિગમ તથ્યપૂર્ણ લાગ્યા વગર નહિ રહે. તેમનાં અનેક ચિત્રો જોતાં એવું લાગ્યા વગર નહિ રહે કે વાન ગોહને જે કંઈ કહેવું છે તે આ ચિત્રો જ છે. આ ચિત્રો જ એની અભિવ્યકિતની ભાષા બની રહ્યાં હતાં. કોઈ લેખક કે કોઈ પ્રવચનકાર કાગળો કે કલાકો ભરીને જે કંઈ કહેવા મથે તે આ કલાકાર રંગરેખાના સંયોજન દ્વારા સહજમાં કહી જાય છે. વાન ગોહનાં ચિત્રો ગહન આંતરમનની પ્રતિનાં આલેખનો છે. કોઈ ધ્યાનસ્થ યોગી પોતાની સમાધિમાં જે રહસ્યનું દર્શન કરે અને પછી એને શબ્દબદ્ધ કરવા મથે તેમ વાન ગોહે અંતરનાં ઊંડાણોને તાગ્યાં છે અને જે રહસ્યમય દર્શનો તેને લાધ્યાં છે તે તેણે રંગરેખાબદ્ધ કરવાનો પુરુષાર્થ કર્યો છે - આ પુરુષાર્થ પણ જીવનનાં છેલ્લાં દશ વર્ષ પૂરતો જ ! ૨૭ વર્ષની ઉંમરે તેણે પીંછી ઉપાડી અને ૩૭ની વયે તો હારાકીરી દ્વારા સદાને માટે તેનો અંત લાવી દીધો ! આથી વાન ગોહનાં ચિત્રો એના સમગ્ર જીવનની રહસ્યમય અને વાસ્તવિક બંને અનુભૂતિઓની અભિવ્યકિતઓ સમાન છે. આથી એમનાં ચિત્રોનો આસ્વાદ કરતાં જણાશે કે તે વાન ગોહની એક સામાન્ય મનુષ્ય તરીકે અને એક દ્રષ્ટા તરીકેની એમ બેવડી છાપ ઊભી કરે છે. આવા અસામાન્ય કલાકાર એ અર્વાચીન ચિત્રજગતના મહાઋષિ છે. એમની આ સંવત્સરસદીએ એમનાં ચિત્રોનું વધુ ને વધુ આસ્વાદન કરી આપણી કલાપ્રીતિને સમાર્જિત કરીએ તો એ એમને સાચી અંજલિ હશે ☐

સાહિત્યસંપર્ક



સોહામણા સર્જકની જન્મશતાબ્દી

ધનસુખલાલ મહેતા એટલે મિત્રો-સ્નેહીઓના ધનુભાઈ. ગુજરાતી સાહિત્યને એમનું અર્પણ ચિરસ્મરણીય છે. એમનો જન્મ આજથી બરાબર સો વર્ષ પૂર્વે ૧૮૯૦ના ઑક્ટોબરની ૨૦મીએ વઢવાણમાં થયેલો. આઠેક વર્ષની ઉંમરે એમને અકસ્માત નડેલો ત્યારથી ઘણાં વર્ષો સુધી નાકને બદલે મોંથી શ્વાસ લેવાની લાચારીને કારણે એમની તબિયત કથળેલી રહેતી હતી. આજીવન તેઓ નાજુક પણ નમણા રહ્યા. માતાપિતાનું અવસાન થતાં મોટાભાઈની છત્રછાયામાં એમનો ઉછેર થયેલો. પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ એમણે વઢવાણ, પાલીતાણા અને સુરતમાં લીધેલું. એમને બી.એ./એમ.એ. થઈ અંગ્રેજીના સારા લેખક થવાની મહેચ્છા હતી, જે માત્ર મેટ્રિક પણ ન થઈ શકવાથી અધૂરી રહી ગઈ! મુંબઈની વિક્ટોરિયા જયુબિલી ટેક્નિકલ ઈન્સ્ટિટ્યૂટમાં જોડાઈ ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગનો ડિપ્લોમા કોર્સ કર્યો. બી. બી. એન્ડ સી. આઈ. રેલ્વેમાં એમને ટેલિગ્રાફ ઈન્સ્પેક્ટરની નોકરી મળી. આ નોકરીમાં થતી બદલીઓને તેમણે થોડાં વર્ષો નાજુક તબિયત હોવા છતાંય નિભાવી. પણ એક વાર મુંબઈથી એમની બદલી ગંગાપુર સિટી થઈ ત્યારે તેમણે તે નોકરીનો ત્યાગ કર્યો. હવે તેમણે મુંબઈમાં હિન્દી વેપારી ચેમ્બરમાં સહાયક મંત્રીનો હોદ્દો સ્વીકાર્યો. આ ક્ષેત્રમાં વધુ ઉપયોગી થઈ શકવાના આશયથી દાવરની વેપારી કૉલેજમાં જોડાયા અને પરીક્ષામાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા. અહીંના કામકાજથી કંટાળીને એમણે ત્યારે સરકારે નવા ખોલેલા 'ઈન્ડસ્ટ્રિઝ ડિપાર્ટમેન્ટ'માં નોકરી સ્વીકારી. થોડો સમય અહીં રહ્યા પછી એ સર વિઠ્ઠલદાસની એક કંપનીમાં જોડાયા. છ-સાત વર્ષ સુખચેનપૂર્વક અહીં નોકરી કરી, અને કંપની ફડચામાં જતાં તે છોડવાનો વારો આવ્યો. એ વખતે સિંધિયા સ્ટીમ નેવિગેશન કંપનીમાંથી એના જનરલ મૅનેજર શ્રી મનસુખલાલ માસ્તરના સૂચનને વધાવી લઈ ૧૯૨૫થી ત્યાં નોકરી સ્વીકારી. ૧૯૪૨માં એમને હૃદયરોગ લાગુ પડ્યો. પરિણામે ૧૯૪૪માં નોકરીનો પણ ત્યાગ કર્યો. એમનાં પ્રથમ પત્ની સરલાબહેનનું ૧૯૧૯માં અને દ્વિતીય પત્ની પુષ્પાવતીનું ૧૯૪૨માં અવસાન થયેલું. એમને બે પુત્રીઓ - પૂર્ણિમા અને મેના.

ધનસુખલાલની તબિયત આજીવન નાજુક રહી. આમ છતાંય કદી એની અસર એમના રંગીલા અને રમૂજી સ્વાભાવ પર પડી નહોતી. પોષાક અને વાણીવ્યવહારમાં સૌંદર્ય નિષ્ઠા અને સંપૂર્ણ આભિજાત્ય. સૌરાષ્ટ્ર અને સુરતની ભૂમિએ એમનામાં નર્મમર્મ સીંચ્યા હશે. એમનાં મોટા ભાગનાં લખાણોમાં નિર્ભેળ નર્મ અને મજાનો મર્મ જોવા મળે છે. શ્રી જ્યોતીન્દ્ર દવેએ એમના વિશે કહ્યું છે :'નવાબી ઠાઠથી સૂરરચના પર જીવનનો મેળ બેસાડનાર તે ધનસુખલાલ...એ ગુલાબી માણસ છે, ને આસપાસ ગુલાબી વાતાવરણ પ્રસારે છે. ગુલાબની પેઠે એમના વ્યકિતત્વની ગંધ પણ ઉત્તેજક, ઉગ્ર અને તીવ્ર નથી, પણ શાંત, ઠંડી ને રોચક છે.'

એમનું સાહિત્યસર્જન પણ આવું રોચક છે. વાર્તાકાર, નાટ્યકાર, હાસ્યકાર, આત્મકથાકાર અને નવલથાકાર ધનસુખલાલ મહેતાને ૧૯૪૦માં રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયેલો. ત્યારપછી એમને નર્મદ-ચંદ્રક પણ પ્રાપ્ત થયેલો. એમણે ધૂમકેતુ પૂર્વે ગુજરાતી વાર્તાક્ષેત્રમાં નોંધપાત્ર પ્રદાન કરેલું છે. પરંતુ એમનું મુખ્ય પ્રદાન હાસ્યરસના સાહિત્યક્ષેત્રે રહ્યું છે. આપણે ત્યાં વિરલ ગણાતું હાસ્યસાહિત્ય રમણભાઈ નીલકંઠ પછી ધનસુખલાલની કલમે ધન્ય બન્યું છે. એ કાળે એમનાં નાટકો પણ ખૂબ લોકપ્રિય થયેલાં. અલબત્ત, એમાં સાહિત્યિક નાટ્યતત્ત્વ કરતાં રંગમંચીય અભિનયતત્ત્વ સવિશેષ જોવા મળે છે. ગુલાબદાસ બ્રોકરની વાર્તા પરથી એમના સહયોગમાં રચાયેલું 'ધૂમ્રસેર' સાત દૃશ્યોનું બનેલું લાંબું નાટક છે. 'વાવાઝોડું' પણ એના જેવું જ ગંભીર નાટક છે. એમનાં મોટા ભાગનાં નાટકો પ્રહસનો છે. એમાં સંઘર્ષજન્ય નાટ્યાત્મક ગતિ કરતાં ક્રિયાવેગજન્ય અભિનેયતાને કારણે તે વધુ સફળ થયેલાં જણાય છે. 'બિચારો અને ભૂલના ભોગ' (૧૯૨૧), 'સરી જતું સૂરત'(૧૯૪૨), 'સ્નેહનાં ઝેર'(૧૯૫૦), 'મનુની માસી' (૧૯૫૧), 'દસ મિનિટ' (૧૯૫૧), 'આંધળો ન્યાય' (૧૯૫૬), 'ખંડિયેરમાં રહેનારા' (૧૯૬૨), 'બંગલો રાખ્યો' (૧૯૬૩) એમનાં ગ્રંથસ્થ અને રંગભૂમિ પર સફળ ગયેલાં નાટકો છે. એમણે કરેલાં અનુવાદો-રૂપાંતરોમાં 'રંગીલો રાજજા', 'આવ્યાગયા', 'નાસોગાસો', 'મામાજીનો મોરચો', વગેરે રંગભૂમિ પર ખૂબ કીર્તિદા બન્યાં છે અને તે અગ્રંથસ્થ રહ્યાં છે. એમણે આ ઉપરાંત જે વિવેચનાત્મક લેખો લખ્યા છે તેમાં નાટ્યવિવેચન સવિશેષ છે. આવું નાટ્યવિવેચન 'આરામ ખુરશીએથી' (૧૯૪૫), 'સર્જનને આરે' (૧૯૫૬), 'ગુજરાતી બિનધંધાદારી રંગભૂમિનો ઈતિહાસ' (૧૯૫૬), 'નાટક ભજવતા પહેલાં' (૧૯૬૦), 'બિચારો નાટ્યકાર' (૧૯૬૨) આદિ ગ્રંથોમાં જોવા મળે છે.

એમણે કેટલાક સુંદર અનુવાદો પણ આપ્યા છે. 'ડિટેક્ટિવ બહાદુર શેરલોક હોમ્સ' (૧૯૦૯), 'ચંડાળચોકડી અને શેરલોક હોમ્સનું નવું પરાક્રમ' (૧૯૧૩), 'મેટરલિંકના નિબંધો' (૧૯૨૦), 'રણમેદાને રૂમઝુમલાલ' (૧૯૨૦), 'અમે ત્રણ' (૧૯૬૦), 'એરેબિયન નાઈટ્સ' (૧૯૬૩) આદિ આવા અનુવાદો ગ્રંથો છે.

'વિનોદવિહાર' (૧૯૩૧) એમના હળવા અને ગંભીર નિબંધનો સંગ્રહ છે. 'મીઠી નજરે' (૧૯૪૦)માં વિવેચન લેખો ઉપરાંત રેખાચિત્રો અને પ્રાસંગિક કાવ્યરચનાઓ પણ છે. 'આથમતે અજવાળે' (૧૯૪૪) અને 'અતીતને ઉલેચું છું'માં આત્મકથા છે, તો 'સ્વ. સર લલ્લુભાઈ શામળદાસ' (૧૯૫૪) એ જીવનચરિત્ર પણ આપ્યું છે. જ્યોતીન્દ્ર દવે સાથે લખેલી 'અમે બધાં' ખૂબ જાણીતી થયેલી હળવી નવલકથા છે. એમાં સુરતના સામાન્ય જનજીવનને અસરકારકતાથી ઉપસાવવામાં આવ્યું છે.

'હું, સરલા અને મિત્રમંડળ' (૧૯૨૦), 'હાસ્યકથા મંજરી-૧,૨' (૧૯૨૨, ૧૯૨૪) 'હાસ્યવિહાર' (૧૯૩૧), 'ભૂતના ભડકા' (૧૯૩૨), 'વાર્તાવિહાર' (૧૯૩૨), 'સાસુજી' (૧૯૩૪), 'છેલ્લો ફાલ' (૧૯૪૦) આદિમાં હળવી શૈલીની નોંધપાત્ર વાર્તાઓ છે. 'સન્ધ્યાટાણે' (૧૯૫૦) એમની પ્રતિનિધિ વાર્તાઓનો સંગ્રહ છે. આ ઉપરાંત 'અમારો સંસાર', 'ભૂતનાં પગલાં', 'ડૉક્ટર જમાઈ' (૧૯૫૧), 'રામનાં રખવાળાં' (૧૯૫૪), 'ખોળો ભર્યો' (૧૯૫૬), 'ફુરસદના ફટાકા' (૧૯૫૭), 'અંતરનાં અમી' (૧૯૬૧) અને 'રાત્રિના ઓછાયા' (૧૯૬૬)માં એમના અનુવાદિત, રૂપાંતરિત અને કેટલાંક મૌલિક નાટકો, વાર્તાઓ, નિબંધો સંગૃહીત થયાં છે. એમની વાર્તાઓનો સમાજ મુખ્યત્વે શહેરી મધ્યમ વર્ગ છે. એમણે મનુષ્યના મનના આલેખન તરફ વધુ ધ્યાન આપ્યું છે. પરિણામે એ વાર્તાઓમાં માનસશાસ્ત્રીય રંગ ભળ્યો છે. એમનું હાસ્યરસનું સર્જન જોતાં લાગે છે કે નિબંધ કરતાં વાર્તાના સાહિત્ય- સ્વરૂપમાં એમને સારી સિદ્ધિ મળી છે.

ધનસુખલાલ મહેતા, આમ, વાર્તાકાર, નાટકકાર, નિબંધકાર, નવલકથાકાર, આત્મકથા-જીવનકથાકાર, વિવેચક, અનુવાદક એમ બહુમુખી સર્જકપ્રતિભા ધરાવતા લેખક છે. એમણે સાહિત્ય ઉપરાંત સંગીતાદિ અન્ય લલિતકલાઓમાં પણ સક્રિય રસ દાખવ્યો છે. એમનું વ્યક્તિત્વ સુઘડ અને સુકોમળ હતું. આવા ઝિંદાદિલ સાહિત્યકાર અને સર્વપ્રિય સજજનનું ૧૯૭૪ના ઑગસ્ટની ૨૯મી તારીખે અવસાન થયું હતું. એમની આ જન્મશતાબ્દીના વર્ષે એમના સાહિત્યનું સઘન અધ્યયન થાય એ જ એમને ઉચિત અંજલિ હશે.

અવલોકન

'ઘેલી કુસુમ' * વિશે

લોકખ્યાત પાત્રો પછીના સમયના સર્જકોને હંમેશા આકર્ષતાં રહ્યાં છે. રામાયણ - મહાભારતનાં પાત્રોથી માંડીને અર્વાચીનકાળનાં રાઈજાલકા જેવાં પાત્રોનું પુનર્સર્જન ગુજરાતી સાહિત્યસર્જકોએ કર્યું છે. એ જ દિશામાં લિપિ કોઠારીએ 'સરસ્વતીચંદ્ર'ની કુસુમને અહીં ફરી આલેખી છે. આ પ્રકારના કામમાં મૂળ પાત્રનું ચરિત્ર નંદવાય કે ઝંખવાય નહીં એની કાળજી રાખવી પડે તેમ જ મૂળ સર્જકે પૂરેલા રંગોના પટ ઉપર નવા રંગો પૂરવા પડે. મૂળ પોતને સ્વીકારીને તેમાં નવાં પરિણામો પ્રકટાવવાં પડે. મૂળ કથામાં કુસુમના પાત્રને કુમુદની પછીતે જ રાખવામાં આવ્યું છે. તેનાં સંવેદનો આલેખવાં લેખકને અભિપ્રેત નથી. સરસ્વતીચંદ્ર સાથે તે લગ્ન કરે છે એ ઘટના ગોઠવેલી લાગે છે. કુસુમ એ ઘટનાનો બહુ સક્રિય અંશ લાગતી નથી. આ કૃતિમાં લેખિકાએ એ નબળી કડી પારખીને દૂર કરવા યત્ન કર્યો છે. સરસ્વતીચંદ્ર સાથેનું કુસુમનું લગ્ન, કુસુમના*સરસ્વતીચંદ્ર માટેના પ્રચ્છન્ન અને સુદીર્ઘ અનુરાગનો પરિપાક છે એની પ્રતીતિ કરાવવાનો પ્રયત્ન છે, જેથી તેમનું લગ્ન કોઈ ઉપરથી લદાયેલી તકલાદી ઘટના ન લાગતાં, કુસુમના પ્રણયનું પરિણામ લાગે અને તેને ભાવનાત્મકતા સાંપડે. આમ, ગોવર્ધનરામે જે ઘટના વ્યવહારુતાના ભાગરૂપે યોજી છે તેને ભાવનાત્મકતાના સ્તરે ઉપસાવવાનો હેતુ લેખિકાનો છે. આ પ્રકારના આયોજનને, સર્જનાત્મક આકલન વિના કલ્પી શકાય નહીં.

સરસ્વતીચંદ્રના ગૃહત્યાગની ઘટનાના સમાચાર કુમુદને પહોંચે છે એ બિંદુથી આ લઘુનવલનો આરંભ થાય છે. આ સમાચાર પરત્વે કુમુદ કરતાં કુસુમના પ્રતિભાવો તરફ લેખિકાએ વધુ લક્ષ આપ્યું છે તેથી સરસ્વતીચંદ્ર ભૂતકાળમાં કુમુદને મળવા આવેલા તે પ્રસંગનાં સંસ્મરણો કુસુમના માનસમાં પ્રકટ થાય છે. અહીં નાટ્યાત્મકતા એ છે કે સ્નેહગોષ્ઠિ કુમુદ-સરસ્વતીચંદ્ર વચ્ચે ચાલે છે પણ તેને છુપાઈને સાંભળતી કુસુમ એ ગોષ્ઠિમાં નીતરતા પ્રેમને પોતાને માટે અનુભવે છે. અહીં કુમુદ મુખ્ય પાત્ર હોવા છતાં નૉન-પ્લસ બની રહે અને કુસુમજ કુમુદના રૂપમાં સર્વ સંવેદનો અનુભવતી રહે છે. એ સમગ્ર પરિસ્થિતગત નાટ્યાત્મકતા સુજ્ઞ ભાવકનું ધ્યાન ખેંચે એવી છે.

બીજા પ્રકરણની વિગતો પ્રણયના આ બીજનિક્ષેપ પછીનો વિકાસ દર્શાવે છે. અને 'સરસ્વતીચંદ્ર' તમારા વિના આ સઘળું જાણે અસુંદર લાગે છે. (પૃ.૨૧) ત્યાં સુધીની વિપ્રયોગ શૃંગારની અવસ્થામાં કુસુમ આવી પડે છે. ચંદ્રકાન્ત સાથેના વાર્તાલાપમાં સરસ્વતીચંદ્રનો પક્ષ લેતી વખતે તેની વિયોગવ્યથા કઠોર વચનોમાં પ્રકટે છે કે 'તમારા મિત્ર કંઈ એવા નથી જ વળી. એ તો પોતાની પ્રેયસીને અહીં રઝળતી છોડી દઈ ચાલી નીકળ્યા છે', મનમાં બબડી 'એક નહીં, બે બે પ્રેયસીને' (પૃ.૨૭). આ પૂર્વે પણ એક સ્થળે (પૃ.૬ ૫૨) 'એક હતો રાજા ને તેને બે રાણી. એકનું નામ કુમુદસુંદરી ને બીજીનું નામ'...કહી વાક્ય અધૂરું જ છોડતી કુસુમને તેને લજજા અને સંસ્કારિતા પોતાનું નામ પ્રકટપણે બોલતાં અટકાવે છે.

કુસુમના પાત્ર વિશે આ પણ એક નોંધનીય તત્ત્વ છે કે સરસ્વતીચંદ્રનું સાયુજ્ય તે કુમુદ વિના ઝંખતી નથી. કુમુદ માટેનો તેનો તીવ્ર પ્રેમ કુમુદની બાદબાકી કરીને સરસ્વતીચંદ્રને મેળવવા ઝંખે એવો નથી. કદાચ કુમુદ માટેનો અસાધારણ પ્રેમ જ તેને સરસ્વતીચંદ્ર તરફ ખેંચી ગયો છે. આમ, કુસુમના પ્રેમમાં કુમુદની અનિવાર્યતા લેખિકા દર્શાવે છે. વળી, કુમુદનાં પ્રમાદધન સાથેનાં લગ્ન અને તજજન્ય કરુણતા લગ્નવિરોધી વિચારો પણ કુસુમમાં જન્માવે છે. આમ, સરસ્વતીચંદ્ર માટેનો તીવ્ર અનુરાગ, બહેન માટેનો તીવ્ર પ્રેમ, લગ્નસંસ્થાનાં દૂષણો પ્રત્યે આક્રોશ, સંસ્કારિતાને કારણે પ્રણયનું સંવરણ એમ કુસુમના સંવેદનકોશને ઠીકઠીક સંકુલ, પરસ્પરવિરોધી અને તેથી ભાવકની જિજ્ઞાસાને ઉત્તેજતો બનાવાયો છે.

અંતિમ પ્રકરણમાં કુમુદનું પાત્ર વધુ સક્રિય થાય છે. સરસ્વતીચંદ્ર સાથેનાં કુસુમનાં લગ્નમાં કુમુદ જ નિર્ણાયક ભાગ ભજવે છે. સરસ્વતીચંદ્ર સાથેનું કુસુમનું લગ્ન કુમુદના હૃદયદાહને શાતા આપનારું હોવાથી તો સ્વીકાર્ય બને જ છે પણ તદુપરાંત કુસુમના પોતીકા સ્નેહનું પણ એમાં સમર્પણ થાય છે. આમ કુસુમ-સરસ્વતીચંદ્રનું લગ્ન, મૂળ કથામાં વ્યવહારુ ભૂમિકાએ વધુ અંશે છે પણ આ લઘુકથામાં તેને પાત્રોની સંવેદનાની સૂક્ષ્મ ભૂમિકાએ થતું બતાવાયું છે. મૂળ કથામાં જે નર્યો ઉપચાર લાગે તે લગ્નનો પ્રસંગ અહીં પાત્રોની લાગણીઓના ચરમ વિકાસસમો લાગે છે.

'આ કથાનું ગદ્ય ગોવર્ધનરામના ગદ્યની લગોલગ ચાલે તેની મેં બને તેટલી કાળજી રાખી છે' એમ પ્રસ્તાવનામાં લેખિકાએ કહ્યું છે તે પણ સહેલું કામ નથી, કેમ કે યાંત્રિક અનુકરણ વડે નહીં પણ મૂળના સૂક્ષ્મ પ્રભાવોને આત્મસાત કર્યા પછી જ એમ થઈ શકે. શ્રી. યશવંત શુક્લ કહે છે તેમ 'ગોવર્ધનરામ પણ મંજુર રાખે તેવી' (છેલ્લું ટાઈટલ) ગદ્યશૈલી અહીં પ્રકટાવી શકાઈ છે. માત્ર ગદ્ય જ શા માટે, પાત્રનિર્માણ અને પ્રસંગયોજના પણ ગોવર્ધનરામસદૃશ છે. કુસુમના પાત્ર વિશે ગોવર્ધનરામે શૂન્ય રહેવા દીધેલા અવકાશો લેખિકા પોતાકી રીતે ભરી શક્યાં છે.

- વિજય શાસ્રી

ઘેલી કુસુમ (લઘુનવલ) **લિપિ કોઠારી**, પ્રકાશક : રન્નાદે પ્રકાશન, ૫૮/૨, બીજે માળ, મહાવીર સ્વામીના દેરાસર પાસે, પતાસાપોળ બસસ્ટેન્ડ પાસે, ગાંધી રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧, રૂ. ૯.

વિવેચનનો વિભાજિત પટ

(પ્રકા. પાર્શ્વ પ્રકાશન, નિશાપોળ, ઝવેરીવાડ, રિલીફરોડ, અમદાવાદ-૧; પાકું પૂઠું, ડિમાઈ પૃ. ૩૦૪, રૂ. ૭૫)

શ્રી. ચંદ્રકાન્ત ટોપીવાળાનો આ વિવેચનલેખોનો સંગ્રહ ચાર વિભાગમાં વહેંચાયેલો છે. એના પહેલા વિભાગના ૧૬ લેખોમાં પૂર્વપશ્ચિમની પૂર્વઆધુનિકથી આધુનિકોત્તર સુધીની કેટલીક સૈદ્ધાંતિક વાતોનો પરિચયાત્મક અને શ્રદ્ધેય આલેખ છે. બીજા વિભાગના ૩ લેખોમાં વિવિધ સંપાદકોએ લેખકને પૂછેલા પ્રશ્નોના ઉત્તરો છે, જેમાં એમની વિવિચેન-વિભાવના અને સાહિત્યિક સમજ ઊપસવા પામી છે. ત્રીજા વિભાગના ૯ લેખોમાં ગુજરાતી સાહિત્યનાં સર્જક-સર્જન-સ્વરૂપ વિશેના લેખો છે. ચોથા વિભાગના ૧૬ લેખોમાં મુખ્યત્વે કૃતિલક્ષી અવલોકનો-આસ્વાદો છે, અને તે પણ ગુજરાતી કૃતિઓને લગતાં. લેખકની શૈલીમાં ભાષાનો સ્તર વધુ પડતો પાંડિત્યછાયો રહ્યો છે. આને કારણે ઘણીવાર ચર્ચ્ય મુદ્દાઓ દુષ્કર બની જાય છે.

ભાવબિંબ

(મુખ્ય વિક્રેતા : ગૂર્જર એજન્સીઝ, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૧ ; પાકું પૂઠું, ક્રાઉન પૃ. ૨૨૮, રૂ. ૩૫)

શ્રી. ચિમનલાલ ત્રિવેદીના આ વિવેચન-સંગ્રહમાં કુલ ૧૮ લેખો સંગ્રહીત થયા છે. એમાં આપણા માત્રિક છંદો વિશેનો માહિતીપ્રદ લેખ છે તો રા.વિ.પાઠકનું પિંગલકાર તરીકે મૂલ્યાંકન છે અને સુરેશ દલાલની છંદોરચના વિશે તપાસ છે. એમાં નર્મદથી ઠાકોર સુધીના વિવેચનની તરાહોનો આલેખ છે તો નરસિંહરાવ, દર્શક, મુનશી, કાકાસાહેબ, ફાધર વાલેસ આદિ સર્જકોનાં કોઈને કોઈ સર્જનપાસાને લગતા લેખો છે. આ ઉપરાંત 'ભવસાગર', 'ઊધ્ર્વમૂલ', 'અસૂર્યલોક' જેવી કૃતિઓનાં વિશદ અવલોકનો છે. આ લેખોમાં લેખકની અભ્યાસવૃત્તિ અને સાહિત્યિક સમજ સુપેરે પ્રકટવાં પામ્યાં છે.

પ્રાપ્ત પ્રકાશનો

ટોળાં અવાજ ઘોંઘાટ : લાભશંકર ઠાકરનો કાવ્યસંગ્રહ (આર.આર.શેઠની કંપની, કુવારા પાસે, ગાંધી માર્ગ, અમદાવાદ-૧, કાચું પૂઠું, ડિમાઈ પૃ. ૧૧૬, રૂ.૩૨)

અંતિમ માંગલ્ય : ચંપકલાલ સંઘવીની નવલકથા (પ્રાપ્તિસ્થાન : ગ્રંથનિકેતન, ૭૮/૭૯, દાદાભાઈ નવરોજજી મારકેટ, વલસાડ-૩૯૦૦૧; પાકું પૂઠું, ક્રાઉન પૃ. ૨૭૪, રૂ. ૫૪.)

કેટલાંક કાવ્યો : **નલિન રાવળ** : નલિન રાવળનાં કેટલાંક કાવ્યોનું સુરેશ દલાલે કરેલું સંપાદન (પ્રકા. ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર; કાચું પૂઠું, ડિમાઈ પૃ. ૯૮, રૂ.૧૦)

પરિચય ટ્રસ્ટ

(મહાત્મા ગાંધી મેમોરિયલ બિલ્ડિંગ, નેતાજી સુભાષ રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૨) ની **નવી પુસ્તિકાઓ**

જગતમાં વિવિધ ક્ષેત્રે જે કંઈ બની રહ્યું છે, જે પ્રગતિ થઈ રહી છે અને જે કંઈ જનસામાન્યનું જ્ઞાન વધારવા યોગ્ય છે તે બધા જ વિષયોની ઉપયોગી માહિતી અને સરળ સમજ આપતી આ પુસ્તિકા શ્રેણીમાં આ (પુસ્તિકા ક્રમાંક ૭૫૪ થી ૭૫૯નું પુસ્તિકાઓનું ઉમેરણ થયું છે : દક્ષિણ એશિયાનો સંઘ-સાર્ક (લેખક : સુભાષચંદ્ર સરકાર), નવી રંગભૂમિ (વિષ્ણુકુમાર વ્યાસ), મધ્વાચાર્યનું તત્ત્વજ્ઞાન (પૂર્ણિમા દવે), ચંદ્રવદન મહેતા (દીપક મહેતા) બહુપક્ષીય સરકારો (નગીનદાસ સંઘવી), સ્વતંત્ર ભારતના પદાધિકારીઓ (ચંદ્રકાંત શાહ), પ્રત્યેકનો વિષય સહેજે સ્પષ્ટ સમજી શકાય તેમ છે. પ્રત્યેક પુસ્તિકાની કિં. ૩-૦૦.

અર્થાત્ : અશોકપુરી ગોસ્વામીનો તાજો ગઝલસંગ્રહ, કવિલોક ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત 'નવ્ય કવિ શ્રેણી'નો છઠ્ઠો સંગ્રહ. વિક્રેતા: ગ્રંથાગાર, જવાહરલાલા નહેરુ મ્યુનિસિપલ માર્કેટ સામે, નવરંગપુરા, અમદાવાદ- ૯, કાચું પૂઠું, નેચરલ શેડના ભારે કાગળ, ક્રાઉન પૃ. ૭૨, રૂ. ૧૦

શ્વાસમાં પાનખર : રશ્મિન પટેલનો નવો કાવ્યસંગ્રહ. મુખ્ય વિક્રેતા : ગૂર્જર સાહિત્ય ભવન, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧ ; કાચું પૂઠું, ડિમાઈ પૃ. ૬૪, રૂ. ૨૦.

તમને ક્યાંક જોયાનું યાદ : રશ્મિન પટેલ અને મધુકાન્ત કલ્પિતની સહિયારી લઘુનવલ. મુ. વિ. ઉપર મુજબ, પાકું પૂઠું ક્રાઉન પૃ. ૮૮, રૂ. ૨૧

માધુકરી

આવી રે દિવાળી, ચેતવ દીવડો !
ચેતવ જગનાં અંધાર !
ચેતવ જગનાં અંધાર !
આવી રે દિવાળી, ચેતવ દીવડો !
સૂરજ ઝગે ને ઝગે ચાંદલો
ઝગે તારકનાં નૂર;
તારે રે અન્તર ઊંડે દીવડો
રેલવ તેજને પૂર.
બાદરાયણ ('કોડીયાં'માંથી)

મધુકર રાંદેરિયા

લગભગ છ-છ દાયકા સુધી સવેતન-અવેતન રંગભૂમિ સાથે સક્રિય રહેનાર નાટ્યકાર અને કુશળ નટ મધુકર રાંદેરિયાનું ૯મી સપ્ટેમ્બર ને શુક્રવારે હૃદયરોગના હુમલાથી નિધન થતાં ગુજરાતી રંગભૂમિએ આંચકો અનુભવ્યો છે. મધુકર રંગીલદાસ રાંદેરિયાનો જન્મ ૧૯૧૭ના એપ્રિલની ત્રીજી તારીખે મુંબઈમાં થયો હતો. ૧૯૩૩માં ત્યાંથી મેટ્રિક થઈ, ગુજરાતી-સંસ્કૃત વિષયો લઈ ૧૯૩૯માં બીએ. થયા અને ૧૯૪૧માં એ જ વિષયો સાથે એમ.એ. થયા હતા. ૧૯૪૨માં એમણે મુંબઈની કબીબ્રાઈ હાઈ સ્કૂલમાં શિક્ષકની નોકરી સ્વીકારી પોતાની વ્યાવસાયિક કારકિર્દીનો આરંભ કર્યો હતો, ત્યારપછી ૧૯૪૮ સુધી કેટલીક શાળાઓમાં શિક્ષણકાર્ય કર્યા બાદ ૧૯૪૮માં જયહિન્દ કોલેજમાં અધ્યાપક તરીકે સેવાઓ આપી. પરન્તુ ૧૯૬૬થી તેઓ દેના બેંકમાં વિકાસ અધિકારી તરીકે જોડાયા. આ વર્ષો દરમિયાન એમણે સમૂહમાધ્યમો સાથે પણ કામ પાડ્યું. 'જન્મભૂમિ'ના તંત્રી વિભાગમાં પત્રકાર તરીકે તથા ઓલ ઈન્ડિયા રેડિયોના મુંબઈ કેન્દ્રમાં પ્રોગ્રામ એક્ઝિક્યૂટિવ તરીકે તેમણે પ્રશસ્ય કામગીરી બજાવી હતી. 'ગુજરાતી નાટ્ય' એ સામયિકના તંત્રીપદે રહી તેમના નાટ્યરસની પણ પ્રતીતિ કરાવી આપી હતી.

એમણે આઠ વર્ષની કિશોરવયે રંગભૂમિ પર ઊતરવાનું શરૂ કર્યું હતું. એ વખતે એમણે 'હિન્દુ સમાજ' નાટકમાં સ્ત્રીની ભૂમિકા ભજવીને નટ તરીકેની પોતાની કારકિર્દીનો આરંભ કરેલો. ૧૯ની ઉંમરે તેમણે રમણલાલ વ. દેસાઈના પ્રસિધ્ધ નાટક 'શંકિત હૃદય'માં તેની નાયિકા ચંદ્રિકાની ભૂમિકા ભજવેલી. અલબત્ત, આ સ્ત્રી-ભૂમિકા ભજવવાનું પછીથી એમણે બંધ કર્યું. પરન્તુ કોલેજકાળથી તે અનેક વર્ષો પર્યંત એમણે રંગભૂમિ પર નાનીમોટી વિવિધ ભૂમિકાઓ ભજવતા રહી નટ તરીકેની પોતાની શકિતનો હિસાબ સહુને આપ્યો હતો. પોતાના કોલેજકાળનાં સ્મરણો આલેખતા તેઓ કહે છે: "ચંદ્રવદનના 'સંધ્યાકાળ'માં કરણઘેલો બન્યો હોઉં કે રામનારાયણની 'જક્ષણી'માં વીશીવાળો મહારાજ બન્યો હોઉં, 'નાગા બાવા'માં બાદશાહ હોઉં કે 'સંતાકૂકડી'માં મોરાર ડોસો હોઉં, 'પુત્રસમોવડી'માં કચ હોઉં કે 'મુકુંદરાય'માં મુકુંદરાય હોઉં : કોલેજજીવનની નાટ્યદુનિયામાં મેં ઠીક નામ કાઢેલું."

'નેપોલિયન'માં યુનિજ અને 'લગ્નની બેડી'માં તિમિર,'સ્નેહનાં ઝેર'માં ડૉ. મહેતા અને 'ભાડૂતી પતિ'માં ડૉ. ચન્દ્રકાન્ત, 'સમયના વહેણ'માં વિલાસ અને 'ખૂનની માશી'માં દીનુ, 'પુનરાવર્તન'માં પ્રો. સત્યમૂર્તિ અને 'વિદ્યાવારિધિ ભારવિ'માં કશ્યપ, 'ઘરનો દીવો'માં હસમુખ જુગારી અને 'સાષ્ટાંગ નમસ્કાર'માં કવિ પરમાણંદ, 'રંગીલો રાજજા'માં હીરાલાલ અને 'માઝમ રાત'માં વિનાયકની ભૂમિકઓ એમની કારકિર્દીની યશસ્વી ભૂમિકાઓ છે.

એમણે નાટક અને રંગમંચ વિશે 'મુંબઈ સમાચાર'માં નિયમિત કોલમ પણ ચલાવેલી. એમણે 'અંતે તો તમારી જ' (૧૯૫૭), 'અનન્તને આરે' (૧૯૫૮), 'મુકિતદાતા લિંકન' (૧૯૬૧) આદિ નાટકો લખ્યાં છે; તો 'મહાસભાના મહારથીઓ' (૧૯૪૬), 'ઘરદીવડા' (૧૯૮૫), 'ભકતશિરોમણી દયારામ' જેવાં જીવનચરિત્રો પણ આલેખ્યાં છે. 'મનોયાત્રા' (૧૯૬૬) એમનો નિબંધસંગ્રહ છે, જયારે 'નવવધૂને પગલે' (૧૯૫૭) એમનો વાર્તાસંગ્રહ છે. 'ગુલઝારે શાયરી' (૧૯૬૭)માં એમણે ગઝલો પણ સંગૃહીત કરી છે.

સ્વ. રાંદેરિયા આમ રૂંવેરૂંવે નાટકના જીવ હતા - પછી ચાહે તો તે નાટકનું લેખન હો કે નાટકનું મંચન. આવા એક તપસ્વી કલાકારની ખોટ ગુજરાતી રંગભૂમિને લાંબો સમય સાલ્યા કરશે.

તેર જીવનસૂત્રો

અમેરિકાના મહાન વિચારક બેન્જામિન ફ્રેન્કલિને પોતાની ૭૯ વર્ષની ઉંમરે આત્મકથા લખી હતી. એમાં એમણે જીવનમાં અપનાવવા જેવાં તેર સૂત્રો જણાવ્યાં છે. તેઓ માનતા હતા કે આ સૂત્રોના આચરણથી મનુષ્ય સુખ અને સફળતા પ્રાપ્ત કરી શકે. એ સૂત્રો આ પ્રમાણેછે:

૧. **મિતાહાર** : એટલું બધું ન ખાશો કે જેથી શરીરમાં આળસ આવે. એટલું મદિરાપાન ન કરશો કે જેથી તમે બેસુધ થઈ જાવ.

૨. **મૌન** : બોલવાનું ત્યારે જ રાખો કે જ્યારે તેનાથી તમને અને બીજાને લાભ થાય. વ્યર્થ બોલવું નહિ.

૩. **વ્યવસ્થા** : તમારી દરેક વસ્તુ માટે એનું નિયત સ્થાન હોવું જોઈએ. તમારા પ્રત્યેક કામ માટે સમય નિશ્ચિત હોવો જોઈએ.

૪. **નિશ્ચય** : જે કામ તમારે કરવાનું હોય તે વિશે દ્દઢ નિશ્ચય કરો, અને જે કામનો દ્દઢ નિશ્ચય કરો તેને અવશ્ય પાર પાડો.

૫. **કરકસર** : સ્વની અને પરની ભલાઈ સિવાયની બાબત પર પૈસા ખર્ચો નહિ; અથવા કોઈ ચિજનો વ્યર્થ ઉપયોગ ન કરો.

૬. **ઉદ્યમ** : સમય વેડફો નહિ. હંમેશા કોઈને કોઈ ઉપયોગી કામમાં વ્યસ્ત રહો. અનાવશ્યક બધાં જ કામોને છોડી દો.

૭. **નિષ્કપટ** : કોઈને દગો ન કરો. નિષ્કપટતાથી અને ન્યાયપૂર્વક વિચારો અને જો બોલવાનું આવે તો તે પ્રમાણે જ બોલો.

૮. **ન્યાય** : કોઈને દુ:ખ ન લગાડો અને બીજાને દુ:ખ પહોંચાડીને પ્રાપ્ત થતા લાભોમાંથી તમારી જાતને રોકો.

૯. **સંયમ** : અતિશયતાથી હંમેશા બચો. અપકાર કરનાર પ્રત્યે પણ અનુચિત વર્તન ન કરો.

૧૦. **શાંતિ** : જીવનમાં અનિવાર્ય એવી તુચ્છ બાબતો કે ઘટનાઓથી ચિત્તને અશાંત ન થવા દેશો.

૧૨. **બ્રહ્મચર્ય** : સ્વાસ્થ્ય કે સંતાન-પ્રાપ્તિના હેતુ સિવાય બ્રહ્મચર્યનો ભંગ ન કરો. કામવાસનામાં એટલા બધા રચ્યાપચ્યા ન રહો કે જેનાથી ઉદાસી અને દુર્બલતા આવે કે નિજની અથવા અન્યની શાંતિ અને ખ્યાતિનો ભંગ થાય.

૧૩. **નમ્રતા** : બુધ્ધ, ઇસુ ખ્રિસ્ત અને સોક્રેટીસનું અનુકરણ કરો.

શહેરો અને સેનિટેશન

આઝાદી પછી જે જાતની જીવનપધ્ધતિ ભારતનાં મોટાં શહેરોમાં ઊભી થતી ગઈ તેમાં દર વર્ષે આપણે કુદરતી સંપત્તિને વધુમાં વધુ વાપરી રહ્યા છીએ. તમને જાણીને નવાઈ લાગશે કે આપણા સંડાસમાં પાંચ કુટુંબના વપરાશ માટે આપણે દરવર્ષે ૧૩,૦૦૦ ગેલન પાણીનો વપરાશ ૧૬૫ થી ૧૮૦ ગેલન માનવમળને ગટરમાં ધકેલવા માટે કરીએ છીએ. આ પાણી એ ચોખ્ખું પાણી છે, જે મહામોંઘું અને અતિમોંઘું થતું જાય છે. એટલે એક તરફ પાણીની આ મોટી સમસ્યા શહેરો માટે વિકરાળ બનતી જાય છે, કારણકે આપણે ડ્રેનેજ મારફતે જ પાણીનો નિકાલ કરીએ છીએ. આ ડ્રેનેજ-પધ્ધતિ કેટલી બધી મોંઘી છે તેનો આપણને કદીએ વિચાર આવ્યો નથી.

૧૪મી સદીમાં સ્યૂઅરિજ (Sewerage) એટલે કે ગટરની ટેક્નોલોજિની શરૂઆત થઈ અને ધીમે ધીમે વિસ્તાર પામી. ૧૯૮૬ના અંત સુધી આપણા દેશનાં કુલ્લે ૩૨૪૫ શહેરોમાંથી ફક્ત ૩૦૦ જેટલાં જ શહેરોમાં ગટરપ્રણાલી દાખલ થઈ શકી છે. દુનિયાનાં તમામ શહેરોનો વિચાર કરીએ તો દસ ટકા વસ્તીને જ આ ગટર-વ્યવસ્થાનો લાભ મળી શક્યો છે.

આપણે આ ગટર-વ્યવસ્થા શા માટે જોઈએ છે ? જો આપણે મળ-મૂત્રનો નિકાલ અન્ય કોઈ ટેક્નોલોજિ મારફતે કરી શકીએ તો આટલા મોટા પ્રમાણમાં મોંઘીદાટ ગટર-વ્યવસ્થાની જરૂર ન પણ પડે. આજની જ ગટર-વ્યવસ્થા છે તેમાં પાણીના અભાવે ગંદકીનો ભરાવો થવાની પૂરી શક્યતા છે, અને જે કોઈ ઠેકાણે તેના જમીનમાં નાખેલા પાઈપો ફાટી જાય છે ત્યાં તે જમીનની અંદર ખૂબ મોટા પ્રમાણમાં ગંદાં પાણીને ફેલાવે છે, અને તેમાંથી જ મોટા રોગો જે તે વિસ્તારમાં ફેલાય છે.

આથી સેનિટેશનનો વિચાર કરનારા વૈજ્ઞાનિકોએ આપણને ચેતવણી આપી છે કે (૧) ગટર-યોજના ન હોય તેવાં શહેરોમાં પાણીના નિકાલ માટેની અન્ય વ્યવસ્થા વિચારવી જોઈએ. (૨) મળ-મૂત્રના નિકાલ માટે એવાં શૌચાલયો બનાવવાં જોઈએ કે જેને માટે ખર્ચાળ ગટર-યોજનાની જરૂર ન પડે. (૩) નવી વસાહતોમાં એવી ટેક્નોલોજિનો ઉપયોગ કરવામાં આવે કે જે હવે પછીનાં પચાસ વર્ષો સુધી કામ લાગે અને ખર્ચની દૃષ્ટિએ મોંઘી ન હોય.

આ દિશામાં વિચાર કરનારી કેટલીક સંસ્થાઓ આપણા દેશમાં કામ કરે છે, અને તે સંસ્થાઓનો માર્ગદર્શક બનનાર વિચાર તો મહાત્મા ગાંધીનો જ લાગે છે. ગાંધીજીએ માનવમાત્ર અને પશુના છાણમાંથી ગેસ ઉત્પન્ન થઈ શકે તે વિચારને રજૂ કરીને તેમના આશ્રમોમાં એવાં શૌચાલયો બનાવ્યાં કે જેમાં મળના નિકાલ માટે વધુ ખર્ચ કરવો ન પડે અને તે જ મળમૂત્રમાંથી ગેસ ઉત્પન્ન કરી શકાય અને તેનો ઉપયોગ બળતણ તરીકે કરી શકાય. આજે તો એવી ટેક્નોલોજિ ઉપલબ્ધ થઈ છે કે સામૂહિક શૌચાલયોમાં ડાઈ-જેસ્ટરપધ્ધતિ અપનાવીને મળમૂત્રમાંથી ગેસ એકઠો કરી તેનો બળતણ તરીકે ઉપયોગ થાય છે.

જો આપણે આપણી પોતાની જીવન-પધ્ધતિમાં થોડો ફેર કરીએ અને રસોડાનાં પાણીને, હાથમોં ધોવાના ટબનાં પાણીને એક જુદી ટાંકીમાં એકઠું કરીએ અને એ જ પાણીનો ઉપયોગ આપણાં શૌચાલયોના ફ્લશ ચલાવવામાં કરીએ તો આપણે પાણીનો વપરાશ અને ખર્ચ બન્ને ઘટાડી શકીશું. આ અતિ ગંભીર વિષય વિશે જાગૃત નાગરિકો વધુ જાણે અને આવા પ્રશ્નો આવતાં દશ વર્ષમાં વધુ ગંભીર બનીને આપણા સરળ-સુખી જીવનને નષ્ટ ન કરે તે માટે તેના ઉપાયો શોધે તે જરૂરી છે. જેમજેમ વસ્તીનો વિસ્ફોટ થતો જશે તેમ તેમ આ પ્રશ્નો વધુ મોટા બનવાના છે. - **સૂર્યકાન્ત પરીખ**

નાઈટિનોલ

નિકલ અને ટિટેનિયમનું સરખા ભાગે મિશ્રણ કરીને નાઈટિનોલ નામની નવી ધાતુની શોધ અમેરિકાના સંશોધક વિલિયમ બ્યુહલરે કરી છે. એને આ ધાતુમાં આકારગત સ્મૃતિ (shape memory)નો નવીન ગુણધર્મ જોવા મળ્યો હતો. આ મિશ્રધાતુને પ્રથમ ગરમી આપો, પછી ઠંડી કરો અને વળી પાછી ગરમ કરતા જાવ તેમ આ મિશ્રધાતુ પોતાનો આકાર બદલવાની ક્ષમતા ધરાવે છે. એનો જૂનો આકાર જાણે એની સ્મૃતિમાં સંઘરાઈ ગયો હોય તેમ એનો ઘાટ પુનઃ મૂળ સ્વરૂપ ધારણ કરી શકે છે. ધાતુના સંશોધનના ઈતિહાસમાં આ એક ક્રાંતિકારી શોધ છે. આ શોધનો ઉપયોગ શો તે તો પ્રથમ વિલિયમ બ્યુહલરને પણ સમજાયું નહોતું. પરંતુ આ ધાતુના સંશોધન પછી લગભગ ૨૫ વર્ષ બાદ આજે અમેરિકામાં અનેક ઉપયોગી ચીજોમાં તેનો ઉપયોગ થાય છે. ઉદાહરણ તરીકે એકાદ ઉપયોગ જોઈએ. દંતચિકિત્સામાં વાંકા દાંતને સીધા કરવા માટે વપરાતો સામાન્ય તાર ક્યારેક વળી જતો હોય છે. આથી દાંત પર આવા તારનું એકધારું દબાણ રહેતું નથી. પરિણામે વારંવાર આવા તારને બદલવો પડે છે. હવે અમેરિકામાં દંતચિકિત્સકો નાઈટિનોલનો તાર ઉપયોગમાં લે છે. આવા તારનો દાંત પ્રમાણે ચોકકસ આકાર નક્કી કર્યાં પછી તેને પ્રથમ ઠંડા પાણીમાં નરમ કરવામાં આવે છે. ત્યારબાદ તેને વાંકા દાંત પર બેસાડી દેવામાં આવે છે. હવે મોઢાની ગરમી પેલા તારને તેના જૂના આકારમાં સ્થિર કરી દે છે. આથી આ તાર દાંત પર બરાબર જડાઈ રહે છે. આમ, આ ધાતુમાં અગાઉનો આકાર પુનઃ પ્રાપ્ત કરી લેવાની સ્મરણશક્તિ છે. આવા બીજા અનેક કામોમાં નાઈટિલોન ધાતુનો હવે ઉપયોગ થવા લાગ્યો છે. ભવિષ્યમાં એ અનેક ઉપયોગમાં આવી શકે. □

જિન્દગી ઝિન્દાદિલી કા નામ હૈ
મુર્દા-દિલ ક્યા ખાક જિયા કરતે હૈ ?

— શેખ ઇમામ બખ્શ —

ખંભાતમાં બ્રાહ્મણોએ મુસ્લિમોને હેરાન કર્યાની તથા એમની એક મસ્જિદ બાળી નાખ્યાની ફરિયાદ આવતાં સિધ્ધરાજ જયસિંહે છૂપે વેશે જાતે ત્યાં જઈને તપાસ કરી અને તેમાં હિંદુઓનો દોષ જણાતાં તેમનો દંડ કરી નવી મસ્જિદ બંધાવરાવી આપી હતી... અને શાહજાદા ઔરંગઝેબે ધર્મના ઝનૂનમાં અમદાવાદમાં ચિંતામણી પાર્શ્વનાથનું મંદિર તોડાવી નાખ્યાના સમાચાર મળતાં શાહજહાંએ તે ફરી બંધાવી આપવાની ઔરંગઝેબને ફરજ પાડેલી.

□

કહેવત

'ઓછું પાત્રને અદકું ભણ્યો' - નાના મનનો માણસ જરા વધારે ભણવાથી ફુલાઈને જે બડાશો હાંકે, હલકા માણસને સત્તા મળવાથી જે રંજાડ કરે અથવા જ્ઞાન, ધન કે શકિત જીરવવાની તાકાત વગરનાને તે મળે ત્યારે જે નુકશાનકારક પરિણામ આવે તેનો ચિતાર આપતા જ્ઞાની કવિ અખાના એક સચોટ છપ્પાનું આ માત્ર પહેલું ચરણ છે. એ છપ્પાનું એક એક ચરણ કહેવત રૂપ છે :

ઓછું પાત્ર ને અદકું ભણ્યો,
વઢકણી વહુએ દીકરો જણ્યો;
મારકણો સાંઢ ને ચોમાસુ મહાલ્યો,
કરડકણી કૂતરીને હડકવા હાલ્યો;
મરકટ ને વળી મદિરા પીએ,
અખા એથી સૌ કોઈ બીએ.

□

મખમલના કપડામાં ગડીઓ - કરચલીઓ પડી ગઈ હોય તો ગરમ પાણીની વરાળ ઉપર એ ધરી રાખવું. વરાળથી ગડી-કરચલીઓ જતી રહેશે ને મખમલ પર ચમક આવશે.

□

જાણો છો? રશિયાની ૨૦ કરોડ જનતાનો સરમુખત્યાર સ્તાલીન માત્ર ૧૦૦૦ રૂબલ એટલે કે ચાળીસેક વર્ષ પહેલાંની કિંમતે ફકત ૪૫૦ રૂપિયા પગાર લેતો હતો અને માત્ર ત્રણ ઓરડીમાં રહેતો હતો. એ જ રીતે ત્યારે જપાનના મુખ્ય પ્રધાન અને સેનાપતિના પગારો ૫૦૦ રૂપિયા જેટલા જ થતા હતા.

□

પ્રાઈમસ ઓલવી નાખ્યા પછી તેના બર્નિંગમાં પિનને ભરાવી રાખવાથી ફરી પ્રાયમસ પેટાવતી વખતે પિન મારવી પડશે નહિ.

□

દેડકો, મગર, હિપોપોટેમસ ઇત્યાદિ જળચર પ્રાણીઓની આંખો માથા પર બહાર પડતી હોય છે, એ એટલા માટે કે એ પ્રાણી પોતે પાણીમાં ડૂબેલું રહી માત્ર આંખો જ પાણીની બહાર કાઢીને જોઈ શકે કે કિનારા ઉપર જવું કે પાણીની બહાર નીકળવું સહીસલામત છે કે નહિ.

□

આવક પર કર લેવાની પધ્ધતિ - ઇન્કમ ટેક્સનો સૌ પ્રથમ પ્રયોગ ૧૭૯૮માં ઇંગ્લેંડમાં શરૂ થયો હતો. તે વખતે યુધ્ધને કારણે થોડા સમય માટે તે કર નાખવામાં આવ્યો હતો.

□

બારી-કબાટના કાચ સાફ કરતી વખતે કપડા ઉપર થોડો સરકો છાંટીને સાફ કરશો તો કાચ ઉપર ઓર ચમક આવશે.

□

રસોડાનાં કબાટોમાં બહુ મોટાં ખાનાંમાં નાનાંમોટાં કદનાં ખોખાં ગોઠવીને કે પાતળા પાટિયાની છાજલી ભેરવીને નાનીનાની ચીજવસ્તુઓને અલગ અલગ મૂકવાની ગોઠવણ કરી શકાય.

□

Certainly Shivaji was Aurangzeb's enemy yet he kept away from destroying mosques till expiration.

વ્યાકરણની રીતે આ વાક્ય ખરું છે. એમાં એકે 'આર્ટિકલ' નથી, અને વધુ તો એ કે એમાં અંગ્રેજીના છવ્વીસે મૂળાક્ષરો આવી જાય છે.

□

છપ્પન દિવસના અંતરે સ્વીડનમાં એક ઓસ્ટ્રેલિયન માતાએ બે બાળકોને જન્મ આપેલો. એકનો જન્મ ૧૭ ડિસેમ્બર ૧૯૫૨માં થયો અને બીજાનો ૧૦ ફેબ્રુઆરી ૧૯૫૩ના રોજ.

□



કલાકણિકા : ઇસ્વીસનની આશરે બીજી સદીના અરસાનો સાસાનીઅન કાળનો ચાંદીનો એક ચંબૂ. આ સાસાનીઅન સમયની કલાકારીગરીનો ચીનના કલાકૌશલ પર પણ પ્રભાવ પડ્યો હતો.

□